# દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 90 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ચૈત્ર વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 April 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧૭ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

લાડકી પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u





સૌરાષ્ટ્ર આવૃત્તિ
દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 90 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 April 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૧૭ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સોના, ચાંદીના ભાવમાં ભારે તેજી

**ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ₹ ૧૪૭૧થી ૧૪૭૭ના ઉછાળા સાથે ₹ ૯૪,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા**

## સ્થાનિકમાં સોનું ₹ ૧૩૮૭ ઝળકીને ₹ ૯૪,૦૦૦ની પાર, ચાંદી ₹ ૧૫૪૫ ઊછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ટ્રેડ વૉરની ચિંતા અને ટ્રેડ વૉરની વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પર માઠી અસર પડવાની ભીતિને કારણે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક માગને ટેકે એક તબક્કે હાજરમાં ભાવ વધીને ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની સપાટી કુદાવીને ૩૩૧૭.૯૦ ડૉલર સુધી ક્વૉટ થઈને પાછા ફર્યા હતા. તેમ છતાં આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ભાવ અંદાજે ૨.૨ ટકા જેટલા ઉછાળા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ બે ટકા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૭૧થી ૧૪૭૭ના ઉછાળા સાથે રૂ. ૯૪,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૫૪૫ની તેજી આવી હતી.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ છૂટીછવાઈ રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ ભાવ કિલોદીઠ રૂ. ૧૫૪૫ની તેજી સાથે રૂ. ૯૬,૫૭૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હતો અને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૭૧ના ઉછાળા સાથે રૂ. ૯૪,૨૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૪૭૭ના ઉછાળા સાથે રૂ. ૯૪,૫૭૯ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં ઝડપી ઉછાળો આવતા (જુઓ પાનું ૨) ▶▶

# ગુજરાત સરકારે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું વધાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે કર્મચારીઓને મોટી ભેટ આપી હતી. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સરકારી કર્મચારીઓના હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેતા છઠ્ઠા અને સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્યના સરકારી કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયના કારણે સરકારી કર્મચારીઓમાં આનંદ છવાયો હતો. છેલ્લા ઘણા સમયથી સરકારી કર્મચારીઓ મોંઘવારી ભથ્થામાં વધારો થયા તેની રાહ જોઈ રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં રાજ્ય સરકારે ડિસેમ્બર, ૨૦૨૪માં ૧ જુલાઈ ૨૦૨૪થી ૩ ટકાનો વધારો કરી ૫૩ ટકા મોંઘવારી ભથ્થું મંજૂર કર્યું હતું. છઠ્ઠા તેમજ સાતમા પગારપંચનો લાભ મેળવતા રાજ્ય સેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી ૪.૭૮ લાખ કર્મચારી અને ૪.૮૧ લાખ પેન્શનર્સને લાભ મળશે. એટલે કુલ મળીને ૯.૫૯ લાખ સરકારી કર્મચારીને મોંઘવારી ભથ્થાનો લાભ મળવાનો છે. આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જાન્યુઆરી (જુઓ પાનું ૨) ▶▶

# મુંબઈ, અમદાવાદમાં મહાદેવ બૅટિંગ ઍપ સંદર્ભે દરોડા

નવી દિલ્હી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મહાદેવ ઓનલાઈન બેટિંગ એપ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસના સંબંધમાં ઈસમાયટ્રિપના સંસ્થાપક નિશાંત પીટ્ટીના ઠેકાણા સહિત મુંબઈ, દિલ્હી, ચંડીગઢ. અમદાવાદ (ગુજરાત), ઈંદોર (મધ્ય પ્રધેશ), જયપુર (રાજસ્થાન) ચેન્નઈ (તમિળનાડુ) અને સંબલપુર (ઓડિશા) એમ અનેક રાજ્યોના ઠેકાણામાં દરોડા પાડવામાં આવ્યા હતા.

ઓનલાઈન ટ્રાવેલ બુકિંગ પ્લેટફોર્મ ઈસમાય ટ્રિપના સંસ્થાપક અને ચેરમેન નિશાંતના ઠેકાણા પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

ઈડીએ દાવો કર્યો હતો કે એપને સાંકળતા ગેરકાયદે ઓપરેશન અને નાણાકીય સોદામાં છત્તીસગઢના ટોચના રાજકારણી અને અમલદારો સંડોવાયેલા છે. આ કેસમાં ભૂતકાળમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

એપના બે મુખ્ય પ્રમોટર સૌરભ ચંદારકર અને રવિ ઉપ્પલ છત્તીસગઢના છે. (એજન્સી) ■

# અમદાવાદની બૅન્કનું લાઈસન્સ રદ

મુંબઈ: રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બુધવારે કહ્યું હતું કે અમે અમદાવાદસ્થિત ‘કલર મર્ચન્ટ્સ કો-ઓપરેટિવ બૅન્ક’નો પરવાનો રદ કર્યો છે. બૅન્ક પાસે પૂરતી મૂડી કે કમાણીની સંભાવના નહિ હોવાથી પરવાનો રદ કરવામાં આવ્યો છે. આબીઆઈએ એક નિવેદનમાં કહ્યું હતું કે ગુજરાતના સહકારી સોસાયટીઓના રજિસ્ટ્રારને પણ આ બૅન્ક બંધ કરવા તથા લિક્વિડેટરની નિમણૂક કરવાની વિનંતી કરાઇ હતી. બૅન્ક ફડચામાં જતાં દરેક ડિપોઝિટરને ડિપોઝિટ ઈન્સ્યૂરન્સ ઍન્ડ ક્રેડિટ કોર્પોરેશન તરફથી પોતાની ડિપોઝિટ પેટે વીમાના દાવાની રકમ મળશે જેમાં ટોચમર્યાદા પાંચ લાખ રૂપિયાની હશે.

આરબીઆઈએ વધુમાં જણાવ્યું હતું કે સહકારી બૅન્કે આપેલી માહિતી પ્રમાણે ૯૮.૫૧ ટકા ખાતેદારોને કોર્પોરેશન તરફથી પૂરી રકમ મળશે. (એજન્સી) ■

**શૂટિંગના વર્લ્ડ કપમાં ભારતીય મહિલાઓનો સપાટો**

# સુરુચિ ગોલ્ડ જીતી અને મનુ ભાકરે સિલ્વર મેળવ્યો

લિમા (પેરુ): ભારતની માત્ર ૧૮ વર્ષની શૂટર સુરુચિ ઇન્દર સિંહે અહીં શૂટિંગના આઇએસએસએફ વર્લ્ડ કપમાં કમાલ કરી છે. તેણે ૧૦ મીટર ઍર પિસ્તોલ ઇવેન્ટમાં સતત બીજી વખત ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. બીજી તરફ, ગયા વર્ષે પૅરિસ ઑલિમ્પિક્સમાં બે મેડલ જીતનાર ભારતની જ મનુ ભાકર આ જ ઇવેન્ટમાં બીજા નંબરે આવીને સિલ્વર મેડલ જીતી હતી. એ સાથે, આ ઇવેન્ટમાં ભારતીય શૂટરનું પ્રભુત્વ સાબિત થયું હતું.

ટીનેજ શૂટર સુરુચિ સિંહે ૨૪ શૉટની ફાઇનલમાં ૨૪૩.૬ પૉઇન્ટ મેળવ્યા હતા. મનુ ભાકર (૨૪૨.૩ પૉઇન્ટ) તેનાથી માત્ર ૧.૩ પૉઇન્ટ પાછળ રહી ગઈ હતી અને બીજા ક્રમે આવતાં રનર-અપ બની હતી. ચીનની યાઓ કિઆનક્સૂને બ્રૉન્ઝ જીતી લીધો હતો.

સુરુચિ તથા મનુ ભાકરે ગોલ્ડ તથા સિલ્વર મેળવ્યો ત્યાં પુરુષોના વર્ગમાં ૧૦ મીટર ઍર પિસ્તોલ ઇવેન્ટમા (જુઓ પાનું ૨) ▶▶




વર્લ્ડ ચૅમ્પિયન બનેલી સુરુચિ સિંહ (જમણે) અને રનર-અપ મનુ ભાકર. (પીટીઆઇ)

# હિંદુઓના ટ્રસ્ટમાં મુસલમાનોને સભ્ય બનવા દેશો?: કોર્ટ

## વક્ફ કેસની વધુ સુનાવણી આજે

નવી દિલ્હી: વક્ફ એમેન્ડમેન્ટ ઍક્ટ ૨૦૨૫ની બંધારણીય કાયદેસરતાને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે બુધવારે કેન્દ્ર સરકારને સવાલ કર્યો હતો કે શું હિંદુ ધાર્મિક ટ્રસ્ટમાં મુસલમાનોને સભ્ય બનવાની સરકાર પરવાનગી આપશે?

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજયકુમાર તેમ જ કે. વી. વિશ્વનાથને કેન્દ્ર સરકાર વતી ઉપસ્થિત રહેલા એટર્ની જનરલ તુષાર મહેતાને સવાલ કર્યો હતો કે રજિસ્ટ્રેશન કરાવવા માટે અનેક લોકો પાસે જરૂરી દસ્તાવેજો નહીં હોય તેવા ‘વક્ફ બાય યુઝર્સ’ને તમે કઈ રીતે રોકશો.

લાંબા સમયથી, કોઈપણ પ્રકારની રોકટોક વિના યોગ્ય આશય માટે ઉપયોગમાં લેવાતી અને વક્ફ કે માલિક દ્વારા ઔપચારિક કે લેખિત જાહેરાત ન કરવામાં આવી હોય તેવી મિલકતને ‘વક્ફ બાય યુઝર્સ’ (વકફ)ની મિલકત માનવામાં આવે છે. આવી મિલકતની નોંધણી તમે કઈ રીતે કરશો? તેમની પાસે ક્યા દસ્તાવેજો હશે? કોઈ વખત આવી મિલકતોનો (જુઓ પાનું ૨) ▶▶

# રાજકોટ સિટી બસ અકસ્માતમાં ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના રાજકોટમાં સિટી બસચાલકે અકસ્માત સર્જ્યો હતો. જેમાં ચાર લોકોનાં મોત જ્યારે ચાર લોકો ઘાયલ થયા હતા. રાજકોટના કેકેવી ચોક પાસે પૂરઝડપે આવી રહેલી સિટી બસે આઠ લોકોને અડફેટે લીધા હતા. આ અકસ્માત બાદ બેકાબૂ બનેલાં ટોળાએ સિટી બસમાં તોડફોડ કરી હતી. સિટી બસચાલકને પણ માર માર્યો હતો. આ અકસ્માતની જાણ થતા જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી હતી.

જે ચાર લોકોનાં મૃત્યુ થયાં હતાં તેમની ઓળખ કરવામાં આવી હતી, મૃતકોમાં (૧) રાજકોટ મહાનગરપાલિકાના ઓડિટ શાખાના કર્મચારી રાજુભાઈ મનુભાઈ ગીડા, ઉંમર વર્ષ ૩૫, (૨) સંગીતાબેન ધનરાજભાઈ ચૌધરી, ઉંમર વર્ષ-૪૦, (જુઓ પાનું ૨) ▶▶




**ભારે વરસાદ:** તમિળનાડુના તિરુવાલૂર જિલ્લાના પૂનેરીમાં બુધવારે થયેલા ભારે વરસાદ બાદ રેલવે બ્રિજ ઓળંગી રહેલા પ્રવાસીઓ. (એજન્સી)

# ભારતમાંના ૨૯ લાખ અકાઉન્ટ સસ્પેન્ડ કરતું ગૂગલ

## ૨૪.૭૪ કરોડ જાહેરખબર કાઢી નાખી

નવી દિલ્હી: ઈન્ટરનેટ જાયન્ટ ગૂગલે એની જાહેરખબરની નીતિનો દુરુપયોગ કરવા બદલ ભારતમાં ૨૯ લાખ વિજ્ઞાપનકારના અકાઉન્ટ સસ્પેન્ડ કર્યા હતા અને ૨૪.૭૪ કરોડ જાહેરખબર દૂર કરી હતી, એમ અહેવાલમાં બુધવારે જણાવ્યું હતું.

ગૂગલે વૈશ્વિક રીતે ૩.૯૨ વિજ્ઞાપનકારના ખાતા સસ્પેન્ડ કર્યા હતા અને ૯.૧ અબજ જાહેરખબર દૂર કરી હતી, એવી માહિતી કંપની વાર્ષિક એન્યુઅલ એડ્સ સેફ્ટી રિપોર્ટમાં આપવામાં આવી હતી.

અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ભારતમાં ૨૯ લાખ વિજ્ઞાપનકારના અકાઉન્ટ સસ્પેન્ડ કર્યા હતા અને ૨૪.૭૪ કરોડ જાહેરખબર દૂર કરી હતી. કંપનીએ કહ્યું હતું કે ૨૦૨૪માં ગૂગલે લાર્જ લેન્ગવેજ મૉડેલ (એલએલએમ)માં ૫૦ એન્હાન્સમેન્ટ લોન્ચ કરી હતી. આનાથી ખરાબ એક્ટરને શોધવામાં અને બનાવટી સિગ્નલ જેવા કે અકાઉન્ટના સેટ અપ વખતે ગેરકાયદે નાણા ચુકવણી જેવી સંકીર્ણ (જુઓ પાનું ૨) ▶▶

# મુંબઈ, અમદાવાદમાં ઘરનું વેચાણ ઘટ્યું

નવી દિલ્હી: દેશના આઠ મુખ્ય શહેરોમાં જાન્યુઆરીથી માર્ચ મહિનાના સમયગાળામાં ઘરોનું વેચાણ વાર્ષિક ૧૯ ટકા ઘટીને ૯૮,૦૯૫ થયું હોવાનું જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. વધારેપડતી કિંમત અને નવા ઓછા પ્રોજેક્ટ લૉન્ચિંગને કારણે ઘરોનાં વેચાણમાં ઘટાડો થયેલો જોવા મળ્યો હતો.

જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ જાન્યુઆરીથી માર્ચના સમયગાળામાં અમદાવાદમાં ઘરોનું વેચાણ અગાઉના વર્ષના આ જ સમયગાળામાં વેચાયેલા ૧૨,૯૧૫ ઘરથી ઘટીને માત્ર ૧૦,૭૩૦ થઈ ગયું હતું જે ઘરના વેચાણમાં ૧૭ ટકાનો ઘટાડો સૂચવે છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એણએમઆર)માં ઘરોનું વેચાણ અગાઉના વર્ષના આ જ સમયગાળામાં વેચાયેલા ૪૧,૫૯૪ ઘરથી ઘટીને ૩૦,૭૦૫ થઈ ગયું (જુઓ પાનું ૨) ▶▶

# અમેરિકાએ ચીનના સામાન પર ૨૪૫ ટકા સુધીની ટૅરિફ લાદી

વૉશિંગ્ટન: ચીને અમેરિકા સામે જવાબી કાર્યવાહી કરી હોવાથી ચીને અમેરિકાને મોકલેલા સામાન પર હવે ૨૪૫ ટકા ટૅરિફ લાદવામાં આવી છે, એવી માહિતી વાઈટ હાઉસે આપી હતી. વિશ્વની બે આર્થિક મહાસત્તાઓ વચ્ચે ટૅરિફ વૉર શરૂ થયું છે. ટ્રુથ સોશિયલમાં પર મૂકેલી પોસ્ટમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે ચીને હાલમાં જ બોઈંગ ડીલમાંથી ખસી ગયું છે. ચીને કહ્યું છે કે તે વિમાનની ડિલિવરી નહીં લે.

ટ્રમ્પ આ રીતે એ અહેવાલોને સમર્થન આપી રહ્યા છે કે ચીને એરલાઈન્સોને અમેરિકન વિમાન કંપની બોઈંગ પાસેથી વિમાનની ડિલિવરી ન લેવાનું કહ્યું છે. ટ્રમ્પે તેમની પોસ્ટમાં અમેરિકા અને ખેડૂતોને તેમના દુશ્મન સાથે તેના ટ્રેડ વૉરમાંથી બચાવવાનું વચન આપ્યું હતું.

મંગળવારે બહાર પડાયેલી ફેક્ટ શીટમાં વાઈટ હાઉસે કહ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પે અમેરિકાના અગત્યના ખનીજો અને ડેરિવેટિવ પ્રોડક્ટસમાં આયાતી માલ પરના અવલંબનને લીધે ઊભા થતા રાષ્ટ્રીય સુરક્ષા સામેના ભયની તપાસ કરવાના વહીવટી હુકમ પર સહી કરી છે.

વાઈટ હાઉસે કહ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પે પહેલા જ દિવસે અમેરિકાના અર્થતંત્રને મહાન બનાવવા તેમની અમેરિકા ફર્સ્ટ ટ્રેડ પૉલિસીની શરૂઆત કરી હતી. ૭૫થી વધુ દેશે નવી વેપાર સંધી કરવા અમારો સંપર્ક કર્યો છે. હાલમાં ચીન સિવાયના દરેક દેશના રેસિપ્રોકલ ટૅરિફને સ્થગિત કરવામાં આવ્યા છે. સામે વળતા પગલાં લેનાર ચીન પર ૨૪૫ ટકા ટૅરિફ નાખવામાં આવ્યો છે.

ચીન એક માત્ર એવો દેશ છે જેણે અમેરિકા પર જવાબી ટૅરિફ નાખ્યો છે.

ચીને શુક્રવારે અમેરિકાના ૧૪૫ ટકા ટૅરિફના જવાબમાં અમેરિકી માલ પર ૧૨૫ ટકા ટૅરિફ લાદી હતી. ચીને ડબ્લ્યુટીઓમાં પણ કેસ નોંધાવ્યો છે. દરમિયાન ચીને બુધવારે આંતરરાષ્ટ્રીય વાતચીતમાં દાયકાનો અનુભવ ધરાવતા અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના ચીનના ભૂતપૂર્વ રાજદૂત લિ ચેનગાન્ગને વાણિજય મંત્રાલયના આંતરરાષ્ટ્રીય વેપાર પ્રતિનિધિ તેમ જ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં રાજદૂત તરીકે નિમણૂક કરી છે.

ટ્રમ્પે કહ્યું છે કે ટૅરીફ મડાગાંઠ ઉકેલવા માટે ડીલ કરવાનો બોલ બીજિંગની કોર્ટમાં છે. આ હિલચાલ બતાડે છે કે ચીન અમેરિકા સાથે મંત્રણા કરવા તૈયાર છે. (એજન્સી) ■

# કાઠમંડુ એરપોર્ટ પર વિમાનનું ઇમરજન્સી લેન્ડિંગ

કાઠમંડુ:૧૨ ભારતીયોને લઇને જઇ રહેલા એક વિમાનનું બુધવારે હાઇડ્રોલિક સિસ્ટમમાં ખામી સર્જાતા કાઠમંડુ એરપોર્ટ પર ઇમરજન્સીમાં લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. એરલાઇન્સના એક અધિકારીએ કહ્યું હતું કે માઉન્ટ એવરેસ્ટ ક્ષેત્રના લુકલાથી કાઠમંડુથી લગભગ ૧૪૦ કિલોમીટર દક્ષિણપૂર્વમાં આવેલા રામેછાપ જઇ રહેલા ખાનગી એરલાઇન સીતા એરના વિમાનમાં ટેકનિકલ ખામીની જાણ થયા બાદ ત્રિભુવન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફ વાળવામાં આવ્યું હતું.

અધિકારીએ કહ્યું કે ડોર્નિયર વિમાનમાં ૧૨ ભારતીય, બે નેપાળી અને ત્રણ ક્રૂ સભ્યો સવાર હતા અને એરપોર્ટ પર લેન્ડ થયા બાદ તેને ટ્રેક્ટરની મદદથી પાર્કિંગ સુધી લઇ જવામાં આવ્યું હતું. અધિકારીએ કહ્યું કે કોલ સાઇન ૯એન-એઆઇઇ ધરાવતા વિમાનમાં હાઇડ્રોલિક દબાણ ઓછું હોવાનો સંકેત મળ્યો હતો. વિમાનમાં સવાર તમામ મુસાફરો અને ક્રૂ સભ્યો સુરક્ષિત છે.

# દેશના મુખ્ય ન્યાયાધીશ બનશે જસ્ટિસ બી.આર. ગવઇ

નવી દિલ્હી: ભારતના મુખ્ય ન્યાયાધીશ(સીજેઆઇ) સંજીવ ખન્નાએ બુધવારે કેન્દ્રને આગામી સીજેઆઇ તરીકે ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઇના નામની ભલામણ કરી છે.

સીજેઆઇ ખન્ના બાદ સુપ્રીમ કોર્ટના બીજા સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ ગવઇ ૧૩ મેના રોજ સીજેઆઇ ખન્નાની નિવૃત્તિ બાદ ૧૪ મેના રોજ ૫૨મા સીજેઆઇ બનશે. ૨૪ મે, ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી પામેલા જસ્ટિસ ગવઇનો મુખ્ય ન્યાયાધીશ તરીકે છ મહિનાથી વધુનો કાર્યકાળ રહેશે. તેઓ ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નિવૃત્ત થવાના છે.

ગયા વર્ષે ૧૧ નવેમ્બરના રોજ ૫૧મા સીજેઆઇ તરીકે શપથ ગ્રહણ કરનારા સીજેઆઇ ખન્નાએ જસ્ટિસ ગવઇને આગામી સીજેઆઇ તરીકે નિયુક્ત કરવા માટે કાયદા મંત્રાલયને ભલામણ કરી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની નિવૃત્તિ વય ૬૫ વર્ષ છે. ૨૪ (જુઓ પાનું ૨) ▶▶

# ભારત સહિત પાંચ દેશમાં ભૂકંપના આંચકા

નવી દિલ્હી: બુધવારે લગભગ દોઢ કલાકના સમયગાળામાં, પાંચ દેશમાં એક પછી એક ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર(એનસીએસ)એ જણાવ્યું હતું કે બુધવારે સવારે ભારત, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, તિબેટ અને ઓસ્ટ્રેલિયામાં એક પછી એક ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

બુધવારે સવારે લગભગ ૩.૫૦ વાગ્યે, તિબેટમાં રિક્ટર સ્કેલ પર ૪.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, એમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

ભૂકંપનું કેન્દ્રબિંદુ ૨૭.૮૭ઓ ઉત્તર અક્ષાંશ અને ૮૭.૬૫ઓ પૂર્વ રેખાંશ પર ૨૬ કિમીની ઊંડાઈએ સ્થિત હતું.

લગભગ ૫૦ મિનિટ પછી, અફઘાનિસ્તાનના હિન્દુકુશ ક્ષેત્રમાં ૫.૯ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ ભારતીય સમય મુજબ સવારે ૪:૪૩ વાગ્યે આવ્યો હતો.

એજન્સી મુજબ, ભૂકંપ ૭૫ કિમીની ઊંડાઈએ આવ્યો હતો. ""EQ of M: ૫.૯, તારીખ: ૧૬/૦૪/૨૦૨૫ ૦૪:૪૩:૫૮ (આઈએસટી) અક્ષાંશ: ૩૫.૮૩ ઉત્તર, લાંબો: ૭૦.૬૦ પૂર્વ, ઊંડાઈ: ૭૫ કિમી, સ્થાન: હિન્દુકુશ, અફઘાનિસ્તાન, એમ એનસીએસ એ એક્સ પર પોસ્ટ કર્યું હતું.

થોડીવાર પછી, સવારે ૫:૦૭ વાગ્યે, બાંગ્લાદેશમાં ૨.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપ ૨૪.૮૯ઓ ઉત્તર અક્ષાંશ અને ૯૧.૧૬ઓ પૂર્વ રેખાંશ પર ૧૪ કિમીની ઊંડાઈએ આવ્યો હતો.

ભારતીય સમય મુજબ સવારે ૫:૧૪ વાગ્યે, ભારતના જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં કિશ્તવાડમાં ૨.૪ ની તીવ્રતાનો ભૂકંપ (જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નેશનલ હેરલ્ડ કેસઃ નહેરુ-ગાંધી ખાનદાન દૂધે ધોયેલું નથી

**નહેરુ-ગાંધી** ખાનદાનનો કહેવાતો ભ્રષ્ટાચાર ફરી ચર્ચામાં છે. એક તરફ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ નેશનલ હેરલ્ડ અખબાર અને એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડ (AJL)ને લગતા કેસમાં પ્રથમ ચાર્જશીટ દાખલ કરી છે તો બીજી તરફ કૉંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાની ગુરુગ્રામના શિકોહપુર જમીન કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા છેલ્લા બે દિવસથી પૂછપરછ ચાલી રહી છે.

નેશનલ હેરાલ્ડ કેસમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સામ પિત્રોડા અને સુમન દુબે સામે મની લોન્ડરિંગના આરોપો મુકાયા છે. ઈડીના ચાર્જશીટ સાથે લાંબા સમયથી ઠપ્પ નેશનલ હેરલ્ડ કેસ આગળ ચાલ્યો છે. ૨૦૧૨માં ભાજપના નેતા સુબ્રહ્મણ્યમ સ્વામીએ સોનિયા, રાહુલ અને તેમની સહયોગી કંપનીઓ સાથે સંકળાયેલા લોકો સામે નેશનલ હેરલ્ડ અખબારના માલિક એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડ (AJL)નાં નાણાં સગેવગે કરવાના આક્ષેપ સાથે ફરિયાદ કરી ત્યારથી આ કેસ ચાલે છે.

સ્વામીએ ફરિયાદ કરી ત્યારે તો કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી એટલે કશું નક્કર થવાનો સવાલ જ નહોતો ઉઠતો, પણ ભાજપની સરકાર આવી પછી પણ આ કેસમાં બહુ પ્રગતિ થઈ નથી. નરેન્દ્ર મોદી ૧૧ વર્ષથી વડા પ્રધાન છે અને આ દરમિયાન વાત ચાર્જશીટ દાખલ કરવા સુધી જ પહોંચી છે. ૨૦૨૨માં જૂનમાં આ કેસમાં રાહુલ ગાંધીની ૫ દિવસમાં ૫૦ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. એ પછી ૨૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ સોનિયા ગાંધીની ૩ દિવસમાં ૧૨ કલાક પૂછપરછ કરવામાં આવી.

આ પૂછપરછમાં રાહુલ અને સોનિયાને ૧૦૦થી વધુ સવાલો પૂછવામાં આવ્યા હતા. નવેમ્બર ૨૦૨૩માં ઈડીએ એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડના ૯૦.૨ કરોડ રૂપિયાના શેર જપ્ત કર્યા હતા કે જેથી આરોપીઓ શેર વેચીને કોઈ રોકડી ના કરી શકે. એ પછી ઈડી તરફથી કોઈ સળવળાટ નહોતો. હવે દોઢ વર્ષ પછી અચાનક ઈડી ફરી જાગી છે.

ઈડીએ ૧૨ એપ્રિલે તપાસ દરમિયાન ટાંચમાં લેવાયેલી મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી હતી ને દિલ્હી, લખનઊ અને મુંબઈમાં ૬૬૧ કરોડ રૂપિયાની સ્થાવર મિલકતોનો કબજો લેવા માટે નોટિસ આપી હતી. મુંબઈના બાંદ્રામાં આવેલા હેરલ્ડ હાઉસના ત્રણ માળ જિંદાલ સાઉથ વેસ્ટ પ્રોજેક્ટ્સ લિમિટેડને ભાડે અપાયેલા છે. ઈડીએ માસિક ભાડા/લીઝની રકમ ઈડીના ખાતામાં જમા કરાવવા નોટિસ પાઠવી છે. આ ઉપરાંત દિલ્હીમાં ૫અ, બહાદુરશાહ ઝફર માર્ગ ખાતે આવેલા હેરાલ્ડ હાઉસ, મુંબઈમાં બાંદ્રા (પૂર્વ)માં આવેલા હેરાલ્ડ હાઉસ અને લખનઊમાં વિશ્વેશ્વર નાથ રોડ પરની એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડની ઇમારતો પર નોટિસ લગાવાઈ છે.

કૉંગ્રેસે રાબેતા મુજબ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર કિન્નાખારી અને રાજકીય બદલાની ભાવનાથી કામ કરી રહી હોવાની રેકર્ડ વગાડી છે. જયરામ રમેશે ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું છે કે આ વડા પ્રધાન અને ગૃહમંત્રીની બદલાની રાજનીતિ છે. નેશનલ હેરાલ્ડની સંપત્તિ જપ્ત કરવી એ કાયદાના શાસનનો ઢોંગ કરીને સરકાર દ્વારા આચરાઈ રહેલો ગુનો છે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કેટલાક અન્ય લોકો સામે ચાર્જશીટ દાખલ કરવી એ વડા પ્રધાન અને ગૃહમંત્રીની બદલાની રાજનીતિ અને ધાકધમકી સિવાય બીજું કંઈ નથી પણ કૉંગ્રેસ અને તેનું નેતૃત્વ ચૂપ રહેશે નહીં. સત્યમેવ જયતે. વાડ્રાનો પણ દાવો છે કે, હું લોકોનો અવાજ ઉઠાવીશ ત્યારે આ લોકો મને દબાવશે અને એજન્સીઓનો દુરુપયોગ કરશે.

નહેરુ-ગાંધી ખાનદાન કૉંગ્રેસ માટે માઈ-બાપ છે તેથી કૉંગ્રેસ આ કાર્યવાહી સામે બોલવાની એ નક્કી છે. કૉંગ્રેસને તેનો અધિકાર પણ છે, પણ નેશનલ હેરાલ્ડ કેસમાં નહેરુ-ગાંધી ખાનદાન શંકાના દાયરામાં છે જ. એ જ રીતે વાડ્રા પણ જમીન કૌભાંડમાં ખરડાયેલા તો છે જ.

ઈડી તો અત્યારે કાર્યવાહી કરી રહી છે પણ આ મુદ્દો મૂળ તો ભાજપના નેતા સુબ્રહ્મણ્યમ સ્વામીએ ઉઠાવેલો અને સ્વામીએ અત્યાર સુધી આપેલી વિગતોને જોતાં નહેરુ-ગાંધી ખાનદાન સાવ દૂધે ધોયેલો છે એવું છાતી ઠોકીને કહી શકાય તેમ નથી. સુબ્રહ્મણ્યમ સ્વામીએ ૨૦૧૨માં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં અરજી કરીને સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મોતીલાલ વોરા, ઓસ્કાર ફર્નાન્ડિઝ, સામ પિત્રોડા અને સુમન દુબે પર છેતરપિંડી અને નાણાકીય ઉચાપત કરીને ખોટમાં ચાલી રહેલા નેશનલ હેરલ્ડ અખબારને હડપ કરવાનો આક્ષેપ મૂક્યો હતો.

સ્વામીનો આક્ષેપ હતો કે, કૉંગ્રેસના નેતાઓએ નેશનલ હેરાલ્ડની મિલકતો પર કબજો કરવા માટે યંગ ઈન્ડિયન લિમિટેડ ઓર્ગેનાઈઝેશન બનાવીને તેના દ્વારા ગેરકાયદે રીતે એસોસિયેટેડ જર્નલ લિમિટેડ (AJL) હસ્તગત કરી. એજેએલ નેશનલ હેરલ્ડની પબ્લિશર કંપની છે. સ્વામીનો આક્ષેપ છે કે દિલ્હીના બહાદુરશાહ ઝફર માર્ગ પરનું ૨૦૦૦ કરોડ રૂપિયાનું હેરલ્ડ હાઉસ બિલ્ડિંગ પચાવી પાડવા આ કારસો કરાયો હતો. આ કારસાના ભાગરૂપે ૨,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતી કંપની માત્ર ૫૦ લાખ રૂપિયામાં ખરીદી લેવાઈ. સ્વામીએ આ ઠગાઈ બદલ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને આ કેસમાં બીજા કૉંગ્રેસીઓ સામે ફોજદારી કાર્યવાહીની માગ કરી હતી.

કૉંગ્રેસની સરકાર હતી ત્યારે તો કોર્ટે કંઈ ના કર્યું પણ ૨૦૧૪ના મેમાં ભાજપની સરકાર આવી કે તરત જૂન ૨૦૧૪માં કોર્ટે સોનિયા, રાહુલ અને અન્ય આરોપીઓને સમન્સ મોકલ્યા. ઓગસ્ટ ૨૦૧૪માં ઈડીએ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો. ડિસેમ્બર ૨૦૧૫માં દિલ્હીની પટિયાલા કોર્ટે સોનિયા અને રાહુલ સહિત તમામ આરોપીઓને જામીન આપ્યા પછી બધા આરોપી જામીન પર છે.

પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા પણ હરિયાણામાં કરેલા જમીન સોદા મામલે શંકાના દાયરામાં છે. આ કેસમાં ફેબ્રુઆરી ૨૦૦૮માં રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઇટ હોસ્પિટાલિટીએ ગુરુગ્રામના શિકોહપુરમાં ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ૭.૫ કરોડ રૂપિયામાં ૩.૫ એકર જમીન ખરીદી હતી. એ વખતે કૉંગ્રેસના ભૂપિન્દર સિંહ હુડ્ડા હરિયાણાના મુખ્યમંત્રી હતા.

હરિયાણા સરકારે વાડ્રાને ૨.૭ એકર જમીન પર કોમર્શિયલ કોલોની બનાવવા મંજૂરી આપી હતી પણ વાડ્રાની કંપનીએ કોલોની બનાવવાને બદલે આ જમીન ડીએલએફને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દીધી. વાડ્રાએ ગણતરીના મહિનામાં લગભગ ૫૦ કરોડ રૂપિયાનો નફો રળી લીધો. ૨૦૧૨માં હરિયાણાના આઈએએસ અધિકારી અશોક ખેમકાએ જમીન સોદામાં ગરબડના મુદ્દે જમીનની માલિકીનું ટ્રાન્સફર રદ કર્યું એ સાથે જ આ મુદ્દો ગાજ્યો. ખેમકાએ દાવો કર્યો હતો કે, આ પ્રક્રિયા નિયમો વિરુદ્ધ કરાઈ હતી અને ભ્રષ્ટાચારની આશંકા છે.

નેશનલ હેરલ્ડ અને વાડ્રાના જમીન સોદાનો કેસ બંનેમાં પહેલી નજરે ભ્રષ્ટાચાર દેખાય જ છે એ જોતાં રાજકીય કિન્નાખોરીની વાતોમાં દમ નથી પણ ઈડી બહુ ધીમી ગતિએ આગળ વધી રહી છે એ પણ હકીકત છે. બંને કેસ બહાર આવ્યા એ વાતને ૧૩ વર્ષ થઈ ગયાં ને ૧૩ વર્ષમાં કશું નક્કર થયું નથી. બાકી આટલા સમયમાં તો કેસ પતી જાય ને દોષિતોને સજા પણ થઈ જાય.

ઈડી કેમ સ્લો છે ? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૧૭-૪-૨૦૨૫, વિંછુડો

- ભારતીય દિનાંક ૨૭, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧લો ફરવરદીન,સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૪ સુધી (તા. ૧૭મી), પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક.૧૪-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૫ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૨, રાત્રે ક. ૨૦-૧૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - ચતુર્થી. ચતુર્થી. વિંછુડો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી, પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક ગુરુ-શનિ દેવતાનું પૂજન, અગ્નિ દેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, મુંડન કરાવવું નહીં. મહેંદી લગાવવી, યંત્ર, દસ્તાવેજ, પશુ લે-વેંચ, દુકાન-વેપાર, ખેતીવાડીના નિત્ય થતાં કામકાજ, સ્થાવર મિલકત લેવડદેવડના નિત્ય થતાં કામકાજ, બી વાવવું, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા.
- આચમનઃ બુધ-નેપ્ચૂન યુતિ નૈસર્ગિક સમજશક્તિવાળી, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ દંભી સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ બુધ-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# લૉર્ડ ઑફ ધ ડે ઑફ જજમેન્ટઃ યવ્મીદ્દીન - ન્યાયના દિવસના માલિકની ચેતવણીને અવગણશો નહીં

**દીને** ઈસ્લામના આગમન પહેલાં લોકો અલ્લાહને માનતા - સમજતા નહોતા. બીજી વસ્તુઓને માનતા હતા. અને કયામત (ન્યાયનો દિવસ, આખરી નિર્ણય; પ્રલય)ના ઈન્કારી હતા ત્યારે અલ્લાહતઆલાએ હઝરત મુહંમ્મદ સાહેબને આ ધરતી પર લોકોને સન્માર્ગ દેખાડવા પોતાના ખાસ દૂત બનાવી મોકલ્યા અને આ આયાત (શ્લોક, કથન, વાક્ય) વહી આપ હુઝૂરે અનવર પર મોકલીઃ

'તેની નિશાનીઓમાંથી તમે જુઓ છો કે ધરતી સૂકી છે, પછી જ્યારે અમે તેની પર પાણી વરસાવીએ છીએ ત્યારે તે હરકત (ગતિ, ચેષ્ટા, સ્પંદન)માં આવે છે ફૂલેફૂલે છે, વધે છેઃ

'નિશંક તે ધરતીને જેણે જીવતી કરી તે જ મડદાંઓને પણ જીવતાં કરશે.

'બેશકઃ તે દરેક કાર્ય કરવા શક્તિમાન છે...!' (અરબીનો ગુજરાતીમાં ભાવાનુવાદઃ સુરા (પ્રકરણ) હા-મીમ-સજદા, આયત - વાક્ય ૩૯).

-સૂર્ય તમામ દુનિયાને રોશન - પ્રકાશિત કરી દે છે અને રાત અંધારું લાવે છે; તેથી સૂર્ય-ચંદ્રની આ ઘટમાળ નિરંતર ચાલતી હોવાથી સંસારમાં વહી રહેલા સમય સાથે ફેરફારો થતા રહે છે.

* યુવાનો વૃદ્ધ થાય છે.

* જીવન પછી મૃત્યુ આવે છે.

* શહેનશાહો ફકીરો અને ફકીરો શહેનશાહો બની જાય છે.

* રણ-મેદાનોમાં દરિયા ફૂટી નીકળે છે, મોટા મોટા મહેલોનો - ઈમારતોનો વિનાશ થઈ જાય છે.

* ધરતી આખીમાં અનાજ, ફળફળાદી, ઝાડપાન ઊગે છે.

* તમામ પ્રાણીઓ પણ મર્યા પછી રાખ બની જાય છે, આ તમામે તમામ વસ્તુઓનું સંચાલન કોણ કરે છે? કઈ શક્તિ સર્જન-વિસર્જન પછી પાછું સર્જન કરે છે? અલ્લાહ સિવાય બીજું કોણ હોઈ શકે જેના અખત્યારમાં આ સઘળું છે.

અલ્લાહને ન માનનારાઓ નાસ્તિકોને લેખના પ્રારંભમાં કહેલી આયતમાં એવા કાફીરોને સંબોધીને એવું કહેવામાં આવ્યું છે, કે તમે તસ્વીરની એક બાજુ જોઈ, પરંતુ બીજી બાજુ જોઈ નથી. તમે સૂર્ય, ચંદ્ર, તારાઓ, ઝાડપાન, પહાડો વગેરેને જોયા, પરંતુ તે તમામ વસ્તુઓ નાશવંત છે, તેનો વિચાર તમે કર્યો નહીં. આ બધી વસ્તુઓ કોઈ એક શક્તિશાળી હસ્તીના હાથમાં માત્ર કઠપૂતળીઓ છે, તેનો વિચાર તમે કર્યો નથી.

સૂર્યને જ જોઈ લો, કે તે એક દિવસમાં ત્રણ ફેરફારો બતાવે છે. સવારે તે ઠંડો હોય છે, બપોરે તે ગરમ હોય છે, ફરીથી સાંજે ઠંડોગાર થઈ જાય છે. સૂર્યને ગ્રહણ લાગે છે, વાદળો આવી જતાં તે ઝાંખો પડી જાય છે. ઉપરાંત સૂર્ય અને ચંદ્ર નિરંતર ચોક્કસ સમય મુજબ ભાગતા રહે છે, તેથી સાબિત થયું કે તેમની લગામ કોઈ બીજી જ શક્તિશાળી હસ્તીના હાથમાં છે.

*ગરમે તીર અઝકમાં હમી ગુઝરદ*
*અઝ કમા દાર બીનદ એહલે ખીરદ*

અર્થઃ જોકે તીર તો કમાનમાંથી જ પસાર થયેલું દેખાય છે, ડાહ્યા લોકો જોઈ શકે છે કે તે તીર ચલાવનાર હાથ કયો છે.

એવી જ રીતે ધરતીને જોવામાં આવે તો સ્પષ્ટપણે જણાય છે, કે તે પણ કુદરતના હાથમાં કેવી લાચાર છે. કેટલીક ધરતી પાણીમાં ડુબેલી છે, કેટલીક ખુલ્લી પડી છે, કેટલીક વિરાન અને બનજર છે, કેટલીક આબાદ થયેલી છે. ઉપરાંત કેટલીક જમીનમાં ઘઉં થાય છે, કેટલીકમાં કેસર થાય છે, કેટલીકમાં નારિયેળ અને ફળફળાદી ઊગે છે. બંગાળની ધરતીમાં સાબુદાણા, ચોખા, પાન વગેરે થાય છે.

સારાંશ એ છે કે જે જે ધરતીને જે જે કાબેલિયત અતા ફરમાવવામાં આવી છે, તે પ્રમાણે તે કામ કરી રહી છે. ધરતી મોસમની પણ મોહતાજ છે. શરદીની મોસમમાં ઘઉં ઊગી શકતા નથી અને ગરમીની મોસમમાં બાજરી ઊગી શકતી નથી. ધરતી સૂર્યની ગરમી અને વરસાદની પણ મોહતાજ છે. આ રીતે ધરતીની બાહ્ય સ્થિતિ દેખાય છે, પરંતુ ભીતરી પરિસ્થિતિ જોઈએ તો

* કોઈ સ્થળે તેલના ભંડાર છે,

* કોઈ સ્થળે પાણીના ભંડાર છે,

* કોઈ સ્થળે સોનાની ખાણો છે,

* કોઈ સ્થળે કોલસાની ખાણો છે

- આ નિશાનીઓ જોતા સાબિત થયું, કે ધરતી અને ધરતી પર રહેનારા બંદાઓ ખુદ મુખ્તાર નથી અર્થાત્ પોતાની ખુદની રીતે સ્વતંત્ર નથી. ઈન્સાન કુદરતના હવાલે છે.

- કુદરતની આવી અનેક બોધદાયક - હિદાયત પ્રદાન કરનારી નિશાનીઓમાં બીજી એવી ઘણી નિશાનીઓ છે જે અલ્લાહ પર ઈમાન (આસ્થા; શ્રદ્ધા) લાવનાર બંદાને તે સર્વત્ર હોવાની અનુભૂતિ થયા વગર રહેશે નહીં.

* * *

### ગુલાબ જળ

- 'અમે ઈન્સાનને ઘણી જ ઉત્તમ કક્ષાની શકલો સૂરતવાળો પેદા કર્યો છે...!

- કુરાન મજીદની પ્રસ્તુત આયત; કથન-વાક્યમાં જગતકર્તા અલ્લાહત્આલા કહે છે અને સજાગ કરે છે કે, 'મેં તમને કેવા ખૂબસૂરત નાકનકશા અને નિષ્ઠાવાન ઘડ્યા છે.

- આ શબ્દોનો સરળ અર્થ થાય છે કે, તમામ સર્જનમાં સર્વશ્રેષ્ઠ જીવ એવા ઈન્સાનને વિચારવું જોઈએ કે સર્જનહારને ગુણવત્તા કેટલી બધી પસંદ છે. જો એવું ન હોત તો તે મનુષ્ય જાતને બેડોળ, કદરૂપો, ઘાટઘૂટ વિનાનો ન બનાવત? બેશક ચહેરા મોહરા વગરનો પણ બનાવી શક્યો હોત!

- અલ્લાહતઆલાએ એ સાથે જ તેના બંદા પાસે એ અપેક્ષા રાખી છે કે તેનો અમલ અર્થાત્ બંદાનનો કર્મ પણ તેની ખૂબસૂરતીની જેમ શ્રેષ્ઠ અને ગુણવત્તાવાળો હોવો જોઈએ.

- અને તેથી જ ખુદાવંદે કરીમ - વંદનીય ઈશ્વરે ૭ આયત (શ્લોક, કથન, વાક્ય)વાળા 'સૂરહ અલહમ્દ' કે જેને નામે મુસ્લિમ તેની દરેક નમાઝમાં (પ્રાર્થનામાં) ૧૦ વખત રટણ કરતો હોય છે; તે પર વિચારવાનું મોમિનને કહે છે.

- આ સાત આયતમાં અલ્લાહે શરૂઆતની ત્રણ આયતમાં પોતાની જાતનો - પોતાની હસ્તિનો ઉલ્લેખ કર્યો છે અને છેલ્લી ત્રણ આયતોમાં ઈન્સાન જાતનો ઉલ્લેખ છે તથા વચવી આયતમાં 'માલેકે યવ્મીદ્દીન' અર્થાત્ ન્યાયના દિવસનો માલિક...' રાખેલ છે. - આ સાત આયતની ગોઠવણીમાં અલ્લાહે મોમિનોને ચેતવ્યા છે કે, જુઓ હું રહેમાન (દયા કરનાર ઈશ્વર) અને રહીમ (કૃપા કરનાર) તો છું જ અને તમે નેઅમત (કૃપા) પામેલા ઈન્સાનો નેક માર્ગે જીવન બસર કરો તથા સીધા રસ્તા પર ચાલી ગુમરાહીથી બચો. ઉત્તમ ગુણવત્તાસભરના કર્મ પર અમલ કરવા સાથે મારી પાસે આવશો ત્યારે મારી સાથે રોજે મહેશર (બદલાનો દિવસ)માં ઊભા રહેશો, ત્યારે હું બેશક તમોને આગની શિક્ષાથી બચાવી લઈશ. યાદ રાખો! હું જ ફક્ત યવ્મીદ્દીનનો માલિક છું. (લૉર્ડ ઑફ ધ ડે ઑફ જજમેન્ટ).

અલ્લાહતઆલા તેના બંદા પાસે ઈચ્છે છે કે તેનું જીવન ગુણવત્તાવાળું હોવું જોઈએ નહીં કે દુનિયામાં આકર્ષણ ધરાવતું જથ્થાબંધ

* * *

### સાપ્તાહિક સંદેશઃ

* જે આંખો કુદરતની કારીગરીમાંથી હિદાયત - બોધ - જ્ઞાન ન મેળવે તો તે આંધળી રહે એ વધુ બહેતર - શ્રેષ્ઠ છે.

* જેણે અલ્લાહને નથી ઓળખ્યો, તે કદી પણ દિલથી ખુશ રહી શકતો નથી.

* અલ્લાહ જેને નેક - પ્રામાણિક બનાવવા ચાહે છે, તેને સુફી - સંત - મહાત્માઓમાં દખલ કરે છે.

- હૃદયપૂર્વક - સાચા મનથી વિચાર કરો - એકાંતમાં દિલને ઢંઢોળો અલ્લાહ તરફ તમે કેવા છો. ■

## પહેલા પાનાનું ચાલુ

### સોના, ચાંદીમાં

રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો સહિત રિટેલ સ્તરની માગમાં પણ સોંપો પડી ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકા-ચીન વચ્ચેના ટ્રેડ વૉર તથા રેસિપ્રોકલ ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોની સોનામાં સલામતી માટેની વ્યાપક માગને ટેકે એક તબક્કે હાજરમાં ભાવ વધીને ઔંસદીઠ ૩૩૧૭.૯૦ ડૉલરની નવી ઊંચી સપાટી નોંધાવ્યા બાદ ગઈકાલના બંધ સામે ૨.૨ ટકા વધીને ૩૨૯૯.૮૫ ડૉલર અને વાયદામાં ભાવ ૨.૩ ટકા વધીને ૩૩૧૫.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે બે ટકા વધીને ઔંસદીઠ ૩૨.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ટૅરિફને કારણે વૈશ્વિક આર્થિક પરિબળો સામે જોખમો જણાઈ રહ્યા હોવાથી સોનામાં સલામતી માટેની માગને ટેકે તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ ૦.૭ ટકાના ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યો હતો. વધુમાં ગઈકાલે એન વિડિયાએ જણાવ્યું હતું કે અમેરિકાએ એચ૨૦ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ચીપની નિકાસ મર્યાદિત કરતાં તેને ૫.૫ અબજ ડૉલરનો ચાર્જ લાગશે, જ્યારે અમેરિકાએ ચીનથી થતી આયાત સામે ૧૪૫ ટકા ટૅરિફ લાદી હોવાથી ચીને તેની એરલાઈન્સને હવે પછીથી બૉઈંગની વધુ ડિલિવરીઓ ન લેવાનું જણાવ્યું હતું.

ટૅરિફ અંગેની વધુ અનિશ્ચિતતા, અમેરિકી વહીવટીતંત્રનું જક્કીપણું અને ઊંચા ટૅરિફથી બચવા તૃતિય દેશમાંથી માલસામાનની હેરફેરથી વૈશ્વિક પુરવઠાચેઈન પર માઠી અસર પડવા જેવા કારણોસર પણ સોનાના સુધારાને ટેકો મળશે, એમ એબીસી રિફાઈનરીનાં ઈન્સ્ટિટ્યૂશનલ માર્કેટ્સના ગ્લોબલ હેડ નિકોલસ ફ્રેપેલે જણાવ્યું હતું.

તે જ પ્રમાણે ગોલ્ડસિલ્વર સેન્ટ્રલનાં મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવ્યું હતું કે પ્રવર્તમાન આર્થિક અને રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાઓ સોનામાં સલામતી માટેની માગ જાળવી રાખે તેવી શક્યતા છે, જ્યારે એએનઝેડે વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૬૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. જોકે, હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના રિટેલ વેચાણના ડેટા પર સ્થિર થઈ છે. ■

### દેશના મુખ્ય

નવેમ્બર, ૧૯૬૦ના રોજ અમરાવતીમાં જન્મેલા જસ્ટિસ ગવઇને ૧૪ નવેમ્બર, ૨૦૦૩ના રોજ બોમ્બે હાઇ કોર્ટના એડિશનલ જજ તરીકે બઢતી આપવામાં આવી હતી. તેઓ ૧૨ નવેમ્બર, ૨૦૦૫ના રોજ હાઇ કોર્ટના કાયમી જજ બન્યા હતા. જસ્ટિસ ગવઇ સુપ્રીમ કોર્ટની અનેક બંધારણીય બેંચનો ભાગ રહ્યા છે, જેમણે મહત્ત્વપૂર્ણ ચુકાદા આપ્યા છે. ■

### ભારતમાંના

તપાસમાં વેગ લાવે છે. ગૂગલે એક બ્લોગમાં કહ્યું હતું કે કંપનીએ કૌભાંડો અને એઆઈથી બનાવવામાં આવતી જાહેર વ્યક્તિની ખોટી જાહેરખબર સામે સંરક્ષણ ઊભું કર્યું છે.

કંપનીએ કહ્યું હતું કે ૧૦૦થી વધારે નિષ્ણાતોએ કૌભાંડ કરતા વિજ્ઞાપનકારોને સસ્પેન્ડ કરવા માટેના પ્રતિપગલાં શોધી કાઢ્યા છે. ૭૦૦ ગુનાહિત અકાઉન્ટને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આને લીધે આવા કૌભાંડો થવાનું ૯૦ ટકા ઓછું થઈ ગયું છે. (એજન્સી) ■

### રાજકોટ સિટી બસ

(૩) બાલો ઉર્ફે ચિન્મયભાઈ હર્ષદભાઈ ભટ્ટ, ઉંમર વર્ષ-૨૫, (૪) કિરણબેન ચંદ્રેશભાઇ કક્કડ, ઉંમર વર્ષ-૫૬ નો સમાવેશ થાય છે. જયારે ચાર લોકોને ઈજા પહોંચી છે. જેમાં (૧) વિશાલ રાજેશભાઈ મકવાણા, (૨) સુરજ ધર્મેશ (૩) સાનિયાબેન અજયભાઈ રાજબર, (૪) વિરાજબા મહાવીરસિંહ ખાચરનો સમાવેશ થાય છે.

આ દુર્ઘટનાને અત્યંત આઘાતજનક ગણાવતાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતુ કે, આ કરુણ ઘટનામાં ઉદાહરણરૂપ કડક કાર્યવાહી કરવામાં આવશે. અકસ્માત સર્જનાર બસના ડ્રાઈવર શિશુપાલસિંહ રાણાને તાત્કાલિક અસરથી ટર્મિનેટ કરવામા આવ્યો છે. ■

### સુરુચિ ગોલ્ડ

સૌરભ ચૌધરીએ બ્રૉન્ઝ જીતી લીધો હતો.

સુરુચિ-મનુના ચંદ્રકોને લીધે ભારતે સૌથી વધુ મેડલ વિજેતા દેશોમાં ત્રણ ચંદ્રક સાથે મોખરાનું સ્થાન મેળવ્યું હતું, જ્યારે ચીન બીજા નંબરે હતું. મહિલાઓની ૧૦ મીટર ઍર પિસ્તોલ ઇવેન્ટના ક્વૉલિફિકેશન રાઉન્ડમાં જ સુરુચી અને મનુ ભાકરના પર્ફોર્મન્સ પરથી અંદાજ આવી ગયો હતો કે ફાઇનલ્સમાં આ બન્ને ભારતીય શૂટર જ મેડલ જીતશે.મનુ ભાકર ગયા વર્ષે પૅરિસ ઑલિમ્પિક્સમાં ઍર પિસ્તોલ ઇવેન્ટમાં તેમ જ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં બ્રૉન્ઝ મેડલ જીતી હતી. ■

### ભારત સહિત

અનુભવાયો હતો. આ ભૂકંપ ૫ કિમીની ઊંડાઈએ આવ્યો હતો. વધુમાં, સવારે ૭.૧૨ વાગ્યે, દક્ષિણપશ્ચિમ ઓસ્ટ્રેલિયાથી દૂર દરિયામાં ૬.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણે જણાવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ પશ્ચિમ ઓસ્ટ્રેલિયા રાજ્યના દક્ષિણપશ્ચિમ છેડે અલ્બેનીથી ૨૦૬૯ કિલોમીટર દક્ષિણ પશ્ચિમમાં ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હિંદ મહાસાગરમાં હતું. હાલમાં સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. ■

### મુંબઈ, અમદાવાદમાં

હતું જે ઘરના વેચાણમાં ૨૬ ટકાનો ઘટાડો સૂચવે છે. એમએમઆરમાં મુંબઈ, નવી મુંબઈ અને થાણેનો સમાવેશ થાય છે. પુણેમાં ઘરના વેચાણમાં પચીસ ટકા ઘટાડો થયેલો જોવા મળ્યો હતો. પુણેમાં ઘરોનું વેચાણ અગાઉના વર્ષના આ જ સમયગાળામાં વેચાયેલા ૨૩,૧૧૨ ઘરથી ઘટીને ૧૭,૨૨૮ ગયું હતું.

દિલ્હી એનસીઆરમાં ઘરના વેચાણમાં ૧૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. (એજન્સી) ■

### ગુજરાત સરકારે

૨૦૨૫થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપ્તામાં એપ્રિલ-૨૦૨૫ના પગાર સાથે ચૂકવાશે.

કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારો સરકારી કર્મચારીઓને ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ મામલે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, સાતમા પગાર પંચનો લાભ મેળવતા સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો, છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

મહત્ત્વની વાત એ છે કે, ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ એટલે છેલ્લા ત્રણ મહિનાનું પણ મોંઘવારી ભથ્થું આપવામાં આવશે. આ ત્રણ માસની મોંઘવારી ભથ્થાની રકમ એક જ હપ્તામાં એપ્રિલના પગાર સાથે આપી દેવામાં આવશે. નોંધનીય છે કે, આ નિર્ણયના કારણે રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ મળીને ૪.૭૮ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૮૧ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને આ લાભ મળવા પાત્ર છે. સરકારી આંકડાની વાત કરવામાં આવે તો, મોંઘવારી ભથ્થામાં સરકારને કુલ ૨૩૫ કરોડની રકમ સરકારી કર્મચારીઓને ચુકવવામાં આવશે. એટલું જ નહીં પરંતુ પગારભથ્થા અને પેન્શન પેટે રાજ્ય સરકારને વાર્ષિક ૯૪૬ કરોડની રૂપિયાની ચુકવણી કરવાની રહેશે. ■

### હિંદુઓના ટ્રસ્ટમાં

દૂરુપયોગ થયો હશે, પરંતુ તેમાંથી અમુક મિલકતો અસલ-સાચી પણ હશે.

આ મામલે અગાઉના ચુકાદાઓનો અમે અભ્યાસ કર્યો છે જેમાં વક્ફ બાય યુઝરને માન્યતા આપવામાં આવેલી છે, એમ ખંડપીઠે કહ્યું હતું.

જો તમે તેને અમાન્ય ગણશો તો સમસ્યા સર્જાશે. સાંસદો ચુકાદો ન આપી શકે એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે તમે માત્ર તેનો આધાર લઈ શકો. મહેતાએ દલીલ કરી હતી કે મુસ્લિમોનો મોટો વર્ગ છે જે નથી ઈચ્છતો કે વક્ફ તેમનું નિયંત્રણ કરે.

ખંડપીઠે મહેતાને સવાલ કર્યો હતો કે હવેથી તમે હિંદુઓના ટ્રસ્ટમાં મુસલમાનોને સભ્ય બનવા દેશો? ખુલ્લેઆમ જણાવો. (એજન્સી) ■




# આજે વાનખેડેમાં બુમરાહ અસલ ફૉર્મમાં આવશે તો હૈદરાબાદની હાર નક્કી

## રોહિત, સૂર્યાના પર્ફોર્મન્સ પર પણ સૌની નજર, અભિષેકથી બચવું પડશેઃ ગુરુવારે સાંજે ૭.૩૦ વાગ્યાથી જંગ

મુંબઈઃ આઇપીએલની ૧૮મી સીઝનમાં છમાંથી ચાર મૅચ હારી ચૂકેલી મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ આજે વાનખેડેમાં (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ખાસ કરીને એના પીઢ ખેલાડીઓના ફૉર્મ પર મોટો આધાર રાખશે અને જો તેઓ સારું રમશે તો આતશબાજી માટે જાણીતા બૅટ્સમેન ધરાવતી સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ની ટીમ માટે જીતવું મુશ્કેલ થઈ જશે. ઉલ્લેખનીય છે કે હૈદરાબાદની ટીમ પણ છમાંથી ચાર મૅચ હારી ચૂકી છે.





એમઆઇના ચારમાંથી બે પરાજય એવા હતા જેમાં એમઆઇની ટીમ જરાક માટે વિજયથી વંચિત રહી ગઈ હતી. રવિવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં પણ એમઆઇની ટીમ હારી શકી હોત, પરંતુ દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ના છેલ્લા ત્રણેય બૅટ્સમેન ઉપરાઉપરી ત્રણ બૉલમાં રનઆઉટ થયા અને હાર્દિક પંડ્યા ઍન્ડ કંપનીએ અભૂતપૂર્વ જીતનું સેલિબ્રેશન કર્યું હતું.

પાંચ ટાઇટલ જીતી ચૂકેલી એમઆઇની ટીમના ખાસ કરીને ત્રણ ખેલાડી રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ અને જસપ્રીત બુમરાહના પર્ફોર્મન્સ પર સૌની નજર રહેશે. રોહિત સદંતર ફ્લૉપ રહ્યો છે, જ્યારે ત્રણ મહિના બાદ ઈજામુક્ત થઈને ફરી રમવા આવેલો બુમરાહ હજી અસલ ફૉર્મમાં નથી જોવા મળ્યો. રવિવારે બુમરાહ અસલ યૉર્કર નહોતો ફેંકી શક્યો અને દિલ્હીના કરુણ નાયરે પૂરો ફાયદો ઉઠાવ્યો હતો. બુમરાહે દિલ્હીના કૅપ્ટન અક્ષર પટેલ (નવ રન)ની વિકેટ લીધી હતી, પરંતુ બુમરાહની ચાર ઓવરમાં કુલ ૪૪ રન મુંબઈની ટીમ માટે તે સૌથી વધુ ખર્ચાળ બન્યો હતો. ચાર ઓવરમાં તેનો ઇકોનોમી-રેટ ૧૧.૦૦ જેટલો ઊંચો હતો. હવે બુમરાહની હૈદરાબાદના હાર્ડ-હિટર્સ અભિષેક શર્મા, ટ્રૅવિસ હેડ, ઇશાન કિશન અને હિન્રિક ક્લાસેન સામે કસોટી છે.

### સૂર્યકુમારની ફક્ત એક હાફ સેન્ચુરી

સૂર્યકુમાર યાદવની તમામ છ મૅચમાં (૨૯, ૪૮, ૨૭ અણનમ, ૬૭, ૨૮ અને ૪૦ રન) એક જ હાફ સેન્ચુરી છે. એ જોતાં, સૂર્યકુમાર પાસેથી પણ ટીમને હવે ઘણી અપેક્ષા છે. તે અસલ, અનોખી અને આક્રમક સ્ટાઇલમાં લાંબા સમય સુધી વિસ્ફોટક બૅટિંગ કરવા માટે જાણીતો છે જે આ વખતે હજી જોવા નથી મળ્યું.

આ ત્રણેય દિગ્ગજ ખેલાડી જો સારું પર્ફોર્મ કરશે તો હૈદરાબાદના સ્ટાર ખેલાડીઓએ કદાચ પરાજય જોવો પડશે. એમઆઇને માત્ર તિલક વર્મા અને નમન ધીર પર અપેક્ષાનો બોજ રાખવો નહીં પરવડે.

બીજું, એમઆઇનું ઓપનિંગ પણ સારું થયું હોવું જોઈશે. છ મૅચમાં રોહિત શર્મા, રાયન રિકલ્ટન, વિલ જૅક્સ દ્વારા ઓપનિંગ સારા નથી થયા. છ મૅચમાં ભારતના ઓપનર્સે પ્રથમ વિકેટ માટે બનાવેલા રનની વિગત આ પ્રમાણે છેઃ એક રન, આઠ રન, ૪૬ રન, ૧૧ રન, ૨૧ રન અને ૪૭ રન.

### રોહિત શર્મા સફળ કે અભિષેક શર્મા?

મુંબઈ ઇન્ડિયન્સના ૩૭ વર્ષીય ઓપનર રોહિત શર્માએ આ વખતે ઓપનિંગમાં સિલસિલાબંધ ફ્લૉપ શૉ બતાવ્યા એને પગલે ભૂતપૂર્વ ભારતીય મહિલા કૅપ્ટન અંજુમ ચોપડાએ મંગળવારે એક સૂચન કર્યું હતું કે રોહિતને ઓપનિંગના વમળમાંથી બહાર લાવીને બૅટિંગમાં નીચેના કોઈ ક્રમે મોકલવો જોઈએ.

જો રોહિત સફળ થશે તો એમઆઇનો બેડો પાર થઈ શકે. હૈદરાબાદ પાસે પણ એક શર્મા છે. ૨૪ વર્ષનો અભિષેક શર્મા પાંચ દિવસ પહેલાં પંજાબ સામે ૧૪૧ રનની ધમાકેદાર ઇનિંગ્સ રમ્યો હતો એ એમઆઇના પ્રત્યેક બોલરને યાદ હશે જ. અભિષેકે પંજાબ સામેની મૅચમાં પંચાવન બૉલમાં ૧૦ સિક્સર અને ૧૪ ફોરની મદદથી ૧૪૧ રન બનાવ્યા હતા. તેની અને ટ્રૅવિસ હેડ વચ્ચે પ્રથમ વિકેટ માટે ૧૭૧ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. અભિષેક એ ઇનિંગ્સથી (ગયા વર્ષની જેમ) અસલ ફૉર્મમાં આવી ગયો છે. હૈદરાબાદે એ મૅચ આઠ વિકેટે જીતી હતી.

### બન્ને ટીમની સ્ક્વૉડમાં કોણ છે?

મુંબઈઃ હાર્દિક પંડ્યા (કૅપ્ટન), રોહિત શર્મા, રાયન રિકલ્ટન (વિકેટકીપર), વિલ જૅક્સ, સૂર્યકુમાર, તિલક વર્મા, કૉર્બિન બૉશ્ચ, બેવન જેકબ્સ, રૉબિન મિન્ઝ, નમન ધીર, સૅન્ટનર, જસપ્રીત બુમરાહ, ટ્રેન્ટ બોલ્ટ, દીપક ચાહર, રીસ ટૉપ્લી, અશ્વની કુમાર, રાજ બાવા, અર્જુન તેન્ડુલકર, કર્ણ શર્મા, મુજીબ-ઉર-રહમાન, વિજ્ઞેશ પુથુર, સત્યનારાયણ રાજુ, ક્રિષ્ણન શ્રીજીથ.

હૈદરાબાદઃ પૅટ કમિન્સ (કૅપ્ટન), હિન્રિક ક્લાસેન (વિકેટકીપર), અભિષેક શર્મા, ટ્રૅવિસ હેડ, ઇશાન કિશન, નીતીશ રેડ્ડી, વિઆન મુલ્ડર, સચિન બૅબી, અનિકેત વર્મા, અથર્વ ટૈઇડ, રવિચન્દ્રન સ્મરણ, હર્ષલ પટેલ, શમી, રાહુલ ચાહર, એશાન મલિન્ગા, અભિનવ મનોહર, કામિન્ડુ મેન્ડિસ, ઝીશાન અન્સારી, ઉનડકટ અને સિમરનજીત સિંહ. ■

# આઈપીએલમાં ચાર વર્ષે સુપરઓવરઃ દિલ્હી વિજેતા


નવી દિલ્હીઃ દિલ્હીએ અહીં બુધવારે મૅચ ટાઇ થયા બાદ રાજસ્થાનને સુપરઓવરમાં હરાવીને રોમાંચક વિજય મેળવ્યો હતો. આઇપીએલમાં (૨૦૨૧ બાદ) ચાર વર્ષે સુપરઓવર થઈ હતી. રાજસ્થાને પાંચ બૉલમાં બે વિકેટે ૧૧ રન કર્યા હતા. સ્ટાર્કની ઓવરમાં હેટમાયરની ગરબડને લીધે રિયાન અને યશસ્વી રનઆઉટ થતાં એક બૉલ બાકી રાખીને રાજસ્થાનની ટીમે સુપરઓવરમાંથી વિદાય લેવી પડી હતી. દિલ્હીએ રાજસ્થાનના સંદીપ શર્માની ઓવરમાં ચાર બૉલમાં (રાહુલની ફોર તથા સ્ટબ્સની સિક્સરની મદદથી) ૧૩ રન કરીને રોમાંચક વિજય મેળવ્યો હતો.

એ પહેલાં, મુખ્ય મૅચમાં દિલ્હીએ પાંચ વિકેટે ૧૮૮ રન બનાવ્યા બાદ રાજસ્થાને ચાર વિકેટે ૧૮૮ રન બનાવતાં (૨૦મી ઓવરમાં નવ રનને બદલે આઠ રન થતાં) મૅચ ટાઇ થઈ હતી અને સુપરઓવરમાં ગઈ હતી.

રાજસ્થાને ૧૦ વર્ષે દિલ્હીને એના જ ગઢ (અરુણ જેટલી સ્ટેડિયમ)માં હરાવાનો મોકો ગુમાવ્યો. સંજુ સૅમસનની ટીમ પરાજયની પરંપરા તોડી ન શકી.

યશસ્વીના ચાર સિક્સર, ત્રણ ફોરથી બનેલા ૫૧ રન અને સૅમસનના (રિટાયર હર્ટ થતાં પહેલાં) ત્રણ સિક્સર, બે ફોર સાથે બનેલા ૩૧ રન બાદ નીતીશ રાણા (૫૧ રન, ૨૮ બૉલ, બે સિક્સર, છ ફોર) તથા ધ્રુવ જુરેલ (૨૬ રને રનઆઉટ)ની જોડીએ ૪૯ રનની જે ભાગીદારી કરી હતી. ૧૧૬/૨ના સ્કોર પર અક્ષરના બૉલમાં બાઉન્ડરી લાઇનની લગોલગ સ્ટબ્સે રાણાનો જે કૅચ છોડ્યો એ દિલ્હીને ભારે પડ્યો હતો. એ અગાઉ, દિલ્હીએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૮ રન કર્યા હતા. ઓપનર અભિષેક પોરેલ (૪૯ રન, ૩૭ બૉલ, એક સિક્સર, પાંચ ફોર)નું ટીમમાં સૌથી મોટું યોગદાન હતું. જોકે કૅપ્ટન અક્ષર પટેલ (૩૪ રન, ૧૪ બૉલ, બે સિક્સર, ચાર ફોર) સૌથી સારા સ્ટ્રાઇક-રેટથી રમ્યો હતો. તેનો ૨૪૨.૮૫નો સ્ટ્રાઇક-રેટ હતો. ■

# 'ધ ડાયરી ઑફ અ ક્રિકેટર્સ વાઈફ': પત્ની પૂજાએ લખેલું પુસ્તક પુજારાએ લૉન્ચ કર્યું




રાજકોટઃ ભારતના ટેસ્ટ-સ્પેશિયલિસ્ટ ચેતેશ્વર પુજારાએ પત્ની પૂજા દ્વારા લિખિત 'ધ ડાયરી ઑફ અ ક્રિકેટર્સ વાઇફ' પુસ્તક લૉન્ચ કર્યું છે.

ભારત વતી ૨૦૧૦થી ૨૦૨૩ સુધીમાં ૧૦૩ ટેસ્ટ રમનાર પુજારાએ પત્ની પૂજા સાથે મળીને ઇન્સ્ટાગ્રામ વીડિયો મારફત (અંદાજે ૬૦૦ રૂપિયાની કિંમતના) આ પુસ્કત વિશેની પ્રારંભિક જાણકારી આપી છે. પુસ્તક ૨૯મી એપ્રિલે રીલીઝ કરવામાં આવશે.

પુજારાએ ૨૦૧૩માં પૂજા સાથે લગ્ન કર્યા હતા. મૅરેજ પહેલાં પૂજાની અટક પાબારી હતી. પુજારા સાથેના લગ્ન પહેલાં પૂજા ક્યારેય ક્રિકેટ ફૉલો નહોતી કરતી અને આ રમત વિશે તે કંઈ જાણતી પણ નહોતી. જોકે પુજારા સાથેના મૅરેજ બાદ તેને ક્રિકેટમાં રસ પડતો ગયો અને એના વિશે તેણે ઘણું જ્ઞાન મેળવ્યું. એ તો ઠીક, તેણે નમિતા કાલા સાથે મળીને જે પુસ્તક લખ્યું છે એમાં તેણે (પૂજાએ) ક્રિકેટરની પત્ની તરીકેના અનુભવો શૅર કર્યા છે. પૂજાનું કહેવું છે કે 'ચેતેશ્વર જિદ્દી ખરા, પણ મદદકર્તા અને ઍડજસ્ટમેન્ટમાં માનનારા છે. તેઓ આધ્યાત્મિક ખરા, પરંતુ ધર્માભિમાની નહીં. રમૂજી સ્વભાવના ચેતેશ્વરે ક્રિકેટમાં રાજકોટના રસ્તાઓથી માંડીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સુધીની જે સફર કરી એ અનોખી રહી અને તેમની એ ક્રિકેટિંગ-સફરનો હિસ્સો બનવાનો મને લહાવો મળ્યો છે.'

પૂજાએ ક્રિકેટરના દૈનિક જીવનમાં શું બનતું હોય છે એની નજરે જોયેલી ક્ષણેક્ષણને શબ્દોમાં વણી લીધી છે.


કોઈ સ્પોર્ટ્સમૅનની ખેલકૂદને લગતી કહાણીને તેની પત્નીએ પોતાના શબ્દોમાં (પુસ્તકરૂપે) જનતા સમક્ષ વ્યક્ત કરી હોય એવું પહેલી જ વાર બન્યું છે. ■

# ગર્લફ્રેન્ડ માહવશે રોમાંચિત થઈને ઇન્સ્ટા પરની સ્ટોરીમાં મૅચ-વિનર ચહલની વાહ-વાહ કરી

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ ૨૧૧ વિકેટ લેનાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલે મંગળવારે અહીં ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મૅચમાં ચાર વિકેટ લઈને પંજાબ કિંગ્સને સંભવિત પરાજય વિજયમાં ફેરવી આપ્યો એ બદલ પંજાબના ખેલાડીઓ તેમ જ આ ટીમના અસંખ્ય ચાહકો તો ખુશ થયા જ છે, ખાસ કરીને ચહલની કથિત ગર્લફ્રેન્ડ આરજે માહવશ બેહદ ખુશ છે. તેણે ચહલનો પર્ફોર્મન્સ જોઈને સોશિયલ મીડિયામાં પ્રેમભરી પ્રતિક્રિયા વ્યક્ત કરી છે.

માહવશે ઇન્સ્ટાગ્રામ પરની સ્ટોરીમાં લખ્યું, 'આ ખેલાડી કેટલો બધો ટેલન્ટેડ છે. એટલે જ તો આઈપીએલમાં સૌથી વધુ વિકેટ તેના નામે છે. અસંભવ!'

પંજાબની ટીમ બૅટિંગ લીધા પછી ૧૫.૩ ઓવરમાં માત્ર ૧૧૧ના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.



કોલકાતાની ટીમ ૧૫.૧ ઓવરમાં માત્ર ૯૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં પંજાબનો ૧૬ રનથી રોમાંચક વિજય થયો હતો.

### પંજાબ અને ચહલના વિક્રમો પર એક નજર...

(૧) પંજાબે મંગળવારે ૧૧૧ રનનું પોતાનું ટોટલ ડિફેન્ડ કર્યું હતું. આઈપીએલના ઇતિહાસમાં કોઈ ટીમે પોતાનો સ્કોર સફળતાથી ડિફેન્ડ કરીને હરીફ ટીમને પરાજિત કરી હોય એમાં આ સૌથી નીચો ટીમ સ્કોર છે. પંજાબે ચેન્નઈનો રેકૉર્ડ તોડ્યો છે. ૨૦૦૯માં ચેન્નઈએ પંજાબ સામે ૧૧૬/૯નું ટોટલ ડિફેન્ડ કર્યું હતું. (૨) આઇપીએલની કોઈ મૅચમાં બંને ટીમ ઑલઆઉટ થઈ હોય એવો માત્ર પાંચમો કિસ્સો મંગળવારે બન્યો હતો. (૩) આઇપીએલના ઈતિહાસમાં સૌથી વધુ ૨૧૧ વિકેટ ચહલના નામે છે જ, તેણે હવે એક જ મૅચમાં ચાર વિકેટની સિદ્ધિ આઠમી વખત મેળવી છે. એ સાથે તેણે સુનીલ નારાયણના આઇપીએલ રેકૉર્ડની બરાબરી કરી છે. (૪) કોઈ એક જ હરીફ ટીમ સામે મૅચમાં ચાર કે વધુ વિકેટની સિદ્ધિ ત્રણ વખત મેળવીને ચહલે સુનીલ નારાયણના વિક્રમની બરાબરી કરી છે. ■

## ગુજરાત

# માત્ર કૉંગ્રેસ પાર્ટી જ આરએસએસ-ભાજપને હરાવી શકે છેઃ રાહુલ ગાંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી એક સપ્તાહમાં બીજી વખત ગુજરાતની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે અરવલ્લીના મોડાસામાં કૉંગ્રેસના કાર્યકરોને સંબોધતા આરએસએસ અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આત્મવિશ્વાસ સાથે કહ્યું હતું કે, કૉંગ્રેસ હાર સ્વીકારશે નહીં. અમે ભાજપને હરાવવા માટે દિવસ-રાત કામ કરીશું. બૂથ પર જે કાર્યકર મજબૂત હશે તેને અમે સમર્થન આપીશું. તેમણે દાવો કર્યો હતો કે, ગુજરાતમાં ભાજપના લગભગ ૩૦ વર્ષના શાસનનો અંત આવશે.

રાહુલ ગાંધીએ કાર્યકરોનો ઉત્સાહ વધારતા કહ્યું હતું કે, માત્ર કૉંગ્રેસ પાર્ટી જ આરએસએસ અને ભાજપને હરાવી શકે છે. મોડાસામાં કાર્યકરોને પ્રોત્સાહિત કરતાં તેમણે કહ્યું કે, કૉંગ્રેસ પાર્ટી માટે ગુજરાત સૌથી મહત્ત્વનું રાજ્ય છે. વર્તમાન લડાઈ માત્ર રાજકીય લડાઈ નથી પણ ભાજપ-આરએસએસ અને કોંગ્રેસ વચ્ચેની વૈચારિક લડાઈ છે. આખો દેશ જાણે છે કે ભાજપને જો કોઈ હરાવી શકે છે તો તે માત્ર કૉંગ્રેસ પાર્ટી જ છે. દેશમાં આરએસએસ અને ભાજપને હરાવવા હોય તો તે રસ્તો ગુજરાતમાંથી જ જાય છે.

કૉંગ્રેસના નેતાએ વધુમાં કહ્યુ હતું કે, આપણી પાર્ટીની શરૂઆત ગુજરાતથી જ થઈ હતી. તમે અમને અમારા મહાન નેતાઓ મહાત્મા ગાંધી અને સરદાર પટેલ આપ્યા. પરંતુ ગુજરાતમાં આપણે લાંબા સમયથી હતોત્સાહિત છીએ. તેમણે કહ્યું હતું કે હું તમારા જિલ્લાના સિનિયર નેતાઓને મળ્યો, જેમણે મને કહ્યું કે અમારી વચ્ચેની સ્પર્ધા રચનાત્મક નથી પરંતુ વિનાશક છે. બીજું, સ્થાનિક લોકો સ્થાનિક ટિકિટ વિતરણમાં સામેલ નથી. ચર્ચાનો મુખ્ય મુદ્દો એ હતો કે જિલ્લો અમદાવાદથી ન ચાલવો જોઈએ; જિલ્લાના નેતાઓને મજબૂત કરવા પડશે. જિલ્લા પ્રમુખને જવાબદારી અને સત્તા આપવી પડશે. અમે અત્યારે આ કામ શરૂ કરી રહ્યા છીએ.

અમે ઈચ્છીએ છીએ કે સંગઠન અને ચૂંટણી લડનારાઓ વચ્ચે જોડાણ હોવું જોઈએ. આજકાલ શું થાય છે કે કૉંગ્રેસ પક્ષનું સંગઠન લોકોને ચૂંટણી જીતવામાં મદદ કરે છે અને એક વખત વ્યક્તિ ધારાસભ્ય કે સાંસદ બની જાય છે તે કૉંગ્રેસ સંગઠનને ભૂલી જાય છે. તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં આ અમારો પાયલોટ પ્રોજેક્ટ છે કારણ કે અમે સંદેશ આપવા માગીએ છીએ કે ગુજરાત અમારા માટે સૌથી મહત્ત્વપૂર્ણ રાજ્ય છે.

રાહુલ ગાંધીએ ભારપૂર્વક કહ્યું હતું કે, અમે એવા લોકોને સત્તા આપવા માગીએ છીએ જેમની બૂથ લેવલ પર પકડ છે. આપણે નવી પેઢીને કૉંગ્રેસ પક્ષમાં લાવવાની છે અને જે લોકો જનતા સાથે જોડાયેલા છે તેમને આગળ લઈ જવાના છે. આ ભીડમાં કેટલાક એવા લોકો છે જેઓ ભાજપ સાથે જોડાયેલા છે. તેમને પ્રેમથી ઓળખીને કૉંગ્રેસથી અલગ કરવા પડશે. તેમણે વારંવાર કહ્યું હતું કે, દેશમાં વિચારધારાની લડાઈ ચાલી રહી છે. આ લડાઈ આરએસએસ-ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે છે. અને આખો દેશ જાણે છે કે માત્ર કૉંગ્રેસ પાર્ટી જ આરએસએસ-ભાજપને હરાવી શકે છે. ■

# અમદાવાદમાં અનેક વાહનોને ટક્કર મારનાર ટેક્સીચાલકને ટોળાએ ફટકાર્યો, ઘટનામાં કારચાલકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના વેજલપુર વિસ્તારમાં મંગળવારની રાત્રે એક ડ્રાઈવરનો મૃતદેહ મળી આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ગુસ્સામાં આવેલાં ટોળાએ કથિત રીતે ડ્રાઈવરની હત્યા કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. મળતી વિગત મુજબ, કેબ ડ્રાઈવરે પહેલા વાસણાથી જુહાપુરા સુધીમાં અનેક વાહનોને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જેથી ગુસ્સામાં આવેલા લોકોનાં ટોળાએ મારી મારીને ડ્રાઈવરની હત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું, પરંતુ આ ડ્રાઈવરની હત્યા કરવામાં આવી કે, તેનું આકસ્મિક મોત થયું હતું? તે દિશામાં અત્યારે પોલીસ તપાસ કરી રહી છે. મળતી જાણકારી પ્રમાણે ઈસનપુરમાં રહેતા કારચાલક કૌશિક ચૌહાણ નામના યુવકે નશાની હાલતમાં કાર ચલાવી હતી અને સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા અનેક વાહનોને ટક્કર મારી હતી. સમગ્ર ઘટનાને લઈને લોકો ગુસ્સામાં આવી ગયાં હતાં. કારચાલક ઘટના સ્થળ પરથી ભાગી ગયો હતો પરંતુ ટોળાએ તેનો પીછો કર્યો હતો. બાદમાં કારના બોનેટ પરથી ડ્રાઈવર કૌશિક ચૌહાણનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં ઝોન ૭ની એલસીબી પોલીસ, વેજલપુર પોલીસ અને ટ્રાફિક પોલીસે ઘટના સ્થળ પર પહોંચીને કાર્યવાહી હાથ ધરી દીધી હતી. પોલીસ આસપાસના સીસીટીવીના કેમેરા ચેક કરીને ઘટના અંગે તપાસ હાથ ધરી હતી. વેજલપુર પોલીસ સ્ટેશન પોલીસે અધિકારીએ આ ઘટનાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, ગઈ કાલે મંગળવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ કારના બોનેટ પાસેથી કૌશિક ચૌહાણનો મૃતદેહ મળી આવ્યો હતો અને બાદમાં તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે અત્યારે આ મામલે કેસ પણ નોંધવામાં આવ્યો અને પાંચ-છ લોકોની અટકાયત કરવામાં આવી છે. ■

# રાજ્યમાં ૧૦ મેથી સિંહોની વસ્તી ગણતરી શરૂ થશેઃ 300 કર્મચારીઓ જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આવતા મહિને સિંહની વસ્તી ગણતરી હાથ ધરવામાં આવનાર છે. આ વસ્તી ગણતરીમાં ૩૦૦૦ લોકો જોડાશે, ૬૫૦ થી ૭૦૦ જેટલી ટીમો બનાવીને સાયન્ટિફિક રીતે સર્વે થશે. સૌરાષ્ટ્રનાં ૩૪૦૦ ગામો જંગલ વિસ્તારની આ વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. એક અંદાજ મુજબ છેલ્લાં દસ વર્ષમાં સિંહનો વસવાટ ૫૦૦૦ ચોરસ કિ.મી. ફેલાયો છે.

એશિયાઈ સિંહોના એકમાત્ર રહેણાંક ગણાતા ગુજરાતના સૌરાષ્ટ્ર ખાતે આવતા મહિને યોજાનારી સિંહની વસ્તી ગણતરીમાં રાજ્યના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૪૦૦ જેટલા ગામો જંગલોનો અંદાજે કુલ ૩૫ હજાર ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવરી લેવાશે. છેલ્લે ૨૦૧૫માં થયેલી પદ્ધતિસરની વસતી ગણતરીમાં આશરે છેલ્લાં ૧૦ વર્ષમાં સિંહોનો વસવાટ વધુ ૫ હજાર ચોરસ કિલોમીટરમાં વિસ્તર્યો છે.

રાજ્યના વનવિભાગે વસતી ગણતરી માટે ૩૫ હજાર ચોરસ કિલોમીટર વિસ્તારને ૮ રિજન, ૩૧ ઝોન, ૧૧૦ સબઝોન અને ૩૪૦૦ ગામો બીટ વિસ્તારને વિભાજિત કરી છે અને ૬૫૦ થી ૭૦૦ જેટલી કુલ ટીમ દ્વારા આ સરવેની કામગીરી કરશે. જેમાં વનવિભાગના આ બીટગાર્ડ વનપાલ વનરક્ષકથી માંડીને ટોચના અધિકારીઓ, નિરીક્ષકો, વોલનટિયર્સ મળીને કુલ ૩ હજાર વ્યકિતઓ જોડાશે, સબઝોનલ કક્ષાએ હાઇ રેઝોલ્યુશન કેમેરા અપાશે, જેના દ્વારા ડુપ્લિકેશન ટાળવા સિંહોના ચોતરફના ફોટા લેવાશે. વન્ય જીવોની ગણતરી માટે વૈશ્વિક કક્ષાએ મોસ્ટ સાયન્ટિફિક સ્ટાન્ડર્ડ મેથડ ગણાતી બ્લોક કાઉન્ટ પદ્ધતિ યાને ડાયરેક્ટ બીટ વેરિફિકેશન પદ્ધતિ અનુસાર સિંહોની ગણતરી હાથ ધરાશે. તા.૧૦મી મેએ બપોરે ૨ વાગ્યાથી તા.૧૧ના બપોરે ૨ વાગ્યા સુધી પ્રાથમિક ગણતરી શરૂ થશે.

તા.૧૨મી મેએ બપોરે ૨થી ૧૩મીના બપોરે ૨ સુધી ફાઈનલ ગણતરી હાથ ધરાશે. વર્ષ ૧૯૯૫માં સિંહોની વસતી ૩૦૪ હતી, જે ૨૦ વર્ષ બાદ ૭૨ ટકા વધીને ૨૦૧૫માં ૫૨૩ થઈ હતી. ૨૦૨૦માં પૂનમ અવલોકનને આધારે ૬૭૪ સિંહો હોવાની અટકળ બાંધવામાં આવી હતી. આ વખતે પણ સિંહની સંખ્યામાં વધારો થાય તેવો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા ૧૦ વર્ષે હાથ ધરવામાં આવે છે, સિંહનું વસવાટ ૫૦૦૦ ચો.કિ.મી. વિસ્તાર પામ્યો છે. ■

# ગીર સોમનાથમાં ચા-વાળાને ઇન્કમટેક્સની ૧૧૫ કરોડની નોટિસઃ પરિવારની હાલત કફોડી બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં ચાની દુકાનમાં કામ કરતો યુવક જેની માસિક આવક માત્ર ૧૦ હજાર રૂપિયા છે, તેને ઇન્કમટેક્સે ૧૧૫ કરોડની નોટિસ ફટકારતા ચકચાર મચી ગઈ હતી. નોંધનીય છે કે, આટલી મોટી રકમની નોટિસ ઇન્કમટેકસ દ્વારા મળતા યુવકનો પરિવાર ખૂબ જ ચિંતામાં આવી ગયો હતો. સમગ્ર મામલો કોડીનાર શહેરમાં વાયુ ભેગે ફેલાતા ઇન્કમટેક્સ વિભાગ અત્યારે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. કોડીનારમાં રહેતા આસિફ મહંમદભાઇ શેખ નામનો યુવાન જે ચાની હોટલમાં કામ કરે છે. આ યુવકે વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં ૧ અબજ ૧૫ કરોડનું ટ્રાન્ઝેકશન કર્યું હોવાના આરોપ સાથે ઇન્કમટેકસ વિભાગે ત્રણ નોટિસ ફટકારી હતી. આસિફ શેખના બેન્ક એકાઉન્ટમાં માત્ર હજાર રૂપિયા કરતા પણ ઓછી રકમ જ જમા પડી છે. તેને ઇન્કમટેકસ વિભાગે કયાં કારણોસર ૧૧૫ કરોડ ૯૦ લાખ રૂપિયાની નોટિસ ફટકારી કેવી રીતે? તે મોટો પ્રશ્ન છે. આ મુદ્દો અત્યારે સમગ્ર પંથકમાં ખૂબ ચર્ચાનો બન્યો છે. આ બાબતે આસિફે જણાવ્યું હતું કે, તે ભાડાના મકાનમાં રહે છે અને માસિક ૧૦ હજારની નોકરી કરે છે, એટલું જ નહીં પરંતુ તેણે શેઠ પાસેથી ૮૦ હજાર રૂપિયા ઉધાર લીધા હોવાનું પણ જણાવ્યું હતું. આસિફે કહ્યું હતું કે મેં ક્યારે બે લાખ રૂપિયા પણ એકસાથે જોયા નથી. જેથી આ નોટિસના કારણે તેનો આખો પરિવાર ચિંતામાં આવી ગયો છે. ઇન્કમટેક્સની આ નોટિસ બાબતે આસિફ અને તેના પરિવારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. એટલું જ નહીં પરંતુ આ નોટિસ આવકવેરા વિભાગનો છબરડો છે? કે પછી કોઈ મોટું કૌભાંડ? તે અંગે અનેક પ્રશ્નો થયા છે. જો કે, આ મામલે આવકવેરા વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે, આ યુવકનું પાન કાર્ડ અને તેના અન્ય દસ્તાવેજોનો ઉપયોગ કરીને કોઈએ નાણાકીય વ્યવહાર કર્યો હોઈ શકે છે, અથવા તો તેની સાથે કોઈએ સાયબર ફ્રોડ કર્યું હોઈ શકે છે. જો કે, આ દિશામાં અત્યારે પોલીસ ફરિયાદ નોંધાવાથી આગળની તપાસ કરવામાં આવશે. ■

# રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છની માત્ર ૧૫ નગરપાલિકાને જ છ કરોડની સહાય મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યની ૧૪૯ નગરપાલિકાઓને અ,બ,ક અને ડ કેટેગરીમાં વર્ગીકૃત કરી છે. આ નગરપાલિકાઓને કેટેગરી પ્રમાણે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા વધુમાં વધુ છ કરોડ અને ઓછામાં ઓછા રૂપિયા ત્રણ કરોડ રૂપિયાની સહાય બિલ્ડિંગ નિર્માણના કાર્ય માટે આપવાની જાહેરાત કરવામાં આવી હતી. કેટેગરીમાં અ કેટેગરીમાં ૧૫ નગરપાલિકાઓ, ક કેટેગરીમાં સૌરાષ્ટ્ર-કચ્છની ૨૪ નગરપાલિકાઓ અને ડ કેટેગરીમાં સૌરાષ્ટ્ર-કચ્છની નવ નગરપાલિકાઓને વર્ગીકૃત કરવામાં આવી છે.

કેટેગરીની વાત કરવામાં આવે તો અ વર્ગમાં સૌરાષ્ટ્ર- કચ્છની માત્ર ૧૫ નગરપાલિકા આવે છે. જેમાં ક્રમશઃ અમરેલી, સાવરકુંડલા, ભુજ, અંજાર, દ્વારકા, ખંભાળિયા, કેશોદ, વેરાવળ, બોટાદ, મહુવા, પાલિતાણા, જેતપુર, ગોંડલ, ધોરાજી અને ધ્રાંગધ્રાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી આ નગરપાલિકાઓને ૬ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂની વ્યવસ્થા મુજબ નગરપાલિકાઓની કુલ સંખ્યા ૧૫૬ હતી પરંતુ નવી રચના પછી તે ઘટીને ૧૪૯ થઈ ગઈ છે.

બ કેટેગરીની વાત કરવામાં આવે તો, સૌરાષ્ટ્ર કચ્છની ૧૬ નગરપાલિકા, જેમાં ક્રમશઃ લીમડી, થાનગઢ, ચોટીલા,, સિહોર, ઉપલેટા, જસદણ, વાંકાનેર, માંડવી, ભચાઉ, મુન્દ્રા, ઓખા, માંગરોળ, ઉના, કોડીનાર, રાણાવાવ અને રાજુલા નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ક કેટેગરીમાં સૌરાષ્ટ્ર કચ્છની ૨૪ નગરપાલિકાને કચેરી બિલ્ડિંગ બાંધકામ માટે રૂપિયા ૪ કરોડની સહાય આપવામાં આવશે. આ સાથે સૌરાષ્ટ્રની કચ્છની ડ વર્ગમાં આવતી નવ નગરપાલિકાઓને ત્રણ કરોડની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે. ■

## સંસ્થા સમાચાર

### રાજકોટમાં ૩૬ કરોડના ખર્ચે માનવસેવા સંકુલના નિર્માણની ધીરગુરુદેવ દ્વારા ઘોષણા



શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ - રાજકોટના ઉપક્રમે રંગીલા રાજકોટમાં સમાજને ઉપયોગી વિશાળ માનવસેવા સંકુલ આશરે ૩૬ કરોડના ખર્ચે આકાર લેશે. ૧૨ કરોડના ખર્ચે ૨૩૦૦ વાર જગ્યા કાલાવડ રોડ ખાતે અવધ પાર્કમાં લેવામાં આવેલ છે. જેમાં આઠ હજાર સ્ક્વૅર ફીટનો હોલ તેમજ બે નાના હોલ, કીચન વગેરે તેમજ પચીસ અદ્યતન અતિથિ રૂમ, પાર્કિંગ વગેરેની સુવિધા હશે. સંઘ પ્રમુખ હરેશભાઈ વોરાની કમિટીને ભગીરથ કાર્ય કરવાના સંકલ્પને મહાવીર જયંતીના સહુએ બિરદાવ્યો હતો. ટૂંક સમયમાં નવનિર્માણ યોજના જાહેર કરાશે. વિરાણી પૌષધ શાળામાં જૈન શાળા, મહિલા જ્ઞાન ઉત્કર્ષ યોજનામાં ધારા જીતુભાઈ બેનાણી વગેરેએ યોગદાન જાહેર કરેલ. ગુરુદેવની નિશ્રામાં કુલ ૧૭૯૧ આયંબિલ અને ૧૪૩ ઓળી થયેલ. પારણાના લાભાર્થી અશ્વિન પંચમીઆનું અભિવાદન કરવામાં આવેલ. ગુરુદેવ વૈશાલીનગરમાં પધાર્યા છે.



*તસવીરમાં ભૂતપૂર્વ વિધાનસભ્ય રવીન્દ્ર મિર્લેકર, નાના શંકર શેટ પ્રતિષ્ઠાનના મહામંત્રી મનમોહન ચોણકર, સલાહકાર પ્રકાશ ચિખલીકર, કોષાધ્યક્ષ ચંદ્રશેખર દાભોળકર, કાર્યકારી સભ્ય ડૉ. વિવેદ રાયકર, ઉપાધ્યક્ષ દિનકર બાયકેરીકર નજરે પડે છે.*

## મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનને ‘નાના શંકર શેટ’ નામ આપવા આંદોલન

મુંબઈ: મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનને ભારતીય રેલવેના જનક તરીકે ઓળખાતા જગન્નાથ નાના શંકર શેટ ઉર્ફે નાના શંકર શેટ નામ આપવાની માગણી ઘણા સમયથી થઇ રહી છે ત્યારે બુધવારે પણ નાના શેટના સમર્થકો બુધવારે સવારે હાથમાં બેનરો લઇને અને સૂત્રોચ્ચાર કરતા મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનની બહાર ભેગા થયા હતા. આ આંદોલનમાં નાના શંકર શેટના પરિવારના સભ્યો પણ હાજર રહ્યા હતા જેમાં સુરેન્દ્ર શેટનો સમાવેશ થાય છે. આ સિવાય નાના શંકર શેટ સમિતિના સલાહકાર પ્રકાશ ચિખલીકર, એડવોકેટ મનમોહન ચોણકર, ડોક્ટર ગજાનન રત્નપારખી, સંજય મંડલિક, ભાજપના વિધાનસભ્ય સંજય ઉપાધ્યાય, શિંદેસેનાના રાજૂ પેડણેકર, જયપ્રકાશ બાવિસ્કર, એનસીપીના કાકા કુડાળકર એમ રાજકીય અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા. મુંબઈ સેન્ટ્રલના ડીઆરએમ તિવારીને આંદોલનકારીઓ તરફથી નિવેદન પત્ર આપવામાં આવ્યો હતો. મુંબઈમાં પ્રથમ પ્રવાસી ટ્રેન દોડી તેમાં નાના શંકર શેટનું મહત્ત્વનું યોગદાન હતું અને તેની સ્મૃતિમાં જ ૧૬મી એપ્રિલનો દિવસ રેલવે દિન તરીકે ઉજવાય છે, એમ પ્રકાશ ચિખલીકરે જણાવ્યું હતું.

## પાલિકા બોરીવલીમાં ક્લિનિક અને ડાયાલિસિસ સેન્ટર શરૂ કરશે

### પીપીપી ધોરણના આ સેન્ટરમાં બધા ટેસ્ટ થશે વાજબી દરે

મુંબઈ: પાલિકાએ બોરીવલીમાં આવેલી પોતાની જમીન પર જાહેર-ખાનગી ભાગીદારી (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ-પીપીપી)ના આધારે ક્લિનિક અને ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ કેન્દ્રમાં નાની-મોટી ટેસ્ટ એક છત હેઠળ જ કરવામાં આવશે. આ અગાઉ પાલિકાએ બોરીવલીની ભગવતી હોસ્પિટલમાં પીપીપીના ધોરણ લાગુ કરવાનો નિર્ણય લીધો હતો.

બોરીવલીના નવા ક્લિનિકમાં સામાન્ય કન્સલ્ટિંગ માટેની ફી ૧૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે જ્યારે સ્પેશિયલ ડોક્ટરની કન્સલ્ટિંગ ફી ૨૯૩ રૂપિયા અને સુપર સ્પેશિયલિસ્ટ ડોક્ટરની કન્સલ્ટિંગ ફી ૩૪૫ રૂપિયા નક્કી કરી છે. બોરીવલી પશ્ચિમમાં પંજાબી ગલી ડાયગ્નોસ્ટિક સેન્ટર એ પાલિકાની બે માળની ઇમારત છે. કોવિડ શરૂ થવા પહેલા આ ઇમારતનું કામ પૂર્ણ થયું હતું, પરંતુ લોકડાઉન લાગ્યા બાદ અને દર્દીઓની સંખ્યા વધ્યા બાદ તેનું રૂપાંતર કોવિડ સેન્ટરમાં કરવામાં આવ્યું હતું. હવે પાલિકાએ આ ઇમારતને પીપીપીના ધોરણે આપવાનું નક્કી કર્યું છે. પાલિકાએ આ માટે ટેન્ડર પણ બહાર પાડ્યાં છે. તેમાં એક સુપરસ્પેશિયલિસ્ટ ક્લિનિક હશે.

## હાઇ-સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ માટે બોગસ વેબસાઇટ બનાવનાર પકડાયો

મુંબઈ: હાઇ-સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ માટે બોગસ વેબસાઇટ તૈયાર કરીને વાહનચાલકો સાથે છેતરપિંડી આચરવા પ્રકરણે સાયબર પોલીસે બેંગલુરુથી ૫૭ વર્ષના આરોપીની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ વિનોદ વ્યંકટ બાળવે તરીકે થઇ હોઇ તેને સ્થાનિક અદાલતે પોલીસ કસ્ટડી ફટકારી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

આસિસ્ટન્ટ ટ્રાન્સપોર્ટ કમિશનર ગજાનન ઠોંબરેએ આ પ્રકરણે સાઉથ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં આરોપ કરવામાં આવ્યો હતો કે હાઇ-સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ બેસાડવા માટે સાયબર ગુનેગારો દ્વાર બનાવટી લિંક તૈયાર કરવામાં આવી છે. સાયબર પોલીસ દ્વારા આ પ્રકરણે તપાસ કરવામાં આવી હતી, જેમાં બેંગલુરુ ખાતે રહેનારા શખસે બનાવટી લિંક તૈયાર કરી હોવાનું જાણવા મળ્યું હતું. આથી પોલીસ ટીમ ત્યાં રવાના થઇ હતી અને આરોપીને તાબામાં લીધો હતો.

આઠમા પાનાનું ચાલુ

### અમારી સરકાર

એરપોર્ટનું બાંધકામ ૧૯૯૨માં જાહેર બાંધકામ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું, પરંતુ જાહેર ઉપયોગ માટે બિન-કાર્યક્ષમ રહ્યું હતું. રાજ્ય સંચાલિત મહારાષ્ટ્ર એરપોર્ટ ડેવલપમેન્ટ કંપની (એમએડીસી)એ લાયસન્સિંગ આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે વિસ્તૃત રનવે અને અન્ય અપગ્રેડ સાથે એરપોર્ટનું નવીનીકરણ કર્યું હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં એલાયન્સ એર કંપનીની ફ્લાઇટ ૯આઈ૬૩૩ નવા બનેલા અમરાવતી એરપોર્ટ પર આવી હતી. આ પ્રસંગે, અમરાવતી એરપોર્ટ પર પહોંચનારા પ્રથમ પેસેન્જર પ્લેનને ભવ્ય વોટર કેનન સલામી આપવામાં આવી, એમ તેમણે એક્સ પર પોસ્ટ કર્યું હતું.

### અમારા આદેશ

કોર્ટમાં ૩૬ વર્ષના સ્ટેન્ડ-અપ કોમેડિયન કામરા દ્વારા અરજી કરવામાં આવી છે. કામરાએ પોતાની અરજીમાં એવો દાવો કર્યો છે કે પોતાની સામેની એફઆઈઆરએ પોતાના વાણી તથા અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, તેમ જ બંધારણ હેઠળ પોતાને વ્યવસાય-વ્યાપારના અધિકાર તથા જીવન અને આઝાદીના અધિકારના ઉલ્લંઘનરૂપ છે. (પીટીઆઈ)

### લાડકી બહેન યોજના

કરવાનો કોઈ પ્રશ્ન જ નથી’ના એક દિવસ પછી આવી છે.

‘મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજના’ હેઠળ મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ યોજનાનો મહાયુતિના વિજયમાં મોટો ફાળો માનવામાં આવે છે. ‘આ રકમ ઘટાડીને ૫૦૦ રૂપિયા કરવામાં આવશે કે લાભાર્થીઓને ૧,૫૦૦ રૂપિયા મળવાનું ચાલુ રહેશે કે કેમ તે અંગે ચર્ચા ચાલી રહી છે. અમે ૩,૦૦૦ રૂપિયા (ચૂંટણી પહેલાં વિપક્ષી એમવીએ દ્વારા વચન આપવામાં આવ્યું હતું) આપવાની યોજના બનાવી રહ્યા હતા,’ એમ ઠાકરેએ કહ્યું હતું.

‘લાડકી બહેન યોજના લગભગ સમાપ્ત થઈ ગઈ છે. તેઓ (સરકાર) ૨,૧૦૦ રૂપિયા (વચન મુજબ) આપશે નહીં અને મને શંકા છે કે તેમને (મહિલાઓને) ૧,૫૦૦ રૂપિયા પણ મળશે કે નહીં,’ એમ તેમણે કહ્યું હતું.

### મુંબઈમાં વોટર ટેક્સીઓ

ઘટાડશે અને જાહેર પરિવહન સેવાને સસ્તા દરે પૂરી પાડશે. તેનું સંચાલન મહારાષ્ટ્ર મેરીટાઇમ બોર્ડ દ્વારા કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. હાલની લાકડાની હોડીઓ ચાલુ રાખી શકે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે, માર્ગ પરિવહન સેવા એગ્રીગેટર્સની જેમ મુસાફરો પાસે પસંદગી હશે. આ ઉપરાંત, મુંબઈના મઝગાંવથી સિંધુદુર્ગ જિલ્લાના માલવણ સુધી ‘રો-રો (રોલ ઓન-રોલ ઓફ) સેવા સુવિધા પૂરી પાડવામાં આવશે અને તે સાડા ચાર કલાકમાં અંતર કાપશે. આની પહેલી સેવા ગણપતિ ઉત્સવ દરમિયાન શરૂ થશે, એમ તેમણે જણાવ્યું હતું. આ સેવા માટે રત્નાગીરી, વિજયદુર્ગ અને માલવણ ખાતે જેટીઓનું નિર્માણ થઈ રહ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

### ખુરશીઓ જ બદલાઈ

ફડણવીસ અને અજિત પવાર મારા કો-પાઇલટ હતા. હવે દેવેન્દ્ર ફડણવીસ અમારા પાઇલટ છે. હું અને અજિત પવાર કો-પાઇલટ છીએ. ફક્ત અમારી ખુરશીઓ બદલાઈ છે. જોકે, વિકાસનું વિમાન એ જ છે, એન્જિન એ જ છે. હવે તે વધુ ઝડપી ગતિએ દોડતું જોવા મળે છે.’

#### અમે પાછલી સરકારના સ્પીડ બ્રેકર્સ દૂર કર્યા: શિંદે

આ દરમિયાન, એકનાથ શિંદેએ પાછલી મહા વિકાસ આઘાડી સરકારની પણ ટીકા કરી. તેમણે કહ્યું હતું કે, ‘અમારા પહેલા જે લોકો સત્તામાં હતા તેઓ ફક્ત સમસ્યાઓનો ઢગલો કરતા હતા. તેમના સમયમાં ઘણા પ્રોજેક્ટ્સ અટકી ગયા હતા. તેમણે દરેક જગ્યાએ સ્પીડ બ્રેકર લગાવ્યા હતા. જોકે, જ્યારે અમે સત્તામાં આવ્યા, ત્યારે અમે બધા સ્પીડ બ્રેકર્સ દૂર કર્યા. હવે આપણે બુલેટ ટ્રેનની ગતિએ આગળ વધવાનું છે.

### નાશિકમાં દરગાહના

હતી. ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ ટીમ પર પથ્થરમારો કર્યો હતો, જેમાં ૨૧ પોલીસ જખમી થયા હતા અને ત્રણ પોલીસ વાહન સહિત અન્ય વાહનોને પણ નુકસાન થયું હતું. ડીસીપી ચવાણે જણાવ્યું હતું કે પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો અને ટીયરગૅસના સેલનો ઉપયોગ કરાયો હતો. હિંસા કરવા બદલ ૧૫ જણને તાબામાં લઈ તેમની સામે ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઘટનાસ્થળેથી ૫૭ બાઈક જપ્ત કરવામાં આવી હતી. પોલીસ કાર્યવાહી બાદ પરિસ્થિતિ કાબૂમાં હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન બુધવારની સવારે છ વાગ્યાની આસપાસ મહાપાલિકાના લગભગ ૫૦ કર્મચારી કાથે ગલ્લી વિસ્તારમાં આવેલી સતપીર બાબા દરગાહના ડિમોલિશન માટે પહોંચ્યા હતા. ચાર અર્થ-એક્સકેવેટર્સ, છ ટ્રક અને બે ડમ્પરની મદદથી દરગાહ આસપાસનાં ગેરકાયદે બાંધકામો તોડી પડાયાં હતાં. (પીટીઆઈ)

### ૧૦ દિવસમાં

પુત્ર જય પવારની સગાઈના પ્રસંગે ભેગા થયા હતા. ત્યારબાદ મીડિયાએ પણ અજિત પવારને પ્રશ્નો પૂછ્યા હતા.

એનસીપીમાં ભાગલા પડ્યા હોવા છતાં, બંને જૂથોના નેતાઓ વારંવાર સાથે બેઠકો કરી રહ્યા છે.

એનસીપીમાં ભાગલા પડ્યા હોવા છતાં, બંને જૂથોના નેતાઓ ક્યારેક ક્યારેક એકબીજાને મળે છે અને એકબીજા સાથે સંપર્ક જાળવી રાખ્યો છે. બંને જૂથો કહે છે કે શરદ પવાર તેમના ભગવાન છે. તેથી, ઘણીવાર એવી ચર્ચા થાય છે કે રાષ્ટ્રવાદી પક્ષની અંદરના બે જૂથો ફરી એક થઈ જશે. હવે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ આવું જ નિવેદન આપ્યું છે. અજિત પવારે કહ્યું હતું કે તેઓ ગઈકાલે પણ શરદ પવારને ભગવાન માનતા હતા અને આજે પણ માને છે. તેમણે પિંપરીમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ અન્ના બનસોડેના સન્માન કાર્યક્રમમાં આ નિવેદન આપ્યું હતું. અમે પણ, અમારા પરિવારમાં, ગઈકાલે પણ શરદ પવારને ભગવાન માનતા હતા અને આજે પણ માનીએ છીએ, પરંતુ આજે દેશને મોદી જેવો નેતા મળ્યો છે. દેશની પ્રતિષ્ઠા દુનિયામાં વધી રહી છે. મારે તેમની સાથે ક્યાંક રહેવું છે. તેથી, અજિત પવારે કહ્યું હતું કે તેમણે ત્યાં જ નિર્ણય લીધો હતો. બંને નેતાઓ જય પવારના સગાઈ સમારોહમાં ભેગા થયા હતા, ત્યારબાદ અજિત પવાર અને શરદ પવાર સતારામાં રયત શિક્ષણ સંસ્થાની બેઠકમાં હાજર રહ્યા હતા. આ સમયે બંને વાતચીત કરી રહ્યા હોવાનું પણ જોવા મળ્યું. હવે, બંને નેતાઓ ફરી એકવાર સાથે આવવાના હોવાથી ફરી અટકળોનું બજાર ગરમ થઈ ગયું હોવાનું જોવા મળી રહ્યું છે.

### અજિત પવાર

અગાઉ, રાજ્યના મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાન અદિતિ તટકરેએ મંગળવારે જણાવ્યું હતું કે યોજના હેઠળ ચૂકવવામાં આવતી સહાયની રકમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, પરંતુ બીજી યોજના હેઠળ પહેલાથી જ ૧,૦૦૦ રૂપિયા મેળવતી લગભગ ૭.૭૪ લાખ મહિલાઓને ૫૦૦ રૂપિયાનો તફાવત ચૂકવવામાં આવી રહ્યો છે.

## હિન્દુ મરણ

**લેવા પટેલ**

મૂળ ગામ દહેગામ હાલ મુંબઈ, દિપ્તીબેન અમીન (ઉં.વ. ૬૦) મંગળવાર તા. ૧૫-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજુભાઈ અમીનના ધર્મપત્ની. સ્વ. બિહારીલાલ સારાભાઈ, સ્વ. ભારતીબેનના પુત્રવધૂ. રોહનના માતુશ્રી. આશાનીના સાસુ. શીતલ (પ્રીતુ) બિહારીલાલ અમીનના ભાભી. પ્રાર્થનાસભા ૫ થી ૭. સ્થળ ભારતીય વિદ્યા ભવન, ચૌપાટી, મું. ૭.

**ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ**

હળવદ, હાલ ભાંડુપ સ્વ. ચંપાબેન કરસનદાસ ચૌહાણના પુત્ર ઝવેરભાઈના ધર્મપત્ની અ. સૌ. ભારતીબેન (ઉં. વ. ૭૩) તે યોગેશ, મનીષ, ભાવનાના માતુશ્રી. ગીતા, રીટા અને પ્રકાશકુમાર ચાવડાના સાસુ. સ્વ. નગીનભાઈ, વિજયભાઈ, સ્વ. દયાબેન, સ્વ. હસુબેન, કોકીબેન, મંજુલાબેનના ભાઈની પત્ની તથા સાયલા નિવાસી સ્વ. મનુભાઈ બેચરદાસ મકવાણાના દીકરી. તા. ૧૩-૪-૨૫ રવિવારના રામચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૫ના ગુરુવાર ૪ થી ૬. સ્થળ: ગોપુરમ હોલ, પુરુષોત્તમ ખેરાજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, જગજીવનરામ નગર, મુલુંડ પશ્ચિમ.

**કપોળ**

મહુવાવાળા હાલ ઘાટકોપર સ્વ. કલાવતી તેમ જ કનૈયાલાલ બાલુભાઈ પારેખના સુપુત્ર સ્વ. લલિતભાઈ (ઉં.વ. ૭૧) તે વિજયના ભાઈ. તેમ જ બિપિનભાઈ, હેમાબહેન અને સુશીલભાઈના પિત્રાઈ ભાઈ. સ્વ. બાબુભાઈ, સ્વ. ગોદાવરીબેન, ગં.સ્વ. ભાનુબેન, સ્વ. જસવંતીબેનના ભત્રીજા. સ્વ. કેશુરદાસ અને સ્વ. પ્રતાપરાય બાલુભાઈ પારેખના ભાણેજ. તા. ૧૧-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તેમ જ સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બસીયા બ્રાહ્મણ**

ગામ અડપોદરા નિવાસી, હાલ મુલુંડ અ.નિ. પુષ્પાબેન ભાલચંદ્ર પંડ્યાના સુપુત્ર મહેશભાઈ (ઉં.વ. ૬૬) તા. ૧૪-૪-૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. તેઓ વાસંતીબેનના પતિ. પરિન તથા સિદ્ધિના પિતાશ્રી. શ્રદ્ધા, પાર્થિવકુમારના સસરા. સમાયરા અને ઝિયાનાના દાદા. પંકજભાઈ, સંજયભાઈના મોટાભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૫, ગુરુવારે ૪.૦૦થી ૬.૦૦. સ્થળ: તથાસ્તુ બેન્કવેટ હોલ, કાલિદાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, પી.કે. રોડ, મુલુંડ (વેસ્ટ). ઉત્તરક્રિયા મુંબઈ મુકામે રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

નાગપુર નિવાસી સ્વ. રજનીકાંતભાઈ ભીમજીભાઈ ચોકસી પારેખના ધર્મપત્ની ગં. સ્વ. રશ્મિબેન (ઉં.વ. ૯૩) તે સ્વ. અરૂણભાઈ, દિનેશભાઈ, સ્વ. જિતેન્દ્રભાઈ, ગં. સ્વ. જયશ્રીબેન નવનીતરાય, સ્વ. અમિતાબેન દિપકભાઈના માતા. ગં. સ્વ. મીનાબેન, સૌ. પારૂલબેનના સાસુ. સ્વ. કાન્તીલાલ ગંગારામ શાહના દિકરી. સ્વ. નંદલાલભાઈ, સ્વ. તારાચંદભાઈ, સ્વ. લક્ષ્મીકાંતભાઈ, પ્રમોદભાઈ, સ્વ. ચન્દ્રકાંતભાઈ, સ્વ. જગતભાઈ, સ્વ. સરલાબેન, સ્વ. વાસંતીબેનના ભાભી. રીયા-પ્રીતેશ, માનસી-પ્રનવ, કીંજલ, પ્રશંત, રાખી, રીનાના દાદી તા. ૧૪-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ભાસ્કરભાઈ શર્મા તે સ્વ. કાંતિશંકર શર્મા તથા સ્વ. હિરાલક્ષ્મીના પુત્ર. સ્વ. રંજનગૌરીના પતિ. સ્વ. સંજીવભાઈ, મયંક, પરાગના પિતાશ્રી. હૃષિકેશ શર્મા, સ્વ. ભગવતીબેન ભટ્ટ, સ્વ. નલિનિબેન દવે, સ્વ. વાસંતીબેન ભટ્ટના ભાઈ. અ. સૌ. રાજલક્ષ્મી શર્મા, રાજશ્રી શર્માના સસરા. સ્વ. ભાઈશંકર દવે તથા સ્વ. હિરાલક્ષ્મીના જમાઈ તા. ૧૫-૪-૨૫, મંગળવારના કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા શનિવાર, ૧૯-૪-૨૫ના ૧૦ થી ૧૨. ઠે. વિશ્વેશ્વર ભવન, પહેલે માળે, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે વેસ્ટ.

**કચ્છી લોહાણા**

પીયુષ ગણાત્રા (ઉં.વ. ૪૧) ગામ આમારા હાલે મુલુંડ તા. ૧૫-૪-૨૫, મંગળવારે શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. કમળાબેન જમનાદાસ ટોકરશી ગણાત્રાના પુત્ર. અર્ચના મનોજ ચોથાળી, દીપા મહેશ ગુપ્તાના ભાઈ. જયોત્સનાબેન મહેન્દ્ર ગણાત્રાના ભત્રીજા. સ્વ. હરિરામ (બુધિયાભાઈ), કિશોરભાઈ ચોથાળીના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૫,

### મૌલવીએ પોતાનું

ગુલામ શેખની સંડોવણીની શંકા વ્યક્ત કરાઈ હતી. કહેવાય છે તે સમયે શેખને તાબામાં લઈ પૂછપરછ માટે પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો, પરંતુ તે સમયે રહેવાસીઓએ પોલીસ સ્ટેશન બહાર કરેલી ભીડનો લાભ ઉઠાવી આરોપી ત્યાંથી રવાના થઈ ગયો હતો. પછી શેખની કોઈ ભાળ ન મળતાં ક્રાઈમ બ્રાન્ચ પણ તેની શોધમાં લાગી હતી. શેખ આસામમાં હોવાની માહિતી તાજેતરમાં પોલીસને મળી હતી. માહિતીને આધારે તેને તાબામાં લઈ થાણે લાવવામાં આવ્યા પછી પાંચ વર્ષ અગાઉના હત્યાકાંડ પરથી પડદો ઊંચકાયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે દુકાનમાં શરમજનક કૃત્ય કરનારા આરોપીને શોએબે જોઈ લીધો હતો, જેને પગલે આરોપી ડરી ગયો હતો. શોએબ આ વાતની જાણ રહેવાસીઓને કરી દેશે, એવી શક્યતાને પગલે આરોપીએ તેની હત્યા કરી હતી.

કહેવાય છે કે હત્યા બાદ સગીરની લાશ આરોપીએ તેની દુકાનમાં ખાડો ખોદીને દાટી દીધી હતી. થોડા સમય પછી કોહવાયેલા મૃતદેહને ખાડામાંથી બહાર કાઢી તેના ટુકડા કર્યા હતા. અમુક ટુકડા કચરામાં ફેંક્યા અને બાકીના ટુકડા માથા સાથે ફરી દુકાનમાં દાટી દીધા હતા. પોલીસે દુકાનમાંથી અમુક અવશેષ તાબામાં લઈ તપાસ માટે ફોરેન્સિક લૅબમાં મોકલાવી દીધા હોવાનું કહેવાય છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી જૈન**

જૂનાગઢ નિવાસી (સુદાનવાલા) હાલ કાંદિવલી ચારકોપ અમૃતલાલ નાથાલાલ દોશીના સુપુત્ર સ્વ. પ્રમોદભાઈ દોશી (ઉં. વ. ૭૬) હેમાબેનના પતિ. અવની અને ક્રિનાના પિતા. સ્વ. જયંતીભાઈ, સ્વ. અનિલભાઈ, સ્વ. દિપકભાઈ, સ્વ. રાજુભાઈ અને સંજયભાઈ દોશીના ભાઈ. સ્વ. કેશવલાલ વલ્લભભાઈ પંચમીયાના જમાઈ. હરેશભાઈ અને રાજુભાઈના બનેવી. તા. ૧૫-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર વિશા ઓસવાલ જૈન**

હાલ મુંબઈ ભરતભાઈ કેશવલાલ શાહ (ઉં. વ. ૭૦) દયાબેન શાહના સુપુત્ર. બીનાબેનના પતિ. પારેખ મણિલાલ અમૃતલાલના જમાઈ. શ્વેતા વિરેન્દ્રકુમાર ઝવેરી તથા મુક્તિ આકાશકુમાર શાહના પિતા. નીવ, શિખર, વિહાના, જિનાયાના નાના. દિપકભાઈ, ભૂપેન્દ્રભાઈ, મુકેશભાઈ અને ઈલાબેન ભરતકુમાર શાહના ભાઈ ૧૪-૪-૨૫ના સોમવારના અરિહંતશરણ થયેલ છે. એમની ભાવયાત્રા ૧૮-૪-૨૫ના શુક્રવારે સવારે ૧૦ થી ૧૨.૩૦ પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ઈન્દોર-પુના, સ્વ. પ્રભાબેન જેવતલાલ દોશીના પુત્રવધૂ જ્યોત્સનાબેન કિશોરભાઈ દોશી (સ્વ. વાડીલાલ સુંદરજી શેઠની સુપુત્રી.) તે નીતા આશિષ દોશી તથા બિનિતા કેતનકુમાર દોશીના સાસુ/માતુશ્રી. તે સ્વ. મૃદુલાબેન રમેશચંદ્ર દોશીના દેરાણી. તે જ્યોત્સનાબેન અનુપચંદ મહેતા તથા સ્વ. ધીરજબેન મહેન્દ્રભાઈ મહેતાના ભાભી. તે રમીલા, સરોજ, ગીતા, સંધ્યા, અમિત અને પરેશના બેન. તા. ૧૪-૪-૨૫ના પુના મુકામે અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૨-૪-૨૫ના જૈન ભુવન સ્નેહલતા ગંજ ઈંદોર મુકામે સવારે ૧૦.૦૦ વાગ્યે.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી, હાલ મુંબઈ, હંસાબેન દલાલ (ઉં.વ.૮૨) તે સ્વ. બંસીલાલ શાંતિલાલ દલાલના ધર્મપત્ની. જયશ્રી, સ્વ. કમલ, અલ્પા તથા હિતકાંક્ષાશ્રીજી મહારાજ સાહેબના માતુશ્રી. ભૂપેન્દ્રભાઈ, ભરતભાઈ તેમ જ કલ્પનાના સાસુ. પાયલ, તોરલ, કેયુર, ફોરમના દાદી. તા. ૧૪-૪-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ગાગોદરના સ્વ. મણીલાલ શાહ (ઉં.વ. ૬૫) સોમવાર, તા. ૧૪-૪-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. રત્નાબેન કચરાના પૌત્ર. સ્વ. કેસરબેન, સ્વ. મીઠીબેન હિરજીના પુત્ર. દમયંતીના પતિ. હેમાંગી, ભાવેશ, ઉર્વશી, અંકિતના પિતા. નવીન, દામજી, લક્ષ્મીચંદ, અમ્રત, ગુણવંતીના ભાઈ. સામખીયારીના સ્વ. રૂપાબેન ગુણશીઆશા ગડાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૭-૪-૨૫ના ૧૦.૩૦ થી ૧૨. સ્થળ: કરશન લધુ હોલ, દાદર વેસ્ટ.

**પાટણ જૈન**

પાટણ નિવાસી મનમોહનજીની શેરી હાલ અંધેરી સ્વ. બાબુભાઈ તથા સ્વ. જસવંતીબેન પટ્ટણીના પુત્ર સુનીલભાઈ (ઉં.વ. ૬૮) તા. ૧૬-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રૂપાબેન (તાની)ના પતિ. ભરતભાઈના ભાઈ. આદિત્ય, અન્વીતાના પિતા. વૃશાલી, આદિત્ય શાહના સસરા. સ્વ. રમેશભાઈ સંઘવીના જમાઈ. ઠે. ૪૦૮/બી-૨, લારામ સેન્ટર, ૩જા માળે, ૨૪ એસ. વી. રોડ, અંધેરી (પશ્ચિમ). પ્રાર્થનાસભા તથા લૌકિક વહેવાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ મુલુન્ડ ચેકનાકા બાબુલાલ મેઘજીભાઈ મહેતાના પુત્ર ભરતભાઈ (ઉં.વ. ૬૨) તે અલ્પાબેન (સોનલબેન)ના પતિ. નવીનભાઈ, જીતેન્દ્રભાઈ, મુકેશભાઈ, કુમુદબેન હસમુખરાય, પ્રવિણાબેન પ્રવિણભાઈના ભાઈ. સ્વ. દિવ્યાબેન, મીનાબેન, કુંજલબેનના દિયર. પ્રભુદાસ મેઘજીભાઈ મહેતાના ભત્રીજા. સસરા પક્ષે કુંભણ નિવાસી હાલ ભાંડુપ ત્રંબકલાલ અમીચંદ શાહના જમાઈ મંગળવાર, તા. ૧૫-૪-૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૯-૪-૨૫ના રાખેલ છે. સ્થળ: ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ,

ગુરુવારના ૫.૩૦ થી ૭ ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોર નિવાસી હાલ દહિસર, રજનીકાંત રમણીકલાલ મહેતાના ધર્મપત્ની વીણાબેન (ઉં.વ. ૬૪) ૧૪/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હિરલ દેવાંગ ત્રિવેદીના માતુશ્રી. તરલા મધુકાંત, મીનાબેન પ્રદીપ મહેતાના દેરાણી. બિંદુ શરદ દેશીના ભાભી. પિયરપક્ષે ખંભાત નિવાસી હાલ કાંદિવલી સ્વ. માણેકબેન રમણલાલ શાહના દીકરી. દીપકભાઈ, રજનીબેન, માલતીબેન, સ્મિતાબેન, ઉષાબેન, પ્રવિણાબેન, નિર્મલાબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોઢ ચતુર્વેદી ખીજડીયા સમવાય**

રાજકોટ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. અશ્વિનભાઈ ત્રિવેદીના ધર્મપત્ની, ગં.સ્વ. જાગૃતિબેન ત્રિવેદી (ઉં.વ. ૬૨) તા. ૧૪/૪/૨૫ના રંગશરણ પામેલ છે. તે સ્વ. વસંતબેન તથા સ્વ. ગિરધરલાલ કાનજીલાલ ત્રિવેદીના પુત્રવધૂ. અત્રીભાઈ અને પૂજાબેનના માતુશ્રી. સ્વ. નીલાબેન, અ.સૌ. ઇલાબેન જયેશકુમાર, અ.સૌ. મીનાબેન શૈલેષકુમાર, સ્વ. હરીશભાઈ, ભાસ્કરભાઈ, રાજુભાઈ રવિભાઈ ત્રિવેદીના ભાભી. ગં.સ્વ. શશીકલાબેન અને સ્વ. યશવંતરાય સાકરલાલ જોશીના દીકરી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૭/૪/૨૫ને ૪ થી ૬. શ્રી લોહાણા મહાજનવાડી, પહેલા માળે, એસ. વિ. રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલી નિવાસી હાલ બોરીવલી, સ્વ. ભાગીરથીબેન ભીમજીભાઈ કાણકિયાના પુત્ર નીરંજનભાઈ (ઉં.વ. ૭૮) તા. ૧૪/૪/૨૫ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે ભારતીબેનના પતિ. ભાવના-ગૌતમ, ઝરણા અલ્પેશકુમાર વોરા, નિકીતા પાર્થના પિતા. સ્વ. દ્વારકાદાસ, સ્વ. વેણીભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. જશુબેન નાનાલાલ ચિતલીયા, સ્વ. જયંતભાઈ, રસિકભાઈના ભાઈ. સ્વ. હર્ષદરાય ધનજીભાઈ મહેતાના જમાઈ. દેવાન્શ-મૈત્રી-ઝીલ-પલક-પર્ણવીના દાદા. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**મોઢ વણિક સમાજ**

ભરૂચ નિવાસી હાલ અંધેરી, ગં.સ્વ. હંસાબેન મનમોહન (ઉં.વ. ૮૦) તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અનંત મનમોહનના પત્ની. સીમા, આશા અને સુનિલના માતા. પ્રિતેશ મહેતા અને સોનલ મનમોહનના સાસુ. વેદાંત, વિરાજ, આરૂશ, અર્જુન, સિમોન, ક્રિશાંગના દાદી. પ્રાર્થનાસભા સોમવાર તારીખ ૨૧ એપ્રિલ ૫ થી ૭. સી ૨૦૩, ન્યુ સર્વોત્તમ, એસ વી રોડ, અંધેરી વેસ્ટ.

## પારસી મરણ

જીમી ખુશરુ મીસ્ત્રી તે મહારુખના ધની. તે મરહુમો નાજામાય કેખશરુ દોસાભાઈ મીસ્ત્રીના દીકરા. તે યાસમીન રોહિનતન એન્જિનિયરના ભાઈ. તે મરહુમો બાનુ દારબશા ખંભાતાના જમાઈ. તે ફરઝાદ ને તઉરુશના મામા. તે હોરમઝ, કઈરા, પરીશા, દારયનના મોટા મામા. (ઉં. વ. ૭૭) રે. ઠે. એન-૨૬, બીજે માળે, નવરોઝ બાગ, ડૉ.એસ.એસ.રાવ રોડ, ગણેશ ગલ્લી આગળ, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૭-૪-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે લાલબાગ અગિયારીમાં છે જી.

રુસ્તમ રતનશા શ્રોફ તે મરહુમ પોરોચીસત શ્રોફના ધની. તે મરહુમો સુનામાય રતનશા શ્રોફના દીકરા. તે હાવોવી, અનાહિતા ને ઝીનોબીયાના પપા. તે ડૉ. રાજેશ ચવહાનના સસરા. તે ફિરોઝા ને મરહુમ જમશેદના ભાઈ. તે નતાશા, રોહાન, રીતવીક ને આરવાનના ગ્રેન પપા. (ઉં. વ. ૯૪) રે. ઠે.: ખરેઘાટ કોલોની, બિલ્ડિંગ નં. ૨, ફ્લેટ નં. ૨, ૨૮ એન. એસ. પાતકર માર્ગ, ગ્રાન્ટરોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૮-૪-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છે જી.

**સિકંદરાબાદ**

સરોશ જમશેદ ચિનોય (ઉં.વ. ૬૫) તે મરહૂમ જમશેદ અને સૂના રતનજી ચિનોયના પુત્ર. તે તા. ૦૪-૦૪-૨૦૨૫ના ગુજરી ગયા છે.

જ્ઞાનસરિતા સ્કુલની બાજુમાં, મુલુન્ડ વે. સમય: સવારના ૧૦ થી ૧૨.

**દશા શ્રીમાળી દિગંબર મુમુક્ષ જૈન**

દામનગર નિવાસી હાલ વાલકેશ્વર સ્વ. ત્રિવેણીબેન કેશવલાલ વ્રજલાલ કોઠારીના પુત્ર સ્વ. ભુપેન્દ્રભાઈના ધર્મપત્ની શ્રીમતી નિર્મળાબેન (ઉં.વ. ૮૧) તા. ૧૪-૪-૨૫, સોમવારે દેહપરિવર્તન થયેલ છે. તે બિમલ, જલ્પાના માતુશ્રી. રાજુલ, સતેજના સાસુ. ચંદ્રકાંત, હસમુખરાય, રમેશ, મહેશ, દિનેશ, કિરણ, મુકેશ, શોભના રાજેશભાઈ મહેતાના ભાભી. સ્વ. શીલા, અ. સૌ. પ્રફુલ્લા, રેખા, ભારતી, રમા, આશા, દિપ્તીના જેઠાણી. પિયર પક્ષે સ્વ. કાનજી બેચર શેઠના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૭-૪-૨૫ના ૪ થી ૫.૩૦. સ્થળ: શેઠ ધનજી દેવજી રાષ્ટ્રીય શાળા, ગ્રાઉન્ડ ફલોર, બેન્કવેટ હોલ, જૈન ઉપાશ્રયની બાજુમાં, ઉપાશ્રય લેન, ઘાટકોપર પૂર્વ.

**વિજાપુર સત્તાવિશ વિશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

ગવાડા નિવાસી હાલ બોરીવલી શ્રીમતી શારદાબેન રસિકલાલ શાહ (ઉં.વ. ૮૨) તા. ૧૪-૪-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પતિ: સ્વ. રસિકલાલ ત્રીકમલાલ શાહ. પુત્ર-પુત્રવધૂ: નિલેશ-કાશ્મીરા - ભાવેશ. પુત્રી જમાઈ: બેલા-પરેશભાઈ. પૌત્રી જમાઈ: ક્રીના-સાગર, પલક-દર્શ. શ્વસુર પક્ષ: ત્રીકમલાલ મોતીલાલ શાહ (ગવાડા). પિયર પક્ષ: ચંદુલાલ ભાઈચંદ શાહ (ગેરીતા). બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૫, ગુરુવારના રાખેલ છે. સમય સાંજે ૭-૯. સ્થળ: પેરેડાઈઝ (લાઈટ પીકોક) હોલ, સ્વામીજી સ્કૂલ, દોલત નગર રોડ નં. ૧૦, બોરીવલી ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબીયાના અનીતા ધીરજ છેડા (ઉં.વ. ૭૨) તા. ૧૪-૪-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન નરશીના પુત્રવધૂ. નાગલપુરના ભાણબાઇ જીવરાજ, ગેલડાના કુંવરબેન મેઘજી સૈયાના પુત્રી. ધીરજ નરશીના પત્ની. હીરેન, આરતીના માતુશ્રી. નાંગલપુરના કાંતિ, ખુશાલ, અનિલ, દમયંતી, ચંદનના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરજ છેડા, ૬૦૧, જુગલ એપાર્ટમેન્ટ, લીબર્ટી ગાર્ડન રોડ નં. ૩, મલાડ (વે.).

રતાડીયા ગણેશના મનોજ (બટુક) મેઘજી છેડા (ઉં.વ. ૭૦) તા. ૧૫-૪-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન મેઘજીના પુત્ર. સ્વ. મીતા (કસ્તુર)ના પતિ. પ્રવિણ, પ્રફુલ, કુસુમ, ઉષા, હંસાના ભાઈ. ગંગાબેન ભવાનજી ધરોડના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રફુલ મેઘજી છેડા, ૯૦૨, નિરાંત એપાર્ટમેન્ટ, નવા નાગરદાસ રોડ, અંધેરી સબ-વેની બાજુમાં, અંધેરી (ઈસ્ટ).

દેશલપુર (કંઠી)ના માતુશ્રી હેમલતાબેન (બચુબાઇ) ભારાણી (ઉં.વ. ૯૨) તા. ૧૫-૪-૨૫ના અવસાન પામેલ છે. વેજબાઇ કુંવરજીના પુત્રવધૂ. દામજીભાઈના ધર્મપત્ની. સુધીર, જગજીવન, કમલેશ, રેખાબેન, નીલાબેન, ઇલાબેન, કલ્પનાબેન, નીતાબેનના માતુશ્રી. દેશલપુર કંઠી કુંવરબાઈ ભવાનજી સોનીના સુપુત્રી. દામજી, શાંતિલાલ, રતિલાલ, ફરાદી કસ્તુરબેન હીરજી, નવાવાસ ઝવેરબેન પ્રેમજીના બેન. પ્રા. શ્રી સુમતિનાથ સ્વામી જિનાલય, પ્લોટ નં. ૫ અને ૬ બી, નાથાલાલ પારેખ માર્ગ, માટુંગા (ઈ), મું. ૧૯. ટા. ૩.૩૦ થી ૫. નિ. કમલેશ ભારાણી, ઘાટકોપર ગેસ્ટ હાઉસ, રજે માળે, જે.પી. રોડ, ઘાટકોપર (૫).

**કચ્છી ગુર્જર જૈન**

ગામ ખેડોઈ (ચોખરા) હાલે દાદર, સ્વ. હરખમણીબેન નાનાલાલ હાથીચંદ શાહના સુપુત્ર કીર્તિકુમાર શાહ (ઉં.વ. ૭૬) બુધવાર તા. ૧૬-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વસુમતીબેનના પતિ. વિરલ, યાશિકાના પિતાશ્રી. શીતલ, વિશાલ પારેખના સસરા. પ્રવીણભાઇ, હંસાબેન ધીરજલાલ, સ્વ. રાજેન્દ્રભાઇ, ભૂપેન્દ્રભાઈ, દેવેન્દ્રભાઈના ભાઈ. ચંપકબેન ચુનીલાલ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૭-૪-૨૫ના ગુરુવાર ૪.૦૦ થી ૫.૩૦. શ્રી કરસન લઘુભાઈ નિસર હૉલ, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

સ્વ. રમીલાબેન હિંમતલાલ દોશી (ઉં.વ. ૭૫) તા. ૧૫/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સોનલબેન, કેતનભાઇ, મીતાબેન ચેતનભાઈના માતુશ્રી. કલ્પેશકુમાર ડેલીવાળા, ટીનાના સાસુ. શુભ, પરીના દાદી. ભાવિકા ચિરાગકુમાર, નીશા હર્ષકુમારના નાની. સ્વ. જસવંતરાઈ, કિશોરભાઈ, સ્વ. કિરણભાઈ, પ્રકાશભાઈ, સ્વ. જયાબેન, સ્વ. ભાનુબેન, સ્વ. નીરુબેનના ભાભી. મોસાળપક્ષ ઘોઘાનિવાસી સ્વ. પુરીબેન, લલુભાઈ પારેખના દીકરી, પ્રાર્થનાસભા તા. ૧૭/૪/૨૫ને ગુરૂવાર ૧૦ થી ૧૨. ક.વી. ઓ જૈન સ્થાનક, રામ દેવ ઝેરોક્ષની ઉપર, રાધાકૃષ્ણ હોટેલની સામે, તુલીંજ રોડ, નાલાસોપારા પૂર્વ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ ડૅમ્બિવલી, સ્વ. ધીરજલાલ અમૃતલાલ વોરાના ધર્મપત્ની મધુકાંતાબેન (ઉં.વ. ૭૯) બુધવાર તા. ૧૬/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કેયુર, સોનલ હિતેશકુમાર, જિજ્ઞા રજનીકાંત, જુલી અતુલકુમાર, તૃપ્તી નિલેશકુમારના માતુશ્રી. મનાલીના સાસુ. ઈશિતાના દાદી. દર્શન, મિત, વિધિ, સાહિલ, પૂ.સા.ભ.પરાર્થમિત્રાશ્રીજી મ.સા., શુભમ, અર્હમના નાની. પિયરપક્ષે પાલિતાણા નિવાસી હાલ ભાયંદર બાવચંદ આણંદજી મહેતાની દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

## ભારતીય પુરુષોનું સ્પર્મકાઉન્ટ ઘટી રહ્યું છે?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

આંકડાઓ કહી રહ્યા છે વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને ભારતમાં, પુરુષોની પ્રજનન ક્ષમતામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કદાચ એટલા જ કારણે શહેરોનાં હોર્ડિંગ્સ તેમજ ડિજિટલ એડર્વટાઈઝિંગ્સ IVFની ટ્રીટમેન્ટ્સથી ભરચક છે અને આજકાલ આપણી આસપાસના કેટલાંય કપલ્સમાં માતા-પિતા બનવાને લઈને ઊચાટ છે!

જોકે આ માત્ર વ્યક્તિગત કે પારિવારિક સમસ્યા નથી. જો ભારતીય પુરુષના સ્પર્મકાઉન્ટમાં ઘટાડો નોંધાયો હોય તો એ સામાજિક દૃષ્ટિકોણથી તેમજ જાહેર આરોગ્યના દૃષ્ટિકોણથી પણ અત્યંત મહત્ત્વનો મુદ્દો છે. આખરે કોઈ પણ સમાજ કે સમુદાયનું અસ્તિત્વ પ્રજનન ક્ષમતા પર આધાર રાખતું હોય છે.

જોકે આપણે કોઈ પણ વિષયની ચર્ચા કરીએ એ પહેલાં તેને લગતા કેટલાક આંકડા જરૂર જોવા જોઈએ, જેમકે ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (AIIMS) દ્વારા કરવામાં આવેલા અભ્યાસ અને અહેવાલો કહે છે કે લગભગ ત્રણ દાયકા પહેલાં ભારતીય પુરુષોનું સરેરાશ સ્પર્મકાઉન્ટ પ્રતિ મિલીલિટર (ml) ૬૦ મિલિયનની આસપાસ હતું, જે આજના સમયમાં ઘટીને લગભગ ૨૦ મિલિયન/એમએલ જેટલું થઈ ગયું છે. આ ત્રણ ગણો ઘટાડો પુરુષ પ્રજનન સ્વાસ્થ્યની કથળતી સ્થિતિનો સ્પષ્ટ સંકેત આપે છે. ૧૯૭૯ થી ૨૦૧૬ સુધીના લાંબા ગાળાના અભ્યાસમાં ભારતીય પુરુષોના વીર્ય (સીમેન)ની ગુણવત્તાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમાં સ્પર્મ કોન્સન્ટ્રેશન અને સામાન્ય મોર્ફોલોજી (આકાર)માં પણ આંકડાકીય રીતે નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો.

આ ઉપરાંત ઇન્ફર્ટિલિટી (પ્રજનનક્ષમતા) સંદર્ભે આંકડાઓ કહે છે કે દેશમાં લગભગ ૧૦થી ૧૫ ટકા દંપતી આ સમસ્યાનો સામનો કરે છે, જેમાં ૪૦ થી ૫૦ ટકા કેસોમાં પુરુષ વંધ્યત્વ મુખ્ય અથવા સહાયક કારણ તરીકે જવાબદાર હોય છે.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) પણ દેશમાં પુરુષ વંધ્યત્વનું પ્રમાણ ૧૦-૧૫% હોવાનો અંદાજ મૂકે છે, તો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO)ના અહેવાલો પણ આ વાતની પુષ્ટિ કરે છે કે ભારતમાં વંધ્યત્વના



લગભગ અડધા કિસ્સાઓમાં પુરુષોની પ્રજનન સમસ્યાઓ એક મહત્ત્વનું પરિબળ છે.

-પરંતુ આવું થવાનાં કારણ શું?

વેલ, આની પાછળ અનેક કારણ જવાબદાર છે, જેમાંથી ઘણા આપણી આધુનિક જીવનશૈલી અને કથડતું જતું પર્યાવરણ બંને જવાબદાર છે. જીવનશૈલીનાં પરિબળોમાં ધૂમ્રપાન, અતિશય મદ્યપાન અને નશીલા પદાર્થોનું સેવન મુખ્ય છે, જે સીધી રીતે શુક્રાણુઓની સંખ્યા અને ગુણવત્તા પર નકારાત્મક અસર કરે છે. વધતી જતી સ્થૂળતા (ઓબેસિટી) અને બેઠાડું જીવનશૈલી શરીરના હોર્મોનલ સંતુલનને ખોરવી નાખે છે, જે પ્રજનન ક્ષમતા માટે હાનિકારક છે. સતત માનસિક તણાવ અને નબળું માનસિક સ્વાસ્થ્ય પણ શુક્રાણુઓના ઉત્પાદન પર વિપરીત અસર કરી શકે છે.

અહીં આપણે પર્યાવરણીય પરિબળોની વાત કરીએ તો વાતાવરણમાં રહેલા ઝેરી પદાર્થો જેવા કે લીડ (સીસું), મર્ક્યુરી (પારો) અને ખાસ કરીને એન્ડોક્રાઇન-ડિસરપ્ટિંગ કેમિકલ્સ (EDCs), જે અંતઃસ્ત્રાવી ગ્રંથિઓની કામગીરીમાં વિક્ષેપ પાડે છે અને શુક્રાણુઓની ગુણવત્તા ઘટાડી શકે છે. આ રસાયણો પ્લાસ્ટિક, જંતુનાશકો અને અન્ય ઔદ્યોગિક ઉત્પાદનોમાં જોવા મળે છે. વધુમાં, શરીરના તાપમાનમાં વધારો, ખાસ કરીને વૃષણકોષ (ટેસ્ટિકલ્સ)ના તાપમાનમાં વધારો, શુક્રાણુ ઉત્પાદન માટે હાનિકારક છે.

આ બધા ઉપરાંત આજકાલના યુથના અભરખાય ઓછા નહીં. એમણે મોડી ઉંમરે લગ્ન કરવા છે અને લગ્ન સમયસર કરે તો પહેલાં કપલ્સ તરીકે પોતે સેટ થવું હોય છે! પરંતુ મોટી ઉંમર પણ શુક્રાણુઓની સંખ્યા પર નોંધપાત્ર અસર પાડે છે.

જોકે આ બાબતે હજુ પણ મોડું નથી થયું. દિશામાં જો અત્યારથી થોડી સતર્કતા રાખવામાં આવે તો ફરીથી સારાં પરિણામો મેળવી શકાય છે. આ માટે સૌથી મહત્ત્વનું પગલું જીવનશૈલીમાં સકારાત્મક ફેરફાર લાવવાનું છે. ધૂમ્રપાન અને મદ્યપાન છોડવું, નિયમિત શારીરિક વ્યાયામ કરવો, પૌષ્ટિક અને સંતુલિત આહાર લેવો અને તણાવ ઘટાડવા માટે યોગ, ધ્યાન જેવી પ્રવૃત્તિઓ અપનાવવી એ પ્રજનન સ્વાસ્થ્ય સુધારવામાં મદદરૂપ થઈ શકે છે. આ ઉપરાંત વજન નિયંત્રણમાં રાખવું પણ જરૂરી છે, કારણ કે આજે મોટાભાગના લોકો વધુ વજનથી પીડાય છે. એટલે જ તો વડા પ્રધાન પણ આ માટે ઝુંબેશ ચલાવી રહ્યા છે.

બીજી તરફ, જો જીવનશૈલીના ફેરફારો પૂરતા ન હોય તો તબીબી સારવારના વિકલ્પો પણ ઉપલબ્ધ છે. વેરિકોસેલ (વૃષણકોષની નસોનું ફૂલી જવું) જેવી સ્થિતિ માટે સર્જરી, હોર્મોનલ અસંતુલનને સુધારવા માટે હોર્મોન થેરાપી અથવા આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી (ART) જેવી કે ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન (IVF) અને ઇન્ટ્રાસાયટોપ્લાઝમિક સ્પર્મ ઇન્જેક્શન (ICSI) જેવી પ્રક્રિયા દ્વારા ઘણા દંપતીઓને સંતાન સુખ પ્રાપ્ત થઈ શકે છે.

જોકે આ બધામાં સૌથી અગત્યનું છે જાગૃતિ.

પુરુષોએ પોતાના પ્રજનન સ્વાસ્થ્ય પ્રત્યે સભાન થવું જોઈએ, નિયમિત તબીબી તપાસ કરાવવી જોઈએ અને જો કોઈ શંકા હોય તો ફર્ટિલિટી ટેસ્ટિંગ પણ કરાવવું જોઈએ, જેથી સમસ્યાનું વહેલું નિદાન થઈ શકે અને સમયસર યોગ્ય સારવાર શરૂ કરી શકાય.■



## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## નણંદ - ભોજાઈનો અનોખો સંબંધ

ડિયર હની,

કોઈ યુવતી પરણીને સાસરે આવે ત્યારે એની સામે સૌથી મોટો પ્રશ્ન એ હોય છે કે, સાસરે પતિથી માંડી અન્ય સભ્યોનો સ્વભાવ કેવો છે, એમના ખાનપાનની પસંદગી શું છે? એ કઈ રીતે જાણવું. કોઈ પણ નવી વહુ માટે આ બહુ મોટો પડકાર બની જતો હોય છે. આ સ્થિતિમાં એની મદદે કોણ આવે ? પતિ તો મોટાભાગનો સમય ઘર બહાર રહે છે એના વેપાર કે વ્યવસાય માટે તો પછી કોણ મદદ કરે?

સાસુ? પણ બધા ઘરોમાં સાસુ-વહુ વચ્ચે સારા જ સબંધ હોય એવું જરૂરી નથી. આવા સમયે એની મદદે આવે છે, પતિની બહેન એટલે કે નણંદ. આ નણંદ ભોજાઈ વચ્ચેનો સબંધ બહુ નોખો છે. અને એ ભારતીય પરંપરામાં જ શક્ય બને છે.

મને બરાબર યાદ છે કે, તું મારા ઘેર આવી અને શરૂઆતમાં આવા જ પ્રશ્નો તારા મનમાં ઉઠ્યા હતા. કેટલાક મુદ્દે તેં મારી સાથે પણ વાત કરી હતી, પણ મારા કરતાં ય તને વધુ મદદ કરી હતી મારી બહેને. ખાસ તો કોનો સ્વભાવ કેવો છે અને કોને શું ભાવે છે એ મુદ્દે એણે જ તને માહિતી આપી હતી અને એ કારણે તને થોડી રાહત થઇ હતી.

નણંદ એની ભાભી માટે એક સહેલી બની જાય છે. ખબર નહિ પણ લગ્ન બાદ વહુ એની જૂની સહેલીઓ કે જે માવતરે હતી ત્યારે એના સાથે હસતી ખેલતી રહેતી પણ લગ્ન બાદ આ સખી-સહેલીઓ થોડી દૂર થઇ જાય છે. તારી કેટલીક સહેલીઓ આજે ય તારા સંપર્કમાં જરૂર છે, પણ પહેલા જેવી ગાઢ મૈત્રી નથી. વાર તહેવારે તમે મળો છો. શા માટે તમે વધુ મળતા નથી મને એ સમજમાં આવતું નથી. જોકે, દોસ્તીનો આ ખાલીપો પડે છે એ નણંદ પૂરો કરે છે. મારી બહેન સાથે તને જામી ગયું હતું. ઘરની કોઈ વાત હોય કે બહાર જવું હોય અને હું આવી ના શકું તો નણંદ સાથે તું જતી. તને ખબર છે કે નહિ પણ આપણે ત્યાં નણંદ- ભોજાઈ સંબંધમાં ઘણું બધું કહેવાયું છે. ઘણી બધી કથાઓ છે. અને ઉત્તર ગુજરાતમાં નણંદ-ભોજાઈ વચ્ચે સ્પર્ધા થાય છે અને આ સ્પર્ધા રસોઈની હોય છે. આ રસોઈ સ્પર્ધાઓ સામાન્ય રીતે ઘરેલું અને અનૌપચારિક હોય છે. જેમ કે, નણંદ અને ભોજાઈ બંને દિવાળી, ઉત્તરાયણ કે નવરાત્રી જેવા તહેવારો દરમિયાન પોતપોતાની ખાસ વાનગીઓ બનાવે. ખમણ, ઢોકળા, શીરો, લાડુ, બાસુંદી કે ગુજરાતી થાળી. પરિવારના સભ્યો અથવા મહેમાનો આ વાનગીઓનો સ્વાદ ચાખીને મજાકમાં 'વિજેતા' નક્કી કરે છે. એક ભોજાઈ શીરો બનાવે, જ્યારે નણંદ લાડુ બનાવે પછી બંને એકબીજાની વાનગીની ચર્ચા કરે. આ સ્પર્ધાઓ દરમિયાન રસોઈ સ્પર્ધાઓ નણંદ અને ભોજાઈ વચ્ચેના સંબંધને મજબૂત કરવાનું કામ કરે છે. બંને એકબીજાની રસોઈ શૈલી શીખે છે- રેસિપી શેર કરે છે.

હાસ્ય-મજાક પણ થાય છે ને મીઠી ટકોર પણ થાય. નણંદ એમ કહે કે 'મારી ખીચડીનો સ્વાદ તો બધાને ગમે છે!' તો ભોજાઈ જવાબ આપે કે 'પણ મારી કઢીની વાત જ નિરાળી છે!'

આ સ્પર્ધાઓ માત્ર નણંદ - ભોજાઈના સબંધને ગાઢ બનાવે છે એટલું જ નહિ , પણ રસોઈ સ્પર્ધાઓ દ્વારા પરંપરાગત વાનગીઓ અને રસોઈ પદ્ધતિઓ આગામી પેઢીઓ સુધી પહોંચે છે. નણંદ ઘણીવાર પોતાની માતા પાસેથી શીખેલી રેસિપી શેર કરે છે, જ્યારે ભોજાઈ પોતાના ઘેર શીખેલી નવી રેસિપી રજૂ કરે છે. આ ખ્યાલ જ કેવો મજાનો છે. આપણા વડીલો કેટલા દૂરંદેશી હતા એ આવી વાત પરથી સમજી શકાય છે.

આમ નણંદ-ભોજાઈ એકબીજા સાથે જોડાઈને પરિવારની એકતા અને સંવાદિતા જાળવે છે. નણંદ ઘણીવાર ભોજાઈને નવા પરિવારમાં સ્થાન મેળવવામાં મદદ કરે છે, જ્યારે ભોજાઈ પોતાની સમજણ અને જવાબદારીથી ઘરની શોભા વધારે છે. નણંદ અને ભોજાઈ એકબીજા સાથે ગપસપ, મનની વાતો અને સમસ્યાઓ શેર કરે છે, જે ઘરના તણાવને હળવો કરે છે. એટલું જ નહીં, લગ્ન પછી નણંદ ભોજાઈને પરિવારના રિવાજો સમજવામાં મદદ કરે છે. રાજસ્થાની પરંપરામાં નણંદ એની ભોજાઈને ઘૂંઘટ કે ખાસ પોશાક પહેરવાની રીત શીખવે, જે નવી વહુને પરિવારમાં સ્વીકૃતિ મળવામાં મદદ કરે.

આપણી ફિલ્મોમાં પણ આવા સબંધોનાં માધુર્યને દર્શાવાય છે પછી એ 'હમ દિલ દે ચુકે સનમ' હોય કે 'મૈને પ્યાર કિયા' હોય. ગુજરાતી ફિલ્મોમાં તો આવા સબંધોની બોલબાલા રહી છે. પછી એ 'જેસલ તોરલ' હોય કે પછી 'સરસ્વતીચન્દ્ર' અને તને જે સિરિયાલ ગમતી હતી એ 'સાંસ ભી કભી બહુ થી ' ... પણ યાદ છે ને ?!

કેટલાંક ગીતો પણ મને યાદ છે. નણંદ પૂછે: 'ભોજાઈ, શું રાંધ્યું છે આજ?' ભોજાઈ કહે: 'નણંદ, તું ચાખીને તો જો!' આ ગીત ગુજરાતનાં ગામડાઓમાં લગ્નોત્સવ દરમિયાન ગવાય છે, જે સંબંધની મજાને ઉજાગર કરે છે. 'ભાભી કી ચૂડિયાં ' ફિલ્મનું પેલું જાણીતું ગીત તને યાદ છે ? 'ભાભી કી ચૂડિયાં ખનકે, ખુશી કા સંદેશા લાયે...'

અલબત્ત, આજની પેઢી તો આ ગીતો ભૂલી ગઈ છે. હવે નણંદ-ભોજાઈનાં સંબંધોની વ્યાખ્યા પણ બદલાઈ ગઈ છે. આ સંબંધ તો હજુ ય છે, પણ પહેલા જેવું એનું માધુર્ય આજે ક્યાંક ખોવાઈ ગયું છે એ દુઃખદ હકીકત છે

તારો બન્ની

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## સલામ... એ માને!

### પેટના જણ્યા જ જ્યારે જન્મદાતાને ભૂલી જાય...!

આજે વાત કરવી છે સોનાબહેનની. સોનાબહેન ઘેર ઘેર જઈને રસોઈ કરવાનું - નાસ્તા બનાવવાનું કામ કરે. બીમાર પતિનું અવસાન થયા બાદ સોનાબહેન અને દીકરો અજય રહી ગયા. કોઈ બચત ન હતી. જે નાની- મોટી બચત હતી તે પતિની બીમારીમાં વપરાઈ ગઈ હતી. એક રૂમનું નાનકડું ઘર હતું. સોનાબહેન તો વર્ષોથી રસોઈનું કામ કરતાં હતાં અને ત્રણ જણનું ભરણપોષણ કરતાં હતાં. પતિની સારવારનો ખર્ચો પણ જેમ તેમ કરીને કરતાં હતાં. ક્યારેક કોઈક સંસ્થાની મદદથી દવાનો ખર્ચ કાઢી લેતાં હતાં. વર્ષોથી કામ કરતાં હોવાને કારણે પતિના અવસાનથી માથે પહાડ તૂટી પડ્યો હોય એવું કાંઈ સોનાબહેનને લાગ્યું નહીં. એમણે પોતાનાં કામ ચાલુ રાખ્યાં અને દીકરાને કહ્યું, 'જો બેટા અજય, તું ભણવામાં સારો છે. ભણવામાં ધ્યાન આપજે. ભણીશ-ગણીશ તો તારો ઉદ્ધાર થશે. જો ભણવામાં નબળો પડીશ તો તારું કોઈ ભવિષ્ય નહીં હોય. અત્યારે તો મારાથી હજુ કામ થઈ શકે છે તેથી તને ભણાવવાનો ખર્ચો આપણે કાઢી લઈશું. જરૂર પડશે તો ભણવા માટે કોઈ સંસ્થાની મદદ પણ લઈશું. માટે બસ એટલું કહેવું છે કે તું ભણવામાં ધ્યાન આપજે. ખર્ચની વ્યવસ્થા હું ગમે તે રીતે કરી લઈશ.'

'મા, તું ચિંતા ન કરીશ. હું ભણવામાં ધ્યાન આપું છું અને આપીશ જ કારણ કે મને ખબર છે કે હું ભણીશ તો જ આપણી ગરીબી હટાવી શકીશ.' અજય માને બાંહેધરી આપતો.

અજયનો જવાબ સાંભળીને સોનાબહેનને કોઠે ટાઢક થતી અને એમનો વધુ કામ કરવાની શક્તિ મળતી. સોનાબહેન પાંચ ઘરે રસોઈનું કામ કરતાં અને બપોરના ફાજલ સમયમાં નાસ્તા બનાવવાં જતાં, જેને કારણે થોડી વધારાની આવક થતી હતી. આમ મા દીકરો બંને પોત-પોતાના કામમાં વ્યસ્ત રહેતાં હતાં. અજય એસ.એસ.સી.માં સારા માર્ક્સે પાસ થયો. સારી કોલેજમાં એડમિશન પણ મળી ગયું. સોનાબહેને રસોઈનું એક કામ વધારે લઈ લીધું, કારણ કે હવે અજય માટે કોચિંગ ક્લાસ કરવા જરૂરી હતા. વળી સોનાબહેનને એમ પણ થતું કે છોકરો કોલેજમાં જાય છે તો સારાં કપડાં અપાવી દઉં. બીજા છોકરાઓ ફૂલફટાક થઈને કોલેજ આવતા હોય તે જોઈને બીચારા મારા અજયને પણ મન થાય ને? ભણવામાં હોંશિયાર અજયે અહીંનું ભણતર તો સારી રીતે પૂર્ણ કરી લીધું. એની ઈચ્છા એમબીએ કરવાની હતી તે પણ પરદેશ જઈને, પણ આ વાત માને કહેતા અચકાતો હતો, માને કઈ રીતે કહેવું? મા બીચારી પૈસા ક્યાથી કાઢશે? પણ એક દિવસ વાતવાતમાં તેણે માને પોતાના મનની ઈચ્છા જણાવી દીધી. માએ કહ્યું, 'બધું થઈ જશે, તું જા...' સોનાબહેને પોતાની શેઠાણીને વાત કરી. શેઠાણીએ તેને કહ્યું કે તમને થોડા પૈસા હું આપીશ. પણ અજયને કહેજો બેન્કમાં જાય ત્યાંથી તેને એજ્યુકેશન લોન મળી જશે અને પરદેશ જઈને ભણતાં ભણતાં તે પાર્ટટાઈમ કામ પણ કરી શકશે એટલે તમારા ઉપર પણ વધારે બોજો નહીં આવે. બેન્કમાંથી અજયને એજ્યુકેશન લોન પણ મળી ગઈ. અજયે બધી તપાસ કરી એ શોધી કાઢ્યું કે એમબીએ કરવાનો ખર્ચ સિંગાપોરમાં થોડો ઓછો આવે છે. એટલે અજય સિંગાપુર ગયો. ભણતાં ભણતાં પાર્ટ ટાઈમ કામ પણ કરતો હતો એટલે હવે ખર્ચની કોઈ ચિંતા ન હતી. મા પણ થોડા ઘણાં પૈસા મોકલતી રહેતી હતી. અજયને માસ્ટર્સની ડિગ્રી મળી ગઈ. ત્યારબાદ સારી જોબ પણ મળી ગઈ. સોનાબહેને ઘણાં વખતથી દીકરાને જોયો ન હતો તેથી કહ્યું, 'થોડા દિવસ ઘેર આવી જા.' પણ અજય વાત ટાળતો રહ્યો, રજા નથી મળતી એમ કહીને.

મા, દીકરાની રાહ જોઈને બેઠી હતી કે દીકરો આવશે. આટલું બધું ભણ્યો. મારાં અરમાન પૂરા થયા. પણ અજય આવવાનું નામ લેતો ન હતો. એક દિવસ અજયે ફોન કરીને જણાવ્યું, 'મા, મેં લગ્ન કરી લીધાં છે, સોનાબહેન ચોંકી ગયા. લગ્ન કરી લીધાં ત્યાં સુધી આ છોકરો વાત પણ કરતો નથી. છતાં મન મનાવ્યું અને કહ્યું, 'કોણ છે છોકરી?' 'મા, અહીંની લોકલ છે અને સારી જોબ કરે છે.'

'તમે, બંને અહીં આવી જાવ. નાનકડું ગેટ ટુગેધર રાખીશું. હવે તો તું પણ કમાય છે એટલે ખર્ચનો પણ વાંધો નહીં આવે.'

'ના, રે ના એવા ખોટા ખર્ચા કરવા મારી પાસે પૈસા નથી. અજયે કહ્યું અને સોનાબહેન તો સુન્ન થઈ ગયાં. આગળ કાંઈ બોલી ન શક્યાં. પછી તો ધીરેધીરે દીકરાના ક્યારેક ક્યારેક આવતા ફોન સાવ બંધ થઈ ગયા.

ક્યારેક સોનાબહેન ફોન કરે તો અજય 'હાય, હલ્લો' કરીને મૂકી દે. સોનાબહેનને બહુ જ ખરાબ લાગતું. પેટે પાટા બાંધીને છોકરાને ભણાવ્યો. મેં તો કદી એના પૈસાની આશા કરી નથી. પણ સગાંવહાલાં સંભળાવે છે, 'હજુ કેમ આ રસોઈના કામ કરે છે? હવે તો દીકરો પરદેશમાં કમાય છે. હવે તારે પૈસાની ક્યાં ખોટ છે?'

સોનાબહેન શું બોલે? બધાંને થોડું કહેવા બેસાય કે દીકરો તો ફોનમાં વાત પણ પરાણે કરે છે. ઘરે આવવા પણ તૈયાર નથી. એક વાર સોનાબહેનને ફોનમાં કહ્યું, 'તારી વહુને લઈને એકવાર તો આવ ઘરે.'

'ના, ભાઈ, ના એવી ગરીબીમાં અને તૂટ્યા ફૂટ્યા ઘરમાં મારે નથી આવવું.' અજયની આ વાત સાંભળ્યા પછી સ્વાભિમાની સોનાબહેને દીકરાને ફોન કરવાનું બંધ જ કરી દીધું. દીકરો તો સામેથી ફોન કરતો જ નહીં. હા, સોનાબહેનના મનમાં પણ એમ હતું જ કે દીકરો કમાતો થશે પછી ઢસરડા કરવાનું બંધ કરી દેશે, પણ દીકરાએ ક્યારેય માને બે પૈસાય મોકલ્યા જ નહીં કે એમ પણ ન કહ્યું કે મા તેં બહુ કામ કર્યું હવે રહેવા દે, હું છું ને.

સોનાબહેને આ વાસ્તવિક્તા સ્વીકારી લીધી હતી. હવે સોનાબહેન દીકરાને ફોન નથી કરતાં, એમને યાદ આવે ત્યારે બે આંસુ સારી લે છે. હવે એકલાનું પેટ ભરવાનું છે એટલે કામ ઓછાં કરી નાખ્યાં છે. પોતાની ખુમારીથી પોતાનું કમાઈને જીવે છે. સોનાબહેનને સંતોષ છે કે પોતાની ફરજ પોતે પૂર્ણપણે બજાવી છે. આવાં સોનાબહેનને સલામ. ■

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મારું જીવન ખૂબ જ ઘટનાપૂર્ણ ને સાહસપૂર્ણ રહ્યું



(ભાગ: ૫)

**નામ: કેપ્ટન લક્ષ્મી સહગલ**
**સમય: ૧૯૯૮**
**સ્થળ: કાનપુર**
**ઉંમર: ૯૩ વર્ષ**

૧૯૪૩ની જુલાઈ સુધીનો રાણી ઝાંસી રેજિમેન્ટમાં સો જેટલી મહિલાઓ ભરતી થઈ ચૂકી હતી. ધીરે ધીરે વધુને વધુ સ્ત્રીઓ આની સાથે જોડાઈ રહી હતી. મહિલાઓને રાખવા માટે એક મકાનની જરૂર હતી. જેમાં, જાપાનીઓ દ્વારા ભારતીય સ્વાતંત્ર્ય લીગને સોંપેલી એક ઈમારત અમને મળી ગઈ. જોકે, એ એક તદ્દન ખંડેર જેવી ઈમારત હતી. આઝાદ હિંદ ફોજના લોકોએ સાથે મળીને નિર્માણકાર્ય શરૂ કર્યું અને ટૂંક સમયમાં રાણી ઝાંસી રેજિમેન્ટની સાડા ત્રણસો સ્ત્રીઓ માટે રહેવાની જગ્યા ઉપલબ્ધ કરવામાં આવી. રંગુન, બર્મા અને બીજી જગ્યાઓએ આઝાદ હિંદ ફોજ અને રાણી ઝાંસી રેજિમેન્ટની અલગ અલગ ટુકડીઓ ઊભી કરવામાં આવી.

મહિલાઓને પ્રશિક્ષિત કરવાનું કામ વાંસના જંગલોની વચ્ચે કરવામાં આવતું. રાયફલ ચલાવવી, અનેક અઘરી પરિસ્થિતિઓનો સામનો કરવો, ભૂખ્યા રહેવું, જંગલી જાનવર સાથે ડર્યા વગર કઈ રીતે કામ પાર પાડવું એવા અનેક ટ્રેનિંગના તબક્કાઓમાંથી પસાર થયા પછી મહિલાઓ હવે સ્વતંત્રતાના યુદ્ધ માટે તૈયાર હતી. નેતાજીનું માનવું હતું કે, હવે પહેલા જથ્થાને યુદ્ધ માટે રવાના કરી શકાય.

આ એવો સમય હતો જ્યારે આઝાદ હિંદને ફક્ત થોડા દેશો દ્વારા કાયદેસર રાજ્ય તરીકે માન્યતા આપવામાં આવી હતી જે ફક્ત ધરી શક્તિઓ અને તેમના સાથી દેશો સુધી મર્યાદિત હતા. આઝાદ હિંદના નવ દેશો સાથે રાજદ્વારી સંબંધો હતા. નાઝી જર્મની, જાપાનનું સામ્રાજ્ય, ઇટાલિયન સામાજિક પ્રજાસત્તાક, ક્રોએશિયાનું સ્વતંત્ર રાજ્ય અને વાંગ જિંગવેઇ સરકાર, થાઇલેન્ડ, બર્મા રાજ્ય, માન્ચુકુઓ અને બીજું ફિલિપાઇન પ્રજાસત્તાક. જાપાનના કબજા હેઠળના સિંગાપોરમાં તેની રચનાની ઘોષણા તો થઈ, પરંતુ એને ધારી સફળતા ન મળી. આયર્લેન્ડના તાઓઇસેચ, એમોન ડી વાલેરાએ બોઝને અભિનંદનનો પત્ર મોકલ્યો. એક રીતે જોવા જઈએ તો સૌએ આઝાદ હિંદ ફોજને બિરદાવી, પરંતુ કોઈ મદદ કરવા આગળ ન આવ્યું.

ઓક્ટોબર ૧૯૪૩ના અંતમાં, બોઝ જાપાનના ગ્રેટર ઇસ્ટ એશિયા કો-પ્રોસ્પેરિટી સ્ફિયરના નિરીક્ષક તરીકે ગ્રેટર ઇસ્ટ એશિયા કોન્ફરન્સમાં ભાગ લેવા ટોક્યો ગયા. ભારત તક્નીકી રીતે જાપાનની ''ગ્રેટર ઇસ્ટ એશિયા''ની વ્યાખ્યાના અધિકારક્ષેત્રની બહાર હોવાથી તે પ્રતિનિધિ તરીકે કાર્ય કરી શક્યું નહીં, પરંતુ બોઝે કોન્ફરન્સમાં પશ્ચિમી સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદના વિરોધમાં ભાષણો આપ્યા. કોન્ફરન્સના અંત સુધીમાં, આઝાદ હિંદને આંદામાન અને નિકોબાર ટાપુઓ પર મર્યાદિત સરકારી અધિકારક્ષેત્ર આપવામાં આવ્યું હતું, જે યુદ્ધની શરૂઆતમાં શાહી જાપાની નૌકાદળ દ્વારા કબજે કરવામાં આવ્યું હતું.

આઝાદ હિંદના INA ના રૂપમાં લશ્કરી દળોએ બ્રિટીશરો સામે કેટલીક સફળતાઓ મેળવી અને પૂર્વી ભારતમાં ઇમ્ફાલ શહેરને ઘેરો ઘાલવા માટે જાપાની સૈન્ય સાથે આગળ વધ્યા. દિલ્હી તરફ કૂચ કરવાની યોજના, રસ્તામાં ટેકો અને નવા ભરતીઓ મેળવવામાં, ચોમાસાની ઋતુની શરૂઆત અને ઇમ્ફાલ કબજે કરવામાં નિષ્ફળતા બંને સાથે અટકી ગઈ. બ્રિટિશ બૉમ્બમારાથી મનોબળમાં ગંભીર ઘટાડો થયો અને જાપાનીઓએ INA દળો સાથે મળીને ભારતમાંથી પાછા ફરવાનું શરૂ કર્યું...

જાપાને વચન આપ્યું હતું કે, ભારતની સ્વતંત્રતાના આ સશસ્ત્ર યુદ્ધમાં પોતાના સૈનિકો સાથે એ નેતાજીની મદદ કરશે, પરંતુ જાપાન ઉપર હુમલા વધતા ગયા અને એમણે પોતાના રાષ્ટ્રની સુરક્ષાને પ્રાથમિકતા આપવા માટે બર્માથી પોતાની આખી સેનાને હટાવી લીધી. ભારતીય સૈનિકો માટે ઈમ્ફાલનું યુદ્ધ એક આકરી પરીક્ષા બની ગયું. અંગ્રેજોએ ઈમ્ફાલના યુદ્ધમાં ભારતીય સૈનિકોનો કરુણ રકાસ કર્યો. વરસતા વરસાદમાં ઝઝૂમતા સિપાહીઓને પીછેહઠનો આદેશ આપવામાં આવ્યો અને ૨૬મી જૂને, સહુ સૈનિકોએ પાછા ફરવાનું નક્કી કર્યું.

આ બહુ જ નામોશીભરી અને પીડાદાયક પરિસ્થિતિ હતી... એ સમય મારે માટે અંગત હારનો સમય હતો કારણ કે, હું સશસ્ત્ર યુદ્ધમાં જોડાઈ એ વિશે મારા પરિવારને વિરોધ હતો. મારી માતા ગાંધીજીની પૂરી સમર્થક હતી. મારી બહેન મૃણાલિનીના લગ્ન અમદાવાદના સારાભાઈ પરિવારમાં થયા હતા. એ લોકો પણ ખાદી પહેરતા અને ગાંધીજીના સમર્થક હતા. ગાંધીજી અમદાવાદમાં અંબાલાલ સારાભાઈના બંગલે રોકાતા, એટલું જ નહીં શેઠ અંબાલાલ સારાભાઈના બહેન મૃદુલા સારાભાઈ ગુજરાતમાં મજૂર મહાજનના સ્થાપક હતા. મૃણાલિની પણ ગાંધીજીના વિચારે રંગાયેલી... એ સહુ અહિંસામાં માને, અને હું સશસ્ત્ર દળની કેપ્ટન! વિચારભેદ તો હોય જ ને?

૨૧ સપ્ટેમ્બર, ૧૯૪૪ના દિવસે નેતાજીએ ભારતીય સ્વતંત્રતા લીગની એક બેઠક બોલાવી. જેમાં એમણે જાહેર કર્યું કે જર્મની અને જાપાનની મદદ હવે નહીં મળે. આ પરિસ્થિતિ આઝાદ હિંદ ફોજને વિખેરી નાખવાનું કારણ બનશે. જોકે, એમણે છેલ્લી ક્ષણ સુધી લડવાનું વચન આપ્યું, પરંતુ એ પોતે પણ જાણતા હતા કે, હવે આમાં બીજું કંઈ થઈ શકે એમ નથી.

દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાનની હાર પછી, નેતાજીને નવો રસ્તો શોધવો જરૂરી હતો. તેમણે રૂસ પાસે સહાયતા લેવાનો નિશ્ચય કર્યો હતો. ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ નેતાજી હવાઈ જહાજથી મંચુરિયા તરફ જઇ રહ્યા હતા. આ સફર દરમિયાન તેઓ લાપતા થઇ ગયા. ત્યાર બાદ તેઓ કોઇને ક્યારેય નજર ન આવ્યા. ૨૩ ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ જાપાનની દોમેઈ ખબર સંસ્થાએ દુનિયાને ખબર આપી, કે ૧૮ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ, નેતાજીનું હવાઈ જહાજ તાઇવાનની ભૂમિ પર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થતા નેતાજીને હૉસ્પિટલમાં લઈ જવાયા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધો. દુર્ઘટનાગ્રસ્ત હવાઈ જહાજમાં નેતાજીની સાથે એમના સાથી કર્નલ હબિબૂર રહમાન હતા. એમણે નેતાજીને બચાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ સફળ ન રહ્યા...

હવે રંગુન રહેવાનો કોઈ અર્થ નહોતો એટલે બ્રિટિશ સરકારની પરવાનગીથી મેં ભારત પાછા ફરવાનો નિર્ણય કર્યો. સુભાષચંદ્ર બોઝના ભત્રીજા અરવિંદ બોઝે પત્રવ્યવહાર કરીને મને ભારત પાછા લાવવાની વિધિ પૂરી કરી. એમણે જ એક ફોન પર મારી મા સાથે વાત કરાવી અને હું ભારત પાછી ફરી. મને લેવા માટે મારી મા અને કેપ્ટન પ્રેમ સહેગલ આવ્યા હતા.

એ દરમિયાન ભારત આઝાદ થયું. આઝાદીનું જે સ્વપ્ન નેતાજીએ જોયું હતું એમાંનું કશુંય આ નવા ભારતમાં મને દેખાયું નહીં. દેશના ટુકડા થયા અને ભારત સ્વતંત્ર તો થયું, પરંતુ લોહીની નદીઓ વહી, પાશવી અને દર્દનાક કથાઓ સાથે ભારત અને પાકિસ્તાન અલગ થઈ ગયા. હવે આઝાદ હિંદ ફોજનું કોઈ અસ્તિત્વ નહોતું... સહુ જાણે નેતાજીને અને આઝાદ હિંદ ફોજને ભૂલી ગયા હતા! કેપ્ટન પ્રેમ સહેગલે ભારતીય સેનામાં નોકરી લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ એમને અપમાનિત કરવામાં આવ્યા. એ દિવસો દરમિયાન અમે એકબીજાને મળતાં હતાં.

માર્ચ, ૧૯૪૭માં ડો. લક્ષ્મી સ્વામીનાથન અને કેપ્ટન પ્રેમ સહેગલ એક થયાં. અમે લગ્ન કર્યાં અને હું લક્ષ્મી સ્વામીનાથન બની...

કેપ્ટન પ્રેમ સહેગલ સાથે મળીને મેં આઝાદ હિંદ ફોજમાં જોડાયેલા લોકોને નાનું, પરંતુ જીવનનિર્વાહનું સાધન મળે એવો પ્રયાસ કર્યો. આઝાદ ભારતના પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ આઝાદ હિંદ ફોજના લડવૈયાઓને માસિક રૂ. ૧૦૦ની આર્થિક સહાયતા આપવાનો ઈનકાર કર્યો. કેપ્ટન પ્રેમ સહેગલ સાથે મળીને મેં એક ટ્રસ્ટની સ્થાપના કરી, જેમાં સૈનિકોને એમના ઘરે પાછા ફરી શકે અને જીવે ત્યાં સુધી એમને માસિક ૭૦ રૂપિયા મળી રહે એવા એક કોર્પસ ફંડની વ્યવસ્થા કરી. એમને રોજગાર મળે એ માટે પણ મેં પ્રયાસ કર્યા.


એક રીતે જોવા જઈએ તો મારું જીવન ખૂબ જ ઘટનાપૂર્ણ અને સાહસપૂર્ણ રહ્યું, પરંતુ પાછળ વળીને જોઉં છું તો સમજાય છે કે, સુભાષબાબુ સૌને સ્વીકારી શકતા હતા. એમણે મહાત્મા ગાંધીને 'રાષ્ટ્રપિતા'નું બિરુદ આપ્યું, પરંતુ બાપુનો વિરોધ કરવાની એમની નૈતિક હિંમતને કદાચ એ સમયના કૉંગ્રેસી નેતાઓ સ્વીકારી શક્યા નહીં!

(સમાપ્ત)■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# તરુણાવસ્થામાં અમુક બદલાવને સ્વીકારી લો



**ક્લાસની** છેક છેલ્લી બેંચ પર બેસેલી રીયા એકીટશે સામે ડેસ્ક પર રાખેલી નોટબુકને તાકી રહેલી. પાના પર લખાયેલાં અધૂરાં વાક્યો, કવિતાઓ, ફૂલ-પાનના ચિત્રો, આડી-અવળી રેખાઓ અને તારલાઓ વચ્ચે એ ખોવાય ગઈ. એને લખવું બહુ ગમતું. એ એની પર્સનલ સ્પેસ હતી. જ્યાં ગમે ત્યારે પોતે દોડીને ભાગી છૂટતી, પણ હમણાંથી જાણે શબ્દોએ એની સાથે કીટ્ટા કરી લીધેલી. વાર્તાઓ એની પાસે આવતી નહીં. વિચારો દિમાગની જેલમાં કેદ થઈ ગયા હોય એમ કાગળ પર ઉતરવાની ના પાડી દેતા. કદાચ રીયા પોતાના જ વિચારોના વર્તુળમાં ચકડોળે ચડી ગયેલી.

આજે એ વાતને મહિનાઓ થઈ ગયા હતા કે જ્યારે રીયાએ કોઈ સાથે અઢળક વાતો કરી હોય. આજકાલ એ ખપપૂરતું જ બોલતી. પૂછવામાં આવે એનો જવાબ આપતી. માત્ર હા કે ના માં ડોકું ધુણાવતી. બિનજરૂરી એકપણ હરફ ઉચ્ચારવામાં એને બળ પડતું.

રીયામાં આવેલો આ બદલાવ એના શિક્ષકોને નજરે ચડ્યો. ' રીયા, તું હમણાંથી ક્લાસમાં બહુ એક્ટિવ નથી રહેતી. શું થયું છે?' એવું એના ઈંગ્લિશ ટીચરે એક વખત અનાયાસે પૂછી લીધેલું. જોકે રીયાએ સામે કોઈપણ પ્રતિભાવ આપવાનું ટાળ્યું હતું.

રીયાના મિત્રો એને ટોકતા, 'કેમ બોલતી નથી? ક્યાં ખોવાયેલી રહે છે? ' રીયા આવી ટકોર સામે ખભ્ભા ઉલાળી, હળવા સ્મિત સાથે કહી દેતી : 'ના, કંઈજ નથી થયું...' એટલે ધીમે-ધીમે સહુએ પૂછવાનું બંધ કરી દીધું.

રીયાની વર્તણૂકમાં આવેલા બદલાવનો સૌપ્રથમ ખ્યાલ સામાન્ય રીતે એના પેરેન્ટ્સને આવવો જોઈતો હતો, પણ એનાં મા-બાપ બંને પોતપોતાના વ્યવસાયમાં અતિ વ્યસ્ત. મોર્ડનાઈઝેશનની અસર હેઠળ રીયાના મૌનને એની મેચ્યોરિટી સમજી નજરઅંદાઝ કરી બેસેલા.

'રીયા, બહુ ઝડપથી મોટી થઈ રહી છે...' પપ્પાએ એક રાતે ડિનર ટેબલ પર ટકોર કરેલી. 'ટીનએજર્સને આ ઉંમરે થોડી સ્પેસ જોઈતી હોય એ સ્વાભાવિક છે...' મમ્મીએ પણ પપ્પાની વાતમાં હકારમાં સૂર પૂરાવી કહેલું, : 'બધું સરખું થઈ જશે. આ બસ, એક ફેઝ છે, જે પસાર થઈ જશે.

જોકે, આ કોઈ એવો તબક્કો નહોતો કે રીયાના જીવનમાંથી બે-પાંચ મહિનામાં એમ ભાગી છૂટે. રીયાએ જાતે મૌન પર પસંદગીનો કળશ ઢોળેલો. મૌનને મ્હાત કરવાની ઉંમરે એને ગળે વળગાડી લીધેલું. પોતાની આસપાસ મસ્ત મજાની એક દીવાલ ચણી લીધેલી. એય પાછી ભેદવા કોઈ સક્ષમ ના હોય એવી અઘરી. સવાલ એ થાય કે રીયા આવી બની બેસી એની પાછળ નિમિત્ત શું?

રીયાનું જીવન ઉપરતળે થઈ ગયું જ્યારે મીરા એનાથી દૂર ચાલી નીકળી. મીરા એના માટે બેસ્ટ ફ્રેન્ડથી વિશેષ હતી. જાણે એની જીવાદોરી. એ એવી વ્યક્તિ હતી જે પોતાની હાજરી માત્રથી રીયાની સામાન્ય જિંદગીને રંગબેરંગી બનાવી દેતી. કલાકો સુધી અનેક વિષયો પર વાતો કરવી. ગમતાં પુસ્તકો વિશે, વરસાદી ધૂનો વિશે, સપનાઓ અને જગતભરની ફિલોસોફિકલ ચર્ચાઓ આ ઉંમરે પણ બંનેને જોવી, સાંભળવી ગમતી. રીયાને સમજતી હોય એવી એ એક જ વ્યક્તિ હતી મીરા... એને પંપાળવી, એની લાગણીઓને સમજવી. ક્યારેક રીયા શબ્દોથી સમજાવી ના શકે તો પણ એના મૌનને સમજી જનાર મીરા, એના માટે આખી દુનિયા હતી. રીયાને આંચકો ત્યારે લાગ્યો જ્યારે મીરાના પપ્પાની બદલી થઈ. નાછૂટકે એને અન્ય શહેરમાં જવું પડ્યું. જતાં પહેલા રીયાને વળગી મીરા ખૂબ રોઈ. બંનેએ એકબીજાથી ક્યારેય અળગા ના થવાનું પ્રોમિસ કર્યું પછી ભારે હૈયે મીરાએ વિદાય લીધી.

શરૂઆતમાં એકબીજાને લાંબા મેસેજ કરવા, ફોન પર કલાકો સુધી વાતો કરવી, સ્કૂલની નાનામાં નાની વિગત શેર કરવાની ચૂકતા નહીં. પણ, ધીમે-ધીમે સમય પસાર થયો. મેસેજ નાના થયા ને કોલ્સ ઓછા થવા લાગ્યા. મીરા પાસે હવે નવા મિત્રોની ફોજ હતી. નવી જિંદગી, નવા અનુભવો વચ્ચે એ વધુ વ્યસ્ત રહેવા લાગી. મીરા આમ પણ એકદમ ખુશમીજાજી અને મળતાવડી હતી. એના માટે નવી જગ્યાએ સેટ થઈ જવું અઘરું નહોતું. આ બાજુ, મીરાની ગેરહાજરીનો ખાડો રીયા પૂરી શકી નહોતી. એ હજુ ત્યાં જ અટવાયેલી પડી હતી. એને મીરા સિવાય કોઈ સાથે ગોઠતું નહીં. અને મીરાની નવી લાઈફમાં રીયા માટે જગ્યા સાંકડી થતી લગભગ બંધ થવાની કગાર પર આવી ગઈ. જે અંતે રીયાને મૌનના હવાલે કરી મીરા હાથ ખંખેરી ચાલી નીકળી.

આમ તો મોટાભાગના તરુણ ટીનએજમાં બદલાવને બહુ ઝડપથી સ્વીકારી શકતા હોય છે, પરંતુ ક્યારેક કોઈ રીયા જેવું પણ નીકળે, જે પરિસ્થિતિ અનુસાર બદલાવને સ્વીકારી શકે નહીં, પરંતુ એમના માટે પણ જિંદગી સરપ્રાઈઝ લઈને ઊભી જ હોય છે. રીયાના ક્લાસમાં અચાનક આરવની એન્ટ્રી થઈ. રીયાને સ્વભાવગત એ તદ્દન મીરા જેવો લાગ્યો. સહુ સાથે વાતચીત કરવાની ટેવ, લોકો સાથે હળવા- મળવાની આદત, ટીચર્સની ટીખળ કરવાની રીતથી માંડી એમના વ્હાલા થઈ જવાની કુનેહ. બધું જ અદ્દલ મીરા જેવું. માત્ર જેન્ડર અલગ. રીયાના જીવનમાં જરૂરી બદલાવ આરવના નામે મળી ગયો. એણે સામેથી દોસ્તીનો હાથ લંબાવ્યો. બસ,પછી તો રીયાના જીવનમાં મીરાંની ખાલી પડેલી જગ્યા ક્યારે આરવ દ્વારા ભરાતી ગઈ એનો ખ્યાલ પણ ના રહ્યો.

જોકે આજની કહેવાતી જેન-ઝી જનરેશનમાં પણ મિત્રતા વચ્ચે જેન્ડર બાયસનેસનો સવાલ સળગતો રહ્યો છે એટલે એમ મીરા-રીયાની દોસ્તી જેટલો સહજ સ્વીકાર આરવ-રીયાની દોસ્તીને મળી જશે એની શંકા સેવવી રહી, પરંતુ એક વાત રીયાના ટીનએજ મનમાં જડબેસલાક બેસી ગયેલી કે, જીવન કોઈના ચાલી જવાથી અટકી પડતું નથી, કારણ કે દરેક જૂની વસ્તુનું રિપ્લેસમેન્ટ આપમેળે કરી નાખવાની પ્રકૃતિને આદત પડી છે ને ટીનએજર્સ એને તાબે થવા ટેવાઈ જતા હોય છે. ■

## ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# સિનેમાની પ્રથમ ગ્લેમરસ ગર્લ
# સુરૈયા

*તૂ મેરા ચાંદ મૈં તેરી ચાંદની*
*મૈં તેરા રાગ તૂ મેરી રાગિની..*



આ ગીત સાંભળ્યું છે ને ? ૧૯૪૯માં પ્રદર્શિત થયેલી ફિલ્મ 'દિલ્લગી'નું સુરૈયાએ સૂરીલા સ્વરે ગાયેલું આ કર્ણપ્રિય ગીત આજે પણ ખૂબ લોકપ્રિય છે. ઉપરાંત 'પ્યાર કી જીત'નું 'ઓ દૂર જાનેવાલે..' અને 'મિર્ઝા ગાલિબ'નું 'દિલ-એ-નાદાન તુઝે હુઆ ક્યા હૈ' જેવાં સુરૈયાને કંઠે ગવાયેલાં ગીતો પણ એટલાં જ મશહૂર છે. 'મિર્ઝા ગાલિબ' ફિલ્મમાં સુરૈયાને સાંભળીને દેશના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ કહેલું કે, 'તમે મિર્ઝા ગાલિબના આત્માને જીવંત કરી દીધો છે!'

સુરૈયાનો કંઠ તો સૂરીલો હતો જ, સાથે અભિનયનાં અજવાળાં પણ એમાં ભળેલાં.કેટલીક બહેતરીન ફિલ્મોમાં સુરૈયાએ કંઠનાં કામણ પાથરવાની સાથે અભિનયની કળા પણ દાખવેલી. રૂપેરી સૃષ્ટિમાં આ ગાયિકા-અભિનેત્રીએ કરેલા અણમોલ પ્રદાનને પગલે ભારત સરકારે સુરૈયાની સ્મૃતિમાં ૩ મે ૨૦૧૩ના પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડેલી.

સૂરીલી સુરૈયાનો જન્મ ૧૫ જૂન ૧૯૨૯ના પંજાબના ગુજરાંવાલામાં થયેલો. માતાપિતાનું એકમાત્ર સંતાન હતી એ. જૂના જમાનાના મશહૂર ખલનાયક જહૂર સુરૈયાના કાકા હતા. એમને કારણે સુરૈયાનો સિનેમાપ્રવેશ થયો. ૧૯૩૭માં 'ઉસને ક્યા સોચા' ફિલ્મમાં પદાર્પણ કરીને સુરૈયાએ બાળકલાકારની ભૂમિકા ભજવી. ૧૯૪૧માં શાળાની રજાઓમાં સુરૈયા મોહન સ્ટુડિયોમાં 'તાજમહલ' ફિલ્મનું શૂટિંગ જોવા ગયેલી. એ વખતે નિર્દેશક નાનુભાઈ વકીલની નજર સુરૈયા પર પડી. એમણે મુમતાઝ મહલના બાળપણની ભૂમિકા માટે સુરૈયાની પસંદગી કરી લીધી.

સુરૈયાએ ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું, પણ એનો પહેલો પ્રેમ ગાવા પ્રત્યે હતો. ઓલ ઇન્ડિયા રેડિયો પર એને ગાવાનો મોકો પણ મળેલો. પ્રસિદ્ધ સંગીતકાર નૌશાદે સુરૈયાને રેડિયો પર સાંભળી અને એના સ્વરથી પ્રભાવિત થયા. એમણે સુરૈયાનો સંપર્ક સાધ્યો. આ મુલાકાતને પગલે 'શારદા' ફિલ્મમાં સુરૈયાએ કંઠનાં કામણ પાથર્યાં.

કહેવાય છે કે એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે અથવા તો એકસાથે બે નાવ પર કે બે ઘોડા પર સવાર ન થઈ શકાય, પણ સુરૈયાએ એક મ્યાનમાં અભિનય અને ગાયનની બે તલવાર રાખી અને સફળતાથી રાખી. પ્યાર કી જીત, બડી બહન અને દિલ્લગીને ધૂમ સફળતા મળી. લોકોમાં ગજબની ઘેલછા હતી સુરૈયાની. જોકે સુરૈયા દેવ આનંદ પાછળ પાગલ હતી. સુરૈયા અને દેવ આનંદની ફિલ્મોને જ્વલંત સફળતા મળેલી. વિદ્યા, જીત, શાયર, અફસર અને સનમ જેવી ફિલ્મોમાં દેવ આનંદ સાથે જોડી જમાવીને સુરૈયા અભિનયના આસમાને પહોંચી ગયેલી. સિનેમાના પરદે દેવ આનંદ સાથે જોડી જમાવ્યા પછી વાસ્તવિક જીવનને પરદે પણ દેવ સાથે જોડી જમાવવાનું સોહામણું સ્વપ્ન સુરૈયાએ જોયું. દેવ આનંદ અને સુરૈયાની પહેલી મુલાકાત વિદ્યાના સેટ પર થયેલી.

વિદ્યાના સેટ પર જ દેવ અને સુરૈયાના પ્રેમ પ્રકરણનો આરંભ થયો. એ વિશે એક મુલાકાતમાં સુરૈયાએ કહેલું, 'વિદ્યાના સેટ પરના એક દ્રશ્યમાં સુરૈયાએ નાવડીમાં સવાર થવાનું હતું. સુરૈયા નાવ પર સવાર થઈ. પણ પાણીમાં કેટલુંક અંતર કાપ્યા પછી નાવડી ઊંધી વળીને પાણીમાં ડૂબવા લાગી. સુરૈયા પણ ડૂબવા લાગી. એ જોઈને દેવ આનંદ પાણીમાં કૂદયા. સુરૈયાને બચાવી લીધી. સુરૈયાએ આભાર માનીને કહ્યું, 'જો તમે મને ન બચાવી હોત તો આજે તો હું ખતમ થઈ ગઈ હોત.' ત્યારે દેવ આનંદે કહ્યું, 'જો તારો જીવ ગયો હોત તો હું પણ ખતમ થઈ જાત.' સુરૈયાની દ્રષ્ટિએ આ કદાચ એ પહેલી પળ હતી જયારે બેયને પરસ્પર પારાવાર પ્રેમ હોવાની જાણ થયેલી.

દેવ અને સુરૈયાને એમ કે એમની પ્રણયગાથા વિશે કોઈ જાણતું નથી, પણ ઝણકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં.... પ્રેમઝાંઝર ઝણક્યાં અને બધાંને દેવસુરૈયાની પ્રેમકથા અંગે ખબર પડી ગઈ. વાતને પાંખ આવી અને સુરૈયાની નાની સુધી પહોંચી. એમણે દેવને પોતાને ઘેર આવવા પર પ્રતિબંધ લગાવી દીધો. સુરૈયાની માતાને દેવ પસંદ હતો, પણ પોતાની માતા પાસે એમનું કાંઈ ન ચાલ્યું. સુરૈયાની નાનીનો દેવ સામેના વિરોધનું મુખ્ય કારણ એનો ધર્મ હતો. મુસ્લિમ સુરૈયા હિંદુ દેવને પરણે એ બાબત નાનીને સ્વીકાર્ય નહોતી, એથી એમણે સુરૈયા પર નિયંત્રણો લાદી દીધાં.

દેવ અને સુરૈયાએ ફિલ્મના સેટ પર જ લગ્ન કરવાનો નિર્ણય કરી લીધો. એમણે સેટ પર પંડિતજીને બોલાવ્યા. એક દ્રશ્યના ફિલ્માંકન વખતે પંડિતજીએ મંત્રોચ્ચાર શરૂ કરી દીધા. સુરૈયાના સહાયકે આ લગ્ન અંગે નાનીને જણાવી દીધું. સુરૈયાની નાની સેટ પર પહોંચી. એને ખેંચીને પોતાની સાથે ઘેર લઈ ગઈ. એ પછી નાનીના કહેવાથી સિનેજગત સાથે સંકળાયેલા લોકો સુરૈયાને દેવ સાથે લગ્ન ન કરવા સમજાવવા આવ્યાં.

દેવ સાથે લગ્ન એ જીવનની સૌથી મોટી ભૂલ ગણાશે એવું કહેવા લાગ્યા. નાદિરાના પહેલા પતિ નક્શબે તો સુરૈયાની સામે કુરાન મૂક્યું. કુરાન પર હાથ મૂકીને દેવ સાથે લગ્ન ન કરવાના સોગંદ લેવાનું કહ્યું. નાની અને મામાએ દેવને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યારે સુરૈયાએ હથિયાર હેઠાં મૂક્યાં. ત્યાર પછી એ દેવને ક્યારેય ન મળી. દેવ આનંદે અભિનેત્રી કલ્પના કાર્તિક સાથે લગ્ન કરી લીધાં, પણ સુરૈયા ક્યારેય ન પરણી. દેવ સુરૈયાના આત્મામાં સમાઈ ગયો. આખરે દિલમાં દેવની યાદો સાથે ૩૧ જાન્યુઆરી ૨૦૦૪ના સુરૈયાનું મૃત્યુ થયું.

સુરૈયાએ ગાયિકા અને અભિનેત્રી તરીકે પોતાના નામને સાર્થક કરેલું. સુરૈયા નામનો અર્થ સુંદર, સમૃદ્ધ, વિનમ્ર અને શાનદાર થાય છે. નામ પ્રમાણે જ વિનમ્ર સુરૈયા સુંદર હતી, એનો સ્વર સૂરાવલીથી સમૃદ્ધ હતો અને એનો અભિનય શાનદાર હતો! ■

ફેશન પ્લસ
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# આરામદાયક હોઝિયરી

*હોઝિયરી ફેબ્રિકમાંથી ખૂબ જ આરામદાયક કપડા બને છે.આ ફેબ્રિક કોટન, નાયલોન, પોલિએસ્ટર અને લાયક્રા જેવા ફેબ્રિકનું મિશ્રણ છે. આ ફેબ્રિકમાંથી ઈનર ગારમેન્ટસ, સોકસ, ટાઈટસ, લેગિંગ, ટી-શર્ટ, બોડી હગિંગ ડ્રેસ વગેરે જેવા ડ્રેસ બને છે.હોઝિયરી ફેબ્રિક ખૂબજ સુંવાળું, નરમ અને લચિકુ ફેબ્રિક છે. હોઝીયરી ફેબ્રિકમાં લાઈક્રા હોવાથી કપડા સ્ટ્રેચેબલ બને છે. ચાલો જાણીએ હોઝિયરી ફેબ્રિકના કપડા કઈ રીતે પહેરી શકાય.*




## ટી-શર્ટ

હોઝિયરીના ટી-શર્ટ યન્ગ યુવતીઓમાં વધારે પ્રચલિત છે.જેમક લૂઝ ટી-શર્ટ હોય કે પછી બોડી હગિંગ. લૂઝ ટી-શર્ટમાં ઘણી વેરાઈટી આવે છે જેમકે, ક્રોપ ટોપ, રેગ્યુલર ફીટ, ની લેન્થ કે પછી કાફ લેન્થ. આ બધા જ ટી-શર્ટની પ્રિન્ટમાં લેન્થ વાઈસ અને સ્ટાઈલિંગ વાઈસ વેરીએશન આવે છે.

ક્રોપ ટોપની લેન્થ કમર સુધી હોય છે. તેથી જો તમારું શરીર સુડોળ હોય તો તમે ક્રોપ ટોપ ડેનીમની શોર્ટસ કે કોટન શોર્ટસ સાથે પહેરી શકો. રેગ્યુલર ફીટના ટી-શર્ટ ડેનીમ, જેગિંગ કે પછી કોટન ટ્રાઉઝર સાથે પહેરી શકાય. અને જે કની લેન્થ કે કાફ લેન્થના ટી-શર્ટ છે તે વન પીસની જેમ તમે ઘરમાં પહેરી શકશો અથવા તો ની લેન્થ અને કાફ લેન્થ સાથે તમે થ્રી ફોર્થ કે એન્કલ લેન્થના લેગિંગ્સ પહેરી શકો. હોઝિયરીના આ લૂઝ ટી-શર્ટ બોડીને ચીપકતા નથી અને શરીરથી અળગા રહે છે. તેથી પહેરવામાં ખૂબ જ આરામદાયક લાગે છે. આ લૂઝ ટી-શર્ટ બધી જ વયની મહિલા કે યુવતીઓ પહેરી શકે.

## બોડી હગિંગ ટી-શર્ટ

બોડી હગિંગ ટી-શર્ટ પહેરતી વખતે એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે, આ ટી-શર્ટ શરીરને ચોંટી જાય છે. તેથી જેમનું શરીર ભરેલું છે તેઓએ આ ટાઈપના ટી-શર્ટ ન પહેરવા જોઈએ. જો તમારા પેટનો અને કમરનો ભાગ વધારે હશે તો શરીરને ચીપકેલું ટી-શર્ટ ખૂબ જ ખરાબ લાગશે. જો તમારું શરીર સુડોળ હોય તો તમે બોડી હગિંગ ટી-શર્ટ પહેરી શકો. બોડી હગિંગ ટી-શર્ટ કેઝયુઅલી કે ફોર્મલી પહેરી શકાય. બોડી હગિંગ ટી-શર્ટ કેઝયુઅલી તમે ડેનીમ સાથે કે પછી લૂઝ લીનન પેન્ટસ કે પછી હેરમ પેન્ટસ સાથે પહેરી શકો. જેમનું શરીર ભરેલું છે તેઓને જો બોડી હગિંગ ટી-શર્ટ પહેરવા હોય તો તેઓ ટી-શર્ટની ઉપર ટ્રાન્સપરેન્ટ શ્રગ પહેરી શકાય અથવા તો ડાર્ક કલરના ટી-શર્ટ પહેરવા જેથી કરી શરીરનો ભાગ ખરાબ રીતે દેખાય નહીં. ટી-શર્ટની પ્રિન્ટ સીલેકટ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું કે, જેમનું શરીર ભરેલું છે તેઓએ ખાસ કરીને વધારે બોલ્ડ પ્રિન્ટ પહેરવી નહીં.

## લૂઝ પજામા




હોઝિયરી ફેબ્રિકના પજામાં પહેરવામાં ખૂબ જ આરામદાયક હોય છે. ખૂબ જ સુંદર અને આકર્ષક પ્રિન્ટ હોય છે કે તમે કોઈ પણ કલરના ટી-શર્ટ સાથે મીકસ એન્ડ મેચ કરી શકે. લુઝ પજામાં માં ઘણા વેરીએશન આવે છે જેમકે, સટ્રેટ પેન્ટસ , અફઘાની પેન્ટસ , હેરમ કે પછી ધોતી પેન્ટસ. તમે તમારા બોડી ટાઈપ મુજબ પેન્ટસનું સીલેકશન કરી શકો. લુઝ પજામાં માં કોટન ફેબ્રિકનું પ્રમાણ વધુ હોય છે તેથી તે શરીરને ચીપકતા નથી. અને પહેરવામાં અનુકુળ રહે છે. આ લૂઝ પજામાં સાથે તમારી બોડીને અનુરૂપ તમે ટી-શર્ટ સિલેક્ટ કરી શકો. જો પ્રિન્ટેડ પજામાં હોય તો તેની સાથે પ્લેન ટી-શર્ટ પહેરવા. અને પ્લેન પજામાં સાથે પ્રિન્ટેડ ટી-શર્ટ પહેરવા.

ડ્રેસ - હોઝિયરીના ડ્રેસ મોટા ભાગની મહિલા અને યુવતીઓમાં ખૂબ જ પ્રચલિત છે. હોઝિયરી ડ્રેસમાં પુષ્કળ વેરાઈટી આવે છે. તમે તમારા બોડી ટાઈપ મુજબ ડ્રેસની પેર્ટન ડીસાઈડ કરી શકો. કાઈક અલગ લુક આપવા માટે તમે ફેન્સી હેમલાઈનવાળા ડ્રેસ પહેરી શકો. હોઝિયરીના ડ્રેસ એક કેઝ્યુઅલ અને ફોર્મલ એમ બન્ને લુક આપી શકે. કેઝયુઅલ ડ્રેસ માટે ફલેરી ડ્રેસ પહેરી શકાય અને ફોર્મલ લુક માટે બોડી ટાઈટ ડ્રેસ પહેરી શકાય. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# માણસને ઘડવાનું કામ છે, ભાઈ...



'આખરે માણસને ઘડવાનું કામ તો માણસે જ કરવું પડે.' એમ હું હજાર વાર, વારે વારે, જ્યાં પણ લાગ મળે (તક મળે), ત્યાં ત્યાં મારા આ જ્ઞાનને પીરસવાનું કામ કર્યે જ રાખું છું.આમ છતાં, આજ સુધી મારી આ અતિ સંવેદનશીલ અને ખૂબ જ જરૂરી એવી વાતને કોઈએ ધ્યાન પર લીધી નથી, પણ આજે જ્યારે માનવ માત્ર ખરાબ આદતોને રવાડે ચડ્યો છે અને સમાજના તેમજ માનવ સંસ્કારના પાયા જ્યારે ડામાડોળ થવા લાગ્યા છે, ત્યારે આ AI (કૃત્રિમ બુદ્ધિમત્તા- ચેટબોટ)ના કહેવાથી લોકોના મગજમાં આ વાત ઊતરી છે કે માનવનું ઘડતર તો એક માનવ જ કરી શકે. AI પણ ન કરી શકે.

નાની નાની વાત કે પ્રશ્નો ઊભા થાય કે તરત જ જુવાનિયાઓ તો જુવાનિયા, અને મ્હોંમાં દાંત વિનાના પણ AI પાસે પહોંચી જઈને જવાબ માટે ફાંફાં મારે છે.

એકવાર 'રામજીભાઈ - ભરથાણાના વતની' ઉપર ક્લિક કરીને અમારા દાદા જાણે કોઈ નવો રાઝ શોધી કાઢ્યો હોય એમ ખુશ થતાં થતાં... 'આ સાંજ સુધીમાં આવ્યો.' એમ કહીને માથે પાઘડી ને ખેસ, ધોયેલું ધોતિયું ને કડક કફની બંડી પહેરીને ઊપડ્યા. ઘરનાએ જતી વેળા વારી વારીને પૂછ્યું, 'આમ સજીધજીને ક્યાં જાઓ છો?' પણ જવાબ આપે એ બીજા! દાદાની બાળહઠ સમજીને એમને એમના જ ભરોસે જવા દીધા. પૂરા દોઢ દિવસ પછી મરણતોલ હાલતમાં દાદાને કોઈ અજાણ્યો માણસ ગાડામાં નાખીને પોટલાની જેમ ઉતારી ગયો.

ઘાયલ સિપાહીની જેમ, 'હામો મળે તો એનો તો હું ભુક્કો કરી નાખા. એના મગજમાં એ હમજે છે હું?' ઘાયલ સિપાહીની જેમ બોલી બોલીને એ થાક્યા. પછી અમે પૂછ્યું, 'ક્યાં ગયા હતા? કેમ ગયા હતા? અને આ માર ક્યાં ખાઈને આવ્યા છો?'

'ભરથાણા ગામે ગયો હતો. આપણી આ માધવી સારું માગું નાખવા!'

'તે પછી હું થીયું?'

'કંઈ નહીં. માર ખાઈને પાછો આવ્યો... પણ મૂઆને તો હું હીધો કરી દેવા. હમજે છે હું એ?'

'તે મુરતિયો કેવો હતો? અને એનું કુટુંબ, મા- બાપ, ભાઈ - બહેન કેવાં હતાં?

'તમે એક કામ કરો. પહેલાં આ ફોનને ઉકરડામાં ફેંકી દો.'

'પણ કંઈ સમજાય એમ બોલો ને! તમે માર ખાધો, એમાં મોબાઇલનો હું વાંક છે?'

'બધો વાંક મોબાઇલનો જ છે. જુઓ, તમે મને હીખવાડેલું કે આ AIને પૂછવાથી બધું જ જાણવા મળી જહે. તે મેં ભરથાણા ગામ લખ્યું. તો એને મને રસ્તો બતાવ્યો. મારે ભરથાણામાં ગામના પ્રમુખ લલ્લુભાઈને ઘેર એના છોકરાનું આપણી માધવી હારે ચોકઠું ગોઠવવું હતું. ગામમાં ગયો તો ત્યાં પ્રમુખ આપણી ન્યાતના નહોતા. મેં પૂછયું કે, 'ભાઈ, આ ઘર લલ્લુભાઈ બારોટનું છે ને?'


'ના ભાઈ, આ ઘર તો રામચંદ્રભાઈ દેસાઈનું છે અને હું એક નિવૃત્ત આચાર્ય છું. મારાં છોકરાંઓને ત્યાં પણ છોકરાંઓ છે...' એમ એમણે આખો પરિચય આપી દીધો. (આચાર્ય અને પાછા નિવૃત્ત!)

આ નિવૃત્ત આચાર્યએ મને માહિતી આપી કે બીજા એક ભરથાણામાં દસ ઘર બારોટનાં છે અને ત્યાં તમને રતનસિંહના ઘરે યોગ્ય છોકરો મળી રહેશે. વધારે વિગત મને ખબર નથી. પણ AI ને તમે પૂછી લેજો. એ રસ્તો પણ બતાવશે. મેં AI ને પૂછ્યું. તો એણે ગામ, ઘર, રતનસિંહ અને તેના છોકરાથી લઈ, ગામના ઇતિહાસ, ભૂગોળ અને લોકો વિશે પણ જ્ઞાન આપી દીધું.

એ ગામથી બે બસ પકડીને, એ દૂર દૂર આવેલ ભરથાણા ગામમાં ગયો. તો ત્યાં ગામમાંથી શહેર બની ચૂકેલા ભરથાણા ગામમાં એ ગામનો (મૂળ નિવાસી) એક પણ બારોટ ત્યાં નહોતો. બધા ઘરબાર, જમીન વેચીને સુરત શહેરમાં બાળકો ભણાવવા અને નોકરી કરવા સ્થળાંતર કરી ચૂક્યા હતા. હવે ત્યાં બિહારી, કાઠિયાવાડી, નેપાળી, બાંગ્લાદેશી અને મરાઠી સિવાય બીજું કોઈ જોવા નહીં મળ્યું. ખાલી એક ખુમાનસિંહ બારોટનું બોર્ડ વાંચીને AIના આદેશ અને આશીર્વાદ લઈને બારણે ટકોરા માર્યા. એક બે ટકોરે બારણું ના ખૂલ્યું, તો બીજી દસ- બાર વાર ડોરબેલ મારી. ત્યાં એક ડાંગ લઈને ભૈયા જેવો માણસ બારણું ખોલીને પ્રગટ થયો અને હજી કંઈ પણ બોલું, ત્યાં તો બે ચાર દંડાની રમઝટ - જાણે હું કોઈ ચોર લૂંટારો હોઉં - એમ બોલાવી દીધી. એમાં વળી હું મારી ધોળી મૂછ ઉપર વળ ચડાવવા લાગ્યો. (ટેવ મુજબ વળી!) એટલે બીજી બે - ચાર ઓર સહીની ગણતરીએ ફટકારી દીધી.

મેં એ ભાઈને હાથ જોડીને કહ્યું કે, 'હું તો મારી દીકરી હારુ વરરાજા હોધવા નીકળ્યો છું ભાઈ...! તારે ઘેર હો કુંવારી દીકરીઓ હશે, તો તું મારી વેદના હમજહે.' પછી તો એણે દંડો ફેંકી દીધો ને મને અંદર લીધો ને હાથ જોડી રડમલ આંખે બોલ્યો. 'મારે હો ઘરમાં ચાર ચોટલા (દીકરીઓ) છે. આ ચાર બાધાને આ ડેલીમાં પૂરીને બેઠો છું. જીવની જેમ હાચવું છું. કોઈ હારો મુરતિયો હોય તો બાપલા, મુને હો બતલાવજો. આ ચાર ચારનો બોજો માથે છે. ડેલો હવે જરા પણ ખુલ્લો મુકાય એમ નથી બાપલા... આ તમારો વેહ જોઈને તમને દંડા ફટકારી દીધા...! બાપલા, માફ કરજો... હાલો, ચા- પાણી કરાવીને તમને તમારા ગામ ભેગા કરી દઉં.'

તે બિચારો મને હમણાં ઠાલવીને ગીયો, તે ચાર દીકરીનો બાપ! મને ભરથાણા ગામની ખોટી માહિતી AI એ આપેલી અને એનાથી ખોટી માહિતી ગામના કારભારીએ આપેલી. આ AI અને કારભારીની ગોળ ગોળ વાતમાં માર ખાવાનો વારો આવે! ઓ મારા બાપલા...! ઘરડે ઘડપણ હાડકાં ખોખરાં કરાવીને એટલું તો હીખી ગીયો કે માણહને ઘડવાનું કામ તો એક માણહ જ કરે અને આ હાચો રસ્તો હો માણહે જાતે જ હોધવો પડે...! મશીન કંઈ માણહનું સ્થાન ના લઈ હકે... હમજ્યા ને?' ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| जांभई | નજીક |
| जावळे | વધારે |
| जास्त | બગાસું |
| जवळ | અટપટું |
| जटिल | જોડકું |

## ઓળખાણ પડી?



ફિલિપાઈન્સના સેબુ નામના ટાપુમાં જ જોવા મળતા આ વિશિષ્ટ પંખીની ઓળખાણ પડી? શરીર પર ચાર રંગ હોવાથી Quadricolor નામે પણ ઓળખાય છે.

અ) Imperial બ) Flowerpecker ક) Ground Dove ડ) Kakapo

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બા | ળ | ૨ પ | ણ | | ૩ બ | ર | ૪ છ | ટ | ૫ તા |
| ગા | | ર | | ૬ રા | રા | | ટ | | પ |
| ૭ ય | ૮ તિ | મ | | ૯ ત | બ | | ૧૦ કું | ૧૧ તા | |
| ૧૨ ત | જો | | ૧૩ સ | ભ | ર | ૧૪ તા | | ૧૫ વ | ૧૬ ગે |
| | ૧૭ રી | ૧૮ ત | સ | ર | | ૧૯ કા | ૨૦ પ | | ર |
| ૨૧ છૂ | | ૨૨ મે | લું | | ૨૩ ફા | ત | ડો | | કા |
| ૨૪ ટું | બો | | | ૨૫ ઘ | રે | | ૨૬ સ | હા | ય |
| છ | | ૨૭ પ | રો | ણા | ગ | ત | | | દે |
| ૨૮ વા | ય | ર | | બ | | | ૨૯ ઉ | ૩૦ દા | સ |
| યું | | ૩૧ બ | હુ | ધા | | ૩૨ ધા | ર | દા | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | ૫ | |
| | | | | ૬ | | | ૭ | | ૮ |
| ૯ | ૧૦ | | ૧૧ | | | | | | |
| ૧૨ | | | | ૧૩ | | ૧૪ | | ૧૫ | |
| | | | ૧૬ | | | ૧૭ | ૧૮ | | |
| ૧૯ | | | ૨૦ | | ૨૧ | | ૨૨ | ૨૩ | |
| | | ૨૪ | | | | | | ૨૫ | ૨૬ |
| ૨૭ | | | | | | | ૨૮ | | |
| | | | | ૨૯ | | | ૩૦ | ૩૧ | |
| | ૩૨ | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. આકાશી રંગનું (૪)
૨. ..... હવે બહુ થયું (૨)
૩. સહજ, કુદરતી (૪)
૪. મારનાર (૩)
૫. રગ (૨)
૬. મંદિરમાં વપરાતો પથ્થર (૬)
૮. એકદમ નાનું (૪)
૧૦ હોબાળો, સનસનાટી (૪)
૧૪. આદત, ટેવ (૨)
૧૬. ભાષા લખવાના નિયમો (૪)
૧૮. રમતનું મેદાન, થર (૨)
૧૯. ભજન ગાનાર (૪)
૨૧. નફો લેવાની વૃત્તિ (૪)
૨૩. સૂર્ય (૨)
૨૪. વાંધો, અડચણ, નડતર (૪)
૨૬. હેતુ (૪)
૨૮. વડીલોની વાતો ..... જેવી હોય (૩)
૨૯. સારી, માયાળુ, પ્રામાણીક (૨)
૩૧. માસ (૨)

**ઊભી ચાવી**

૧. ઢોંગ, દંભ (૪)
૩. સ્વમાન, આત્મગૌરવ (૪)
૬. દીપ્તિ, તેજ (૨)
૭. જીભ (૩)
૯. ..... આપવી એટલે હરાવવું (૨)
૧૧. સંસ્કૃતનો મોટો કવિ (૩)
૧૨. કમળ, સ્વચ્છ (૩)
૧૩. બધું, સઘળું (૩)
૧૫. ભોજનમાં ..... તો જોઈએ જ (૨)
૧૬. વિસ્તાર, પસારો (૨)
૧૭. સાધના (૨)
૧૯. પંડિત, રસોયો (૨)
૨૦. કૃષ્ણ (૩)
૨૨. બીક, ભય (૨)
૨૪. ઝડપી વિકાસ, પ્રગતિ (૫)
૨૫. બ્રાહ્મણ (૨)
૨૭. નિતારવાની ક્રિયા (૪) (જો.છૂ.)
(૨૯) ..... પીવું એટલે ન ગાંઠવું (૨)
૩૦. બંદગી (૩)
૩૧. માતેલી, મદમસ્ત (૪)
૩૩. પડકાર, લલકાર (૪)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના એકમાત્ર પૌત્રની દાદીના સસરાની પત્ની પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી બ) મમ્મી ક) મામી ડ) પત્ની

## જાણવા જેવું

માછલી જળચર પ્રાણી છે. ચૂઈ વડે પાણીમાંથી પ્રાણવાયુ છૂટો પાડી તેનો શ્વાસ લઇ તે જીવે છે. હવામાંથી તે પ્રાણવાયુ લઈ શકતી નથી કેમ કે તેને ફેફસાં નથી. કેટલીક માછલીઓના શરીરમાંથી વીજળીક શક્તિ બહાર પડે છે. જીમનોટાસ નામની માછલીના દેહમાં તીવ્ર વીજળીક શક્તિ રહેલી છે. તેનાં શરીરને અડકતાં સાથે જ એક મોટો છોડ પણ એક પળમાં નિર્જીવ બની ઢળી પડે છે.

## સુડોકુ-૮૦૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | | ૭ | | |
| ૭ | | ૪ | | | | ૮ | | ૩ |
| ૩ | | ૬ | ૯ | | ૪ | | | ૧ |
| | ૩ | | ૪ | | ૯ | | ૭ | |
| | | | ૭ | | ૨ | | | |
| | ૬ | | ૮ | | ૫ | | ૧ | |
| ૪ | | | ૫ | | ૧ | ૨ | | ૭ |
| ૮ | | ૧ | | | | ૯ | | ૫ |
| | | ૫ | | | | ૧ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૫ | ૨ | ૧ | ૭ | ૬ | ૪ | ૯ |
| ૭ | ૪ | ૯ | ૩ | ૬ | ૮ | ૧ | ૨ | ૫ |
| ૧ | ૬ | ૨ | ૪ | ૫ | ૯ | ૮ | ૩ | ૭ |
| ૯ | ૫ | ૧ | ૬ | ૩ | ૨ | ૭ | ૮ | ૪ |
| ૩ | ૮ | ૭ | ૫ | ૯ | ૪ | ૨ | ૧ | ૬ |
| ૪ | ૨ | ૬ | ૮ | ૭ | ૧ | ૫ | ૯ | ૩ |
| ૫ | ૧ | ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૨ | ૭ | ૪ | ૯ | ૮ | ૬ | ૩ | ૫ | ૧ |
| ૬ | ૯ | ૩ | ૧ | ૨ | ૫ | ૪ | ૭ | ૮ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

ખાંડ, ગોળ, આલ્કોહોલ વગેરેનું ઉત્પાદન કરી શકાય છે એ ખેતરમાં ઊગતા રોકડિયા પાકને ઓળખી કાઢો.

કરો કામ હોંશે હોંશે રડીને કરવાથી અર્થ ક્યારેય સરતો નથી.

## નોંધી રાખો

ડોક્ટર પાસે આવેલા બાળકે જ્યારે પૂછ્યું કે 'સાહેબ, ભૂખ ન લાગે એવી કોઈ દવા છે?' એ સવાલ સાંભળી કઠણ હૃદયનો ડોક્ટર પણ રડી પડ્યો.

## માઈન્ડ ગેમ

મહેશને પ્રત્યેક પેપર ૧૫૦ માર્કનું એવા છ પેપરમાં કુલ ૭૨૦ માર્ક મળ્યા તો તેને કુલ કેટલા ટકા માર્ક મળ્યા એ ભેજું દોડાવી ગણતરી કરી જણાવો.

અ) ૭૨ ટકા બ) ૭૫.૫ ટકા ક) ૮૦ ટકા ડ) ૮૩.૯ ટકા

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| सांगणे | કહેવું |
| सांगता | સમાપ્તિ |
| सांडणे | ઢોળવું |
| सावली | છાંયડો |
| सावध | જાગરૂક |

ઓળખાણ પડી?
Racoon

માઈન્ડ ગેમ
કુસ્તી

ગુજરાત મોરી મોરી રે
મામા

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
વન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ધીરેન ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) વિભા મહેશ્વરી (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) શ્રદ્ધા આશર (૧૬) પ્રવીણ વોરા (૧૭) પુષ્પા પટેલ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) મીનળ કાપડિયા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) નૂતન વિપીન શાહ (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) મહેશ સંઘવી (૨૯) ભાવના કર્વે (૩૦) અલકા વાણી (૩૧) વિણા સંપટ (૩૨) અંજુ ટોલિયા (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) કિશોર બી. સંઘરાજકા (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતિન બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) જયવંત પદમશી ચિખલ (૪૬) વિજય આસર (૪૭) જગદીશ ઠક્કર (૪૮) મહેશ દોશી (૪૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# એલ્ફિન્સ્ટન બ્રિજ પર એક્ટિવા સ્લીપ થઈ જતાં પ્રભાદેવીના કચ્છીનો જીવ ગયો



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પિતરાઇ સાથે બુધવારે સવારના એક્ટિવા સ્કૂટર પર પરેલ જવા નીકળેલા પ્રભાદેવીના ૪૦ વર્ષના કચ્છીએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો. એલ્ફિન્સ્ટન બ્રિજ પર સ્કૂટર સ્લીપ થવાથી પાછળ બેઠેલા જીગર દિલીપભાઇ ગાલાને માથામાં ગંભીર ઇજા થઇ હતી અને હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું.

કચ્છના લાકડીયાના અને પ્રભાદેવીમાં વી. એસ. રોડ પર ગેમન ઇન્ડિયાની સામે આવેલી ભીખુ બિલ્ડિંગમાં રહેતા અને સ્ટેશનરીનો વ્યવસાય ધરાવતા દિલીપભાઇ ગાલા (૬૯)નો પુત્ર જીગર બુધવારે વહેલી સવારે તેના પિતરાઇ ભાવિન સાથે કામ નિમિત્તે પરેલ જવા માટે એક્ટિવા સ્કૂટર પર નીકળ્યો હતો. ભાવિન સ્કૂટર ચલાવી રહ્યો હતો, જ્યારે જીગર પાછળ બેઠો હતો. તેઓ સ્કૂટર પર એલ્ફિન્સ્ટન બ્રિજ પર પહોંચ્યા ત્યારે તેમનું સ્કૂટર અચાનક સ્લીપ થતાં બંને જણ રસ્તા પર પટકાયા હતા. આ અકસ્માતમાં જીગરના માથામાં ગંભીર ઇજા થઇ હતી. ઘાયલ જીગરને તાત્કાલિક કેઇએમ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન સવારે ૭.૪૦ વાગ્યે તેનું મૃત્યુ થયું હતું. જીગરના મૃત્યુથી તેના પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. જીગર પરિણીત હતો અને પિતાને વ્યવસાયમાં મદદ કરતો હતો.

દાદર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર રાજેન્દ્ર આવ્હાડે કહ્યું હતું કે એલ્ફિન્સ્ટન બ્રિજ પર બુધવારે સવારના ૬.૧૫ વાગ્યે આ અકસ્માત થયો હતો. આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો હતો. જીગરના પિતાનું અમે નિવેદન નોંધ્યું હતું. ■



**પરીક્ષણ સફળઃ**
શહેરમાં પૂર્વ–પશ્ચિમની કનેક્ટિવિટી વધારવાના પ્રયાસ રૂપે મુંબઈ મેટ્રો–ટૂબી (ડીએન નગર અંધેરીથી મંડાલે–માનખુર્દ)ની પ્રથમ ટ્રાયલ બુધવારે ૫.૪ કિલોમીટર સુધીના ચેમ્બુરના ડાયમંડ ગાર્ડનથી માનખુર્દના મંડાલે સુધી હાથ ધરવામાં આવી હતી. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા પ્રથમ ટ્રેનનું આંતરીક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. હવે રિસર્ચ ડિઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઇઝેશન (આરડીએસઓ) અને કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા તપાસ કરવામાં આવશે. સલામતી માટેનાં જરૂરી સર્ટિફિકેટ મેળવ્યા બાદ જ આનો આંશિક માર્ગ ખુલ્લો મૂકવામાં આવશે, પરંતુ તેને પણ અમુક મહિનાઓની વાર લાગશે. આ માર્ગમાં ડાયમંડ ગાર્ડન, શિવાજી ચોક, બીએસએનએલ મેટ્રો, માનખુર્દ અને મંડાલે એમ પાંચ એલિવેટેડ સ્ટેશન હશે. (પીટીઆઈ)

# મુંબઈમાં વોટર ટેક્સીઓ શરૂ થવાની તૈયારીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર મુંબઈમાં વોટર ટેક્સીની સેવાઓ શરૂ કરવા માટે તૈયાર છે. સરકારે એક વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કર્યો છે. આઠથી નવ રૂટ ઓળખી કાઢવામાં આવ્યા છે. ઇલેક્ટ્રિક જહાજો ટૂંક સમયમાં ગેટવે ઓફ ઈન્ડિયાને અલીબાગ અને એલિફન્ટા સાથે જોડશે. સ્વીડિશ કંપની પાસેથી પંદર જહાજો ખરીદવામાં આવી રહ્યા છે. ગણપતિ દરમિયાન મઝગાંવથી માલવણ સુધીની રો-રો સેવા શરૂ થશે.

મુંબઈમાં ભીડ ઓછી કરવા માટે, મહારાષ્ટ્ર સરકાર મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં વોટર ટેક્સી સેવાઓ સાથે દરિયાઈ માર્ગો વિકસાવવાની યોજના બનાવી રહી છે, એમ રાજ્યના એક પ્રધાને માહિતી આપી છે. આ માટેનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) તૈયાર કરવામાં આવ્યો છે, એમ બંદર ખાતાના પ્રધાન નિતેશ રાણેએ મંગળવારે જણાવ્યું હતું.

'અમે મુંબઈ મેટ્રોની સફળતા જોઈ છે. તે જ રીતે, અમે એમએમઆરમાં વોટર ટેક્સીઓ શરૂ કરીશું. અમે આઠથી નવ રૂટ પહેલાથી જ ઓળખી કાઢ્યા છે,' એમ તેમણે કહ્યું હતું.

'અમારી પાસે ડીપીઆર છે અને અમે આંતરરાષ્ટ્રીય સલાહકારો સાથે વાત કરી રહ્યા છીએ,' એમ તેમણે જણાવ્યું હતું.

સરકાર ગેટવે ઓફ ઈન્ડિયાથી અલીબાગ અને એલિફન્ટા ટાપુ સુધી ૩૦-સીટર ઇલેક્ટ્રિક જહાજો પણ લાવશે, એમ તેમણે કહ્યું હતું. રાણેએ કહ્યું કે સ્વીડિશ કંપની કેન્ડેલા ક્રુઝ પાસેથી ૧૫ જહાજો ખરીદવામાં આવી રહ્યા છે અને તેમાંથી બે ઓગસ્ટમાં આવશે. આ જહાજો પ્રદૂષણ

(જુઓ પાનું ૪) ▶▶

# મૌલવીએ પોતાનું દુષ્કર્મ જોઈ લેનાર સગીરની હત્યા કરીને શબના ટુકડા કર્યા

## આટલું જ નહીં, અમુક ટુકડા પોતાની દુકાનમાં દાટી દીધા

અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભિવંડીમાં બનેલી આંચકાજનક ઘટનામાં શરમજનક કૃત્ય જોઈ લેનારા ૧૭ વર્ષના સગીરની હત્યા કરી મૌલવીએ તેના શરીરના ટુકડા કર્યા હતા. અમુક ટુકડા કચરામાં ફેંક્યા હતા, જ્યારે માથું અને શરીરના કેટલાક ભાગ મૌલવીએ તેની દુકાનમાં જ દાટી દીધા હતા. આરોપી આસામથી પકડાયા પછી પાંચ વર્ષ અગાઉના આ ભયાનક હત્યાકાંડનો પર્દાફાશ થયો હતો.

થાણે ક્રાઈમ બ્રાન્ચના પ્રોપર્ટી સેલના સિનિયર ઈન્સ્પેક્ટર ગોરખનાથ ઘાર્ગેની ટીમે પકડી પાડેલા આરોપીની ઓળખ ગુલામ રબ્બાની શેખ તરીકે થઈ હતી. ભિવંડીમાં નવી બસ્તી ખાતેના નેહરુ નગર પરિસરમાં કરિયાણાની દુકાન ધરાવતો શેખ મસ્જિદમાં બાંગ પોકારવાનું કામ કરતો. મૌલાના તરીકે ઓળખાતો શેખ લોકોનાં દુઃખ-દર્દમાં સલાહ આપી તેનું નિરાકરણ કરવાનું કાર્ય પણ કરતો.

પોલીસના જણાવ્યા મુજબ નેહરુ નગરમાં જ રહેતો ૧૭ વર્ષનો શોએબ શેખ ૨૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ એકાએક ગુમ થઈ ગયો હતો. ભિવંડી શહેર પોલીસે આ પ્રકરણે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ત્રણ વર્ષ વીત્યાં છતાં પોલીસ શોએબને શોધી શકી નહોતી. આખરે ૨૦૨૩માં સ્થાનિક રહેવાસીઓ પાસેથી મળેલી માહિતીને આધારે શોએબની હત્યા થઈ હોવાની અને તેમાં

(જુઓ પાનું ૪) ▶▶

# નાશિકમાં દરગાહના ડિમોલિશન વખતે હિંસાઃ પથ્થરમારામાં ૨૧ પોલીસ જખમી

## ટોળાને વીખેરવા પોલીસનો લાઠીચાર્જ-ટીયરગૅસનો ઉપયોગઃ ૧૫ તોફાનીઓ તાબામાં, ૫૭ બાઈક જપ્ત

નાશિકઃ નાશિકમાં અનધિકૃત દરગાહના ડિમોલિશનનો વિરોધ કરનારા લોકો હિંસા પર ઊતરી આવ્યા હતા. એકઠા થયેલા લોકોએ પથ્થરમારો કરતાં ૨૧ પોલીસ પોલીસ કર્મચારી ઘવાયા હતા, જ્યારે ત્રણ પોલીસ વાહનને નુકસાન થયું હતું. ટોળાને વીખેરવા પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો અને ટીયરગૅસના સેલ્સનો ઉપયોગ કર્યો હતો. તોફાન કરવા બદલ પોલીસે ૧૫ જણને તાબામાં લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

નાશિકના પોલીસ કમિશનર સંદીપ કર્ણિકે જણાવ્યું હતું કે ઘટના મંગળવારની રાતે બની હતી. હાઈ કોર્ટના આદેશને અનુસરીને સતપીર દરગાહના ટ્રસ્ટીઓએ ગેરકાયદે બાંધકામ હટાવવાની પ્રક્રિયા હાથ ધરી હતી. આ વાતની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર કિરણકુમાર ચવાણે જણાવ્યું હતું કે રાતે ૧૧.૩૦ વાગ્યે દરગાહ હટાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તે જ સમયે દરગાહ નજીકના ઉસ્માનિયા ચોક ખાતે એકઠા થયેલા ટોળાએ હંગામો મચાવ્યો હતો. પોલીસ સહિત દરગાહના ટ્રસ્ટીઓ અને મુસ્લિમ નેતાઓએ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. જોકે લોકો કોઈની વાત માનવા તૈયાર નહોતા.

નાશિક મહાનગરપાલિકાના કર્મચારીઓ ગેરકાયદે બાંધકામના ડિમોલિશન માટે ગયા હોવાથી પોલીસ સુરક્ષા પૂરી પાડવામાં આવી

(જુઓ પાનું ૪) ▶▶

# લાડકી બહેન યોજના બંધ જ સમજી લોઃ આદિત્ય ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર સરકારની મુખ્ય લાડકી બહેન યોજના 'વત્તા ઓછા અંશે સમાપ્ત' થઈ ગઈ છે અને સરકાર લાખો મહિલાઓને લાભાર્થીઓની યાદીમાંથી દૂર કરવાની યોજના બનાવી રહી છે.

નાશિકમાં પાર્ટીના એક કાર્યક્રમમાં બોલતા આદિત્ય ઠાકરેએ એવો દાવો કર્યો હતો કે દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકાર ફક્ત ચૂંટણી પંચના 'આશીર્વાદ'ને કારણે સત્તામાં છે અને શાસક મહાયુતિ ગઠબંધનને 'રાક્ષસી' ગણાવ્યું હતું.

સેના (યુબીટી)ના નેતાની આ ટિપ્પણી નાણા વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના એવા નિવેદન કે 'લાડકી બહેન યોજના માટે બજેટ ફાળવણી કરવામાં આવી છે અને તેને રદ

(જુઓ પાનું ૪) ▶▶

## લાડકી બહેન યોજના ચાલુ રહેશે, રદ કરવાનો કોઈ પ્રશ્ન જ નથીઃ અજિત પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે મહિલાઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટેની સરકારની લાડકી બહેન યોજના ચાલુ રહેશે અને તેને રદ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી.

'મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજના' હેઠળ મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. ગયા વર્ષે રાજ્યની ચૂંટણીમાં શાસક મહાયુતિ (ભાજપ, શિવસેના અને અજિત પવારની એનસીપી)ની જીતમાં આ યોજનાએ મુખ્ય ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે.

મંગળવારે રાત્રે રાજ્યના નાણા પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે, 'યોજનાના અમલ માટે બજેટમાં ફાળવણી કરવામાં આવી છે અને તેને રદ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી.'

(જુઓ પાનું ૪) ▶▶

# અમારા આદેશ પહેલા કુણાલ કામરાની ધરપકડ નહીંઃ હાઇ કોર્ટ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સામે કથિતપણે બદનક્ષીભરી કમેન્ટ્સ કરવા બદલ પોતાની સામે થયેલો એફઆઈઆર રદ કરવાની દાદ ચાહતી કોમેડિયન કુણાલ કામરાની અરજી પર બોમ્બે હાઈ કોર્ટે બુધવારે પોતાનો આદેશ અનામત રાખ્યો હતો અને કહ્યું હતું કે ચુકાદો આવે નહીં ત્યાં સુધી કુણાલ કામરાની ધરપકડ કરવાની જરૂર નથી.

જસ્ટિસ એસ. કોટવાલ અને એસ. મોડકનો સમાવેશ કરતી ખંડપીઠે બંને બાજુની દલીલો સાંભળ્યા પછી આ મામલે પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. અદાલત આદેશ ન આપે ત્યાં સુધી કુણાલ કામરાની ધરપકડ નહીં કરવાનું પણ પોલીસને જણાવાયું હતું.

કોમેડી શો દરમ્યાન શિંદેને ગદ્દાર આડકતરી રીતે કહેવા બદલ ખાર પોલીસ સ્ટેશનમાં કામરા સામે એફઆઈઆર નોંધાયો છે. શિવસેના વિધાનસભ્યની ફરિયાદના આધારે નોંધાયેલા એફઆઈઆર સામે હાઈ

(જુઓ પાનું ૪) ▶▶

# હિન્દુત્વનો ત્યાગ કર્યો નથી પણ ભાજપનું 'બીબાઢાળ' સંસ્કરણ અસ્વીકાર્યઃ ઉદ્ધવ ઠાકરે

નાશિકઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે હિન્દુત્વ વિચારધારાનો ત્યાગ કર્યો નથી, પરંતુ તેમના ભૂતપૂર્વ સાથી ભાજપનું 'બીબાઢાળ' હિન્દુત્વ તેમને સ્વીકાર્ય નથી. ઉત્તર મહારાષ્ટ્રના નાશિક ખાતે તેમના પક્ષના મેળાવડામાં બોલતા, તેમણે એવું પણ સૂચન કર્યું કે રાજ્યમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર મુંબઈમાં રાજભવન પરિસરને છત્રપતિ શિવાજી મહારાજના સ્મારકમાં ફેરવે અને રાજ્યપાલને અન્ય કોઈ જગ્યાએ ખસેડે. અવિભાજિત શિવસેના વગર ભાજપ આજે જ્યાં છે એ તબક્કે પહોંચી શક્યો ન હોત, જ્યાં તે અયોધ્યામાં રામ મંદિર બનાવી શકે છે, એમ ૨૦૧૯માં ભગવા પક્ષથી અલગ થયેલા ઠાકરેએ જણાવ્યું હતું. ભાજપે ખોટી વાર્તા ફેલાવી હતી કે શિવસેના (યુબીટી)એ હિન્દુત્વનો ત્યાગ કર્યો છે, તેમણે એમ પણ કહ્યું હતું કે મુસ્લિમોએ તેમના પક્ષને ફક્ત એટલા માટે સમર્થન આપ્યું હતું કારણ કે મુખ્ય પ્રધાન તરીકે તેઓ બધા સાથે સમાન વર્તન કરતા હતા. ■

# ૧૦ દિવસમાં ત્રીજી વાર પવાર કાકા-ભત્રીજા એક મંચ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવાર અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ફરી એકવાર સાથે એક મંચ પર આવશે. ૨૧ એપ્રિલે પુણેના સાકર સંકુલ ખાતે સવારે નવ વાગ્યે એઆઈ સંબંધિત વિષયો પર ચર્ચા કરવા માટે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે, આ બંને નેતાઓ એકસાથે જોવા મળશે. અજિત પવાર અને શરદ પવાર છેલ્લા ૧૦ દિવસમાં ત્રીજી વખત સાથે આવશે. આનાથી રાજકીય વર્તુળોમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

છેલ્લા કેટલાક દિવસોમાં, શરદ પવાર અને અજિત પવાર કાર્યક્રમો માટે સાથે આવતા જોવા મળ્યા છે. રાજકીય વર્તુળોમાં આ અંગે અનેક ચર્ચા થઈ રહી છે. શું બંને નેતાઓ ફરી ભેગા થઈ જશે? આ પ્રશ્ન પણ ઉઠાવવામાં આવી રહ્યો છે. દરમિયાન, શરદ પવાર અને અજિત પવાર અગાઉ સાતારામાં રયત સંસ્થાની બેઠકમાં ભેગા થયા હતા. પછી, બંને નેતાઓ અજિત પવારના

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ-નાશિક વચ્ચે લોકલ ટ્રેન શરૂ કરવા વિશે ગંભીર વિચારણા

મુંબઈઃ નોકરી ધંધા અંગે દરરોજ હજારો લોકો મુંબઇની મુસાફરી કરે છે. ઘણા લોકો મુંબઈ અને નાશિક વચ્ચે એક્સપ્રેસ દ્વારા મુસાફરી કરે છે. એ માટે પંચવટી એક્સપ્રેસ સહિત ઘણી ટ્રેનોમાં નોકરિયાત વર્ગ દરરોજ મુસાફરી કરે છે. આ કર્મચારીઓ માટે એક મહત્વના અને રાહત આપનારા સમાચાર એ છે કે ટૂંક સમયમાં મુંબઈથી નાશિક સુધી લોકલ ટ્રેન સર્વિસ શરૂ થવાની સંભાવના હોવાથી આવન જાવન વધુ સરળ બનશે,

નાશિક સુધી લોકલ ટ્રેન શરૂ કરવામાં કસારા ઘાટની સમસ્યા હતી. પરંતુ હવે આ સમસ્યાનો ઉકેલ આવી જશે. નવી મનમાડ-કસારા રેલવે લાઈન માટે આખરી મંજૂરી અપાશે. આ રૂટમાં બે મોટી ટનલ અને ઉતાર-ચઢાવ ઓછા હોવાથી રેલ વ્યવહાર ઝડપી બનશે. લોકોનો પ્રવાસ આરામદાયક અને સરળ બનશે.

કસારા ઘાટથી મનમાડ રેલવે લાઇન ૧૪૦ કિ.મી. લાંબી છે અને આ માર્ગ પર સમાંતર રેલવે ટ્રેક નાખવામાં આવશે. નવી રેલ લાઈનથી ટનલનો વ્યાસ વધશે. ઇગતપુરી અને કસારા વચ્ચેના ઘાટ માર્ગ પરના કામથી રેલ મુસાફરી ઝડપી બનશે. નાસિક અને મુંબઈ વચ્ચે લોકલ ટ્રેન શરૂ કરવાનું સરળ બનશે.

કસારા ઘાટ અને મનમાડ વચ્ચે નવો રેલવે ટ્રેક ૧૪૦ કિ.મી.ના માર્ગ પર નાખવામાં આવશે. મધ્ય રેલવેએ આ અંગે પ્રાથમિક યોજના તૈયાર કરી હોવાના અહેવાલ છે. નવી લાઇન પર ન્યૂ નાશિક રોડ, ન્યૂ પાડળી, વૈતરણાનગર અને ચિંચલખૈર એમ ચાર નવા સ્ટેશન બનાવવામાં આવશે.

આ રેલવે લાઈન પર ૧૨ બોગદાં હશે. નવી રેલવે લાઇનથી સમય અને ઇંધણની બચત થશે. આ માટે મધ્ય રેલવેએ લગભગ ૪૦૦૦ કરોડ રૂપિયાનો પ્રાથમિક પ્લાન તૈયાર કર્યો છે. ■

# મેટ્રો-થ્રીના બીજા તબક્કા માટે જરૂર નવ રેકની અને મળી ૧૮ રેક

મુંબઈઃ અંડરગ્રાઉન્ટ મેટ્રો-થ્રીનો બીજો તબક્કો શરૂ કરવાની અંતિમ તૈયારીઓ થઈ રહી છે. આ બીજા તબક્કા માટે નવ રેકની જરૂર છે ત્યારે મેટ્રોના કાફલામાં પ્રત્યેક આઠ ડબ્બાની કુલ ૧૮ રેક સામેલ થઇ છે. તેથી મેટ્રો-વન અને મેટ્રો-ટૂ માટે કુલ ૨૮ રેક હોઇ તેનો ઉપયોગ આ માર્ગના ૧૬ સ્ટેશનના પ્રવાસ માટે થશે. મેટ્રો-થ્રીએ કુલ ૩૩ કિલોમીટર તથા ૨૭ સ્ટેશનની દેશની સૌથી લાંબી તથા રાજ્યની ૧૦૦ ટકા અંડરગ્રાઉન્ડ મેટ્રો છે. આરે જેવીએલઆરથી બીકેસી સુધીનો પ્રથમ તબક્કો સાતમી ઓક્ટોબર, ૨૦૨૪ના શરૂ થયો જે ૧૨.૯૯ કિ.મી.નો છે અને તેમાં ૧૦ સ્ટેશન છે. આ માર્ગ માટે નવ રેકની જરૂર હતી, પરંતુ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી)ના કાફલાંમાં ૧૦ રેક સામેલ થઇ હતી. પ્રવાસીઓનો બહુ ઓછો પ્રતિસાદ હોવાને કારણે હાલમાં ફક્ત ત્રણ રેકનો ઉપયોગ થઇ રહ્યો છે. એવામાં હવે બીજા તબક્કાનો માર્ગ શરૂ થવાનો હોઇ જરૂર કરતા નવ રેક વધુ છે. આ લાઇન ટૂ-એમાં ધારાવીથી આચાર્ય અત્રે ચોક (વરલી નાકા) એમ છ સ્ટેશન છે અને તે ૯.૭૭ કિ.મી.નો માર્ગ છે. તે શરૂ કરવાની તૈયારી અંતિમ તબક્કામાં છે. આ છ સ્ટેશન માટે નવ રેકની જરૂર છે તેથી બન્ને તબક્કાની વધારાની ૧૦ રેક સહિત કુલ ૨૮ રેક હાલમાં એમએમઆરસીના કાફલામાં આરે કારશેડ છે. ■

# ખુરશીઓ જ બદલાઈ છે...: એકનાથ શિંદેએ ફરી કર્યો સીએમપદનો ઉલ્લેખ




**સુસ્વાગતમ્...:** મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું બુધવારે અમરાવતી એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરાયું હતું. તેમની સાથે નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર.

અમરાવતીઃ 'પહેલાની સરકારમાં હું મુખ્ય પ્રધાન હતો, અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ નાયબ મુખ્ય પ્રધાન હતા. હવે ફડણવીસ મુખ્ય પ્રધાન છે, જ્યારે હું અને અજિત પવાર નાયબ મુખ્ય પ્રધાન છીએ. અમારી વચ્ચે ફક્ત ખુરશીઓ જ બદલાઈ છે,' એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વધુ એક વખત આ નિવેદન આપ્યું છે.

અજિત પવાર વારંવાર શિંદે પર કટાક્ષ કરતા જોવા મળે છે કે, 'મુખ્ય પ્રધાન પદ એકનાથ શિંદેના મગજમાંથી જતું નથી.' તેવી જ રીતે, બુધવારે શિંદેએ ફરી એકવાર જણાવ્યું છે કે ફક્ત ખુરશીઓ બદલવામાં આવી છે.

અમરાવતી એરપોર્ટના ઉદ્ઘાટન માટે આયોજિત એક કાર્યક્રમમાં એકનાથ શિંદેએ કહ્યું હતું કે, 'અમારી પાછલી સરકાર દરમિયાન, ઘણા પ્રોજેક્ટ્સ અને યોજનાઓ બંધ થઈ ગઈ હતી, પરંતુ અમે (મહાયુતિ) સત્તામાં આવ્યા અને રાજ્યના વિકાસ અને કલ્યાણકારી યોજનાઓ શરૂ થઈ. હું તે વિમાનનો પાઇલટ હતો. તે સમયે દેવેન્દ્ર

(જુઓ પાનું ૪) ▶▶

## અમારી સરકાર ડબલ એન્જિન, ડબલ બૂસ્ટરઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાયુતિ-એનડીએ સરકાર 'ડબલ એન્જિન-ડબલ બૂસ્ટર' સરકાર છે જેનો વિકાસ ઝડપી ગતિએ થઈ રહ્યો છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમના બે ડેપ્યુટી એકનાથ શિંદે અને અજિત પવારની હાજરીમાં જણાવ્યું હતું. બુધવારે વિદર્ભ ક્ષેત્રમાં અમરાવતી એરપોર્ટ કાર્યરત થયું હતું.

કેન્દ્રીય નાગરી ઉડ્ડયન પ્રધાન કિંજરાપુ રામમોહન નાયડુ અને નાગરી ઉડ્ડયન ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન મુરલીધર મોહોળ હાજર હતા.

અમારી સરકાર ડબલ એન્જિન સરકાર છે. અમે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કામ કરી રહ્યા છીએ. હું અહીં કહેવા માગું છું કે અમે ફક્ત ડબલ એન્જિન સરકાર નથી. અમે ખરેખર ડબલ એન્જિન-ડબલ બૂસ્ટર સરકાર છીએ, એમ ફડણવીસે કહ્યું હતું.

ભાજપ અને તેના સાથી પક્ષો - શિવસેના અને એનસીપી વચ્ચેના સત્તા સંઘર્ષને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાનનું નિવેદન મહત્વપૂર્ણ છે. આપણે બધા વિકાસ ભારત માટે મોદીના નેતૃત્વ હેઠળ કામ કરી રહ્યા છીએ, એમ અજિત પવારે કહ્યું હતું. અમરાવતીના બેલોરામાં સ્થિત

(જુઓ પાનું ૪) ▶▶

# સેન્સેક્સે ત્રીજા દિવસે આગેકૂચ ચાલુ રાખીને ૭૭,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરી, નિફ્ટીમાં ૧૦૮ પોઈન્ટનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વબજારના મિશ્ર અને નિરસ સંકેતને અવગણી બ્લુ ચિપ બેંકિંગ શેરોમાં ખરીદી અને નવા વિદેશી ભંડોળના પ્રવાહને આધારે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ બુધવારે સતત ત્રીજા દિવસે પણ આગેકૂચ ચાલુ રાખી હતી. રિટેલ ઇન્ફ્લેશન છ વર્ષના નીચલા સ્તરે સરક્યુ હોવાથી વ્યાજ દરમાં વધુ ઘટાડો થવાની આશા વચ્ચે બજારને લેવાલીનો ટેકો મળી રહ્યો હોવાનું સાધનોએ જણાવ્યું હતું.

વૈશ્વિક બજારના નબળા વલણને અવગણીને ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૩૦૯.૪૦ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા વધીને બે અઠવાડિયાના ઉચ્ચતમ સ્તર ૭૭,૦૪૪.૨૯ પોઇન્ટના સ્તર પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૫૬૬.૪૬ પોઈન્ટની અફડાતફડીમાં ૭૭,૧૧૦.૨૩ પોઇન્ટની ઊંચી સપાટી અને ૭૬,૫૪૩.૭૭ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૧૦૮.૬૫ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા વધીને ૨૩,૪૩૭.૨૦ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો.

એશિયાઇ બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, ટોકિયોનો નિક્કી - ૨૨૫ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નેગેટિવ ઝોનમાં સરક્યા હતા. જોકે, શાંઘાઇનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચી સપાટીએ બંધ થયો હતો. યુરોપના બજારોમાં ખૂલતા સત્રમાં નરમાઇ જોવા મળી હતી, જ્યારે અમેરિકન બજારો મંગળવારે નેગેટિવ ટેરિટરીમાં બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ઓઇલ ૦.૯૧ ટકા ઉછળીને ૬૫.૨૨ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

ઇન્ડસઇન્ડ બેન્કનો શેર ૭.૧૨ ટકા ઊછળ્યો હતો. સેન્સેક્સના અન્ય ટોપ ગેઇનર શેરોમાં એક્સિસ બેન્ક, અદાણી પોર્ટસ, એશિયન પેઇન્ટ્સ, ભારતી એરટેલ, સ્ટેટ બેન્ક અને આઇટીસીનો સમાવેશ હતો. સૌથી વધુ ઘટનારા બેન્ચમાર્કના શેરોમાં મારુતિ, ઇન્ફોસિસ, ટાટા મોટર્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, એનટીપીસી અને બજાજ ફાઇનાન્સનો સમાવેશ છે.

સેબીએ ફંડ ડાઇવર્ઝન અને ગવર્નન્સની ક્ષતિઓના કેસમાં ગેનસોલ અને તેના પ્રમોટર અનમોલ સિંઘ જગ્ગી તથા પુનીત સિંઘ જગ્ગીને આગામી આદેશ સુધી સિક્યુરિટી બજારમાં પ્રવેશ પર પ્રતિબંધ લાદ્યો હોવાથી ગેનસોલ એન્જિનિયરિંગના શેર પાંચ ટકાની નીચલી સર્કિટમાં અથડાયા હતા. એફઆઇઆઇએ અનેક સત્રોની સતત વેચવાલી બાદ પાછલા સત્રમાં બુધવારે રૂ. ૬૦૬૫.૭૮ કરોડની લેવાલી નોંધાવી હતી.

વિપ્રોએ ચોથા ક્વાર્ટરમાં ૨૬ ટકાના વધારા સાથે રૂ. ૩૫૬૯.૬૦ કરોડનો ચોખ્ખો નફો જાહેર કરવા સાથે એવી આગાહી કરી છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં આઇટી સર્વિસ રેવન્યૂમાં ૩.૫




ટકાનો ઘટાડો થઇ શકે છે. આકારણી વર્ષ ૨૦૧૬-૧૭ માટે યશ બેન્કને આઇટી વિભાગ તરફથી રૂ. ૨૪૪ કરોડની ડિમાન્ડ નોટિસ મળી છે.

ઇન્ફોસિસે ડીજીટલ ટ્રાન્સફોર્મેશન માટે સ્પાર્ક ડિજીટલ ટ્રાન્સફોર્મેશન સાથે ભાગીદારી કરી છે. પીએન્ડજીના મુખ્ય સીએસઆર પ્રોગ્રામ પીએન્ડજી શિક્ષાએ તેની બે દાયકાની ઉજવણીના ભાગરૂપે ટ્વેન્ટિ ટેલ્સ ઓફ ટ્રીમ્પ નામે ખાસ કોફી ટેબલ બુક લોન્ચ કરી છે. વીસ વર્ષમાં આ પ્રોગ્રામ હેઠળ વંચિત વર્ગના ૫૦ લાખ બાળકોને શિક્ષણ સહાય કરવામાં આવી છે. આઇસીઆઇસીઆઇ બેન્કે થાપણો પરના વ્યાજદર ૦.૨૫ ટકા ઘટાડ્યા છે.

આ તરફ અમેરિકા અને ચીન વચ્ચેનું વેપાર યુદ્ધ સતત ચાલુ હોવાથી ગ્લોબલ ઇક્વિટી માર્કેટને ખલેલ પહોંચી રહી છે. જોકે, તેનાથી ભારતને લાભ થશે એવી આશા વચ્ચે ભારતીય ઇક્વિટી માર્કેટને થોડો ટેકો મળી રહ્યો છે. બજારના સાધનો માને છે કે રોકાણકારોની નજર કોર્પોરેટ પરિણામ પર છે, અને તેમાં નરમાઇના અણસાર સૂચવે છે કે આગળ ઉછાળે વેચવાલીનો તાલ જોવા મળી શકે છે.

ચીનના માલ પર અમેરિકાના ટેરિફને કારણે વકરત જતા વેપાર યુદ્ધના નવા દાવમાં અમેરિકાએ હવે ચીનથી થતી આયાત પર ૨૪૫ ટકા સુધીના ટેરિફનો બોજ લાદ્યો છે. અમેરિકાએ અગાઉ લાદેલી ૧૪૫ ટકા ટેરિફના જવાબમાં બેઇજિંગે બોઇંગ જેટ ડિલિવરી અને વિમાનના ભાગોની ખરીદી અટકાવી દીધી હોવાથી અમેરિકાએ આ જકાત હવે ૨૪૫ ટકા જાહેર કરી છે. ચીને તેની એરલાઇન કંપનીઓને અમેરિકાથી કોઇપણ એરક્રાફ્ટ, કે તે સંબંધિત કોમ્પોનન્ટ કે પાર્ટસની ખરીદી સ્થગિત કરી દેવાનો આદેશ આપ્યો છે. ચીન કહે છે કે તે વેપાર યુદ્ધથી ડરતું નથી, તે આદરપૂર્ણ વાતચીત માટે હાકલ કરવાનું ચાલુ રાખશે. દરમિયાન, ટ્રમ્પ ટ્રેડ ડીલ માટે ઓપન છે, પરંતુ ભારપૂર્વક કહે છે કે પહેલું પગલું ચીને ભરવું જોઈએ.

આ તરફ ટ્રમ્પે સ્માર્ટફોન, કમ્પ્યુટર અને અન્ય ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓને તેમના ટેરિફમાંથી અસ્થાયી રૂપે મુક્તિ આપવાની જાહેરાત કરી હોવાથી વિશ્વબજારમાં સુધારો જોવા મળ્યો હતો. ટ્રમ્પે એમ પણ સૂચવ્યું કે તેઓ પહેલાથી જ અમલમાં રહેલા ઓટોમોબાઇલ્સ માટે ૨૫ ટકા લેવી પર મુક્તિ આપી શકે છે, જેના કારણે ઓટો શેરોમાં તેજી આવી છે. તાજેતરની ટેરિફ ગોઠવણો સૂચવે છે કે વ્હાઇટ હાઉસ અમેરિકન ગ્રાહકો અને વ્યાપક અર્થતંત્ર પરના દબાણને ઓળખી રહ્યું છે.

યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો પરની કેટલીક ટેરિફમાં રાહત આપ્યાની જાહેરાત અને ઓટોમોબાઇલ્સ માટે ડ્યૂટીમાં સુધારો કરવાના સંકેત આપ્યા પછી વૈશ્વિક બજારોમાં આવેલી તેજી સાથે મંગળવારે સેન્સેક્સ ૧,૫૭૭.૬૩ પોઈન્ટ અથવા ૨.૧૦ ટકા ઉછળીને ૭૬,૭૩૪.૮૯ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૭૫૦.૩૭ પોઈન્ટ અથવા ૨.૩૨ ટકા વધીને ૭૬,૯૦૭.૬૩ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. એ જ રીતે, એનએસઇનો નિફ્ટી ઇન્ડેક્સ ૫૦૦ પોઈન્ટ અથવા ૨.૧૯ ટકા વધીને ૨૩,૩૨૮.૫૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

## વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમમાં અત્યાર સુધીમાં ઘઉંની સરકારી પ્રાપ્તિ ૬૦ લાખ ટન

નવી દિલ્હીઃ ગત પહેલી એપ્રિલથી શરૂ થયેલી વર્ષ ૨૦૨૫-૨૬ની માર્કેટિંગ મોસમમાં અત્યાર સુધીમાં ઘઉંની સરકારી પ્રાપ્તિ ૬૦ લાખ ટનની થઈ હોવાનું ગત મંગળવારે અનાજ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે વર્તમાન મોસમ માટે સરકારે ૩.૧ કરોડ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો છે, જેમાંથી અંદાજે બે કરોડ ટનની પ્રાપ્તિ મુખ્ય ઉત્પાદક રાજ્ય પંજાબ અને હરિયાણામાંથી થવાનો અને શેષ પ્રાપ્તિ અન્ય રાજ્યોમાંથી થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જોકે, વર્તમાન પાક વર્ષ ૨૦૨૪-૨૫ (જુલાઈ-જૂન)માં દેશમાં ઘઉંનું ઉત્પાદન વધીને ૧૧.૫ કરોડ ટન થવાનો અંદાજ કૃષિ મંત્રાલયે મૂક્યો હોવા છતાં પ્રાપ્તિ માટેનો લક્ષ્યાંક નીચો રાખવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં મુખ્યત્વે મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાંથી પ્રાપ્તિ કરવામાં આવી છે. જોકે, પંજાબ અને હરિયાણામાંથી પ્રાપ્તિ આગામી દિવસોમાં વેગ પકડે તેવી શક્યતા એક અધિકારીએ વ્યક્ત કરી છે. એકંદરે આ વર્ષે ઊપજ સારી છે અને પ્રાપ્તિનો લક્ષ્યાંક હાંસલ થઈ જશે, એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૪-૨૫ની માર્કેટિંગ મોસમમાં કુલ પ્રાપ્તિ સરકારના ૩.૦થી ૩.૨ કરોડનાં લક્ષ્યાંક સામે ઘટીને ૨.૬૬ કરોડની સપાટીએ રહી હતી તેમ છતાં પ્રાપ્તિ આગલા વર્ષના ૨.૬૨ કરોડ ટન સામે વધુ રહી હતી તે વર્ષ માટે લક્ષ્યાંક ૩.૪૧૫ કરોડ ટનનો મૂકવામાં આવ્યો હતો.

કૃષિ મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ૩.૨ કરોડ હેક્ટરમાં થયેલા વાવેતર પૈકી અત્યાર સુધીમાં ખેડૂતોએ ૩૮ ટકા લણણી કરી છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને બિહારમાં લણણીની સ્થિતિ સારી છે. ઉલ્લેખનીય બાબત એ છે કે ખાદ્યાન્નની સલામતી, ખેડૂતોને વળતરદાયી ભાવની બાંયધરી અને જાહેર વિતરણ યંત્રણા હેઠળ બફર સ્ટોકની જાળવણી માટે ઘઉંની પ્રાપ્તિ બહુ મહત્ત્વની છે. સામાન્યપણે પ્રાપ્તિની પ્રક્રિયા ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા અને રાજ્યસ્તરની એજન્સીઓ હાથ ધરતી હોય છે. નોંધનીય બાબત એ છે કે ઘઉંના વૈશ્વિક ઉત્પાદનમાં ભારત ચીન પછી બીજો ક્રમાંક ધરાવે છે.

## નાણાકીય વર્ષ ૨૦૨૫માં જેમ્સ અને જ્વેલરીની નિકાસ ૧૧.૭૨ ટકા ઘટી

મુંબઈઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૫માં રાજકીય-ભૌગોલિક તણાવ વચ્ચે દેશની જેમ્સ અને જ્વેલરીની નિકાસ આગલા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નાં ૩૨.૨ અબજ ડૉલર (રૂ. ૨.૬૭ લાખ કરોડ) સામે ૧૧.૭૨ ટકા ઘટીને ૨૮.૫ અબજ ડૉલર (અંદાજે રૂ. ૨.૪૧ લાખ કરોડ)ની સપાટીએ રહી હોવાનું જેમ્સ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે તાજેતરમાં એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

જોકે, ગત માર્ચ મહિનાની નિકાસ આગલા માર્ચ, ૨૦૨૪નાં ૨૫૫.૬૯૭ કરોડ ડૉલર (રૂ. ૨૧,૨૨૮.૭૧ કરોડ) સામે સાધારણ ૧.૦૨ ટકાના સુધારા સાથે ૨૫૮.૨૯૭ કરોડ ડૉલરના સ્તરે રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. એકંદરે ગત નાણાકીય વર્ષમાં ખાસ કરીને રાજકીય-ભૌગોલિક તણાવને કારણે ભારતીય જેમ્સ અને જ્વેલરીનાં મુખ્ય નિકાસ મથક ગણાતા અમેરિકા અને ચીનની માગ નબળી રહી હોવાથી કુલ નિકાસમાં ઘટાડો થયો છે, વધુમાં કાચા હીરાના ભાવમાં ૧૦થી ૧૫ ટકા જેટલો ઘટાડો થવાને કારણે કુલ નિકાસ મૂલ્યમાં ઘટાડો થયો હોવાનું કાઉન્સિલના ચેરમેન કિરીટ ભાનુશાલીએ પીટીઆઈને જણાવ્યું હતું. કાઉન્સિલની માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષમાં કટ અને પૉલિશ્ડ ડાયમંડની નિકાસ આગલા નાણાકીય વર્ષના ૧૫૯૬.૭૦૨ કરોડ ડૉલર (રૂ. ૧.૩૨ લાખ કરોડ) સામે ૧૬.૭૫ ટકા ઘટીને ૧૩૨૯.૨૦ કરોડ ડૉલર (રૂ. ૧.૧૨ લાખ કરોડ)નાં સ્તરે અને પૉલિશ્ડ લૅબ ગ્રોન ડાયમંડની નિકાસ આગલા નાણાકીય વર્ષના ૧૪૦.૨૪૪ કરોડ ડૉલર (રૂ. ૧૧,૬૧૨.૩૬ કરોડ) સામે ૯.૬૪ ટકા ઘટીને ૧૨૬.૭૨૬ કરોડ ડૉલર (રૂ. ૧૦,૭૧૬.૧૩ કરોડ ડૉલર)ના સ્તરે રહી હતી. વધુમાં ગત નાણાકીય વર્ષમાં સોનાનાં આભૂષણોની નિકાસ આગલા નાણાકીય વર્ષના ૧૧૨૨.૭૭૨ કરોડ ડૉલર (રૂ. ૯૩,૦૬૬.૮૨ કરોડ) સામે ૦.૧૧ ટકાના ઘટાડા સાથે ૧૧૨૧.૫૪૬ કરોડ ડૉલર (રૂ. ૯૪,૯૩૭.૭૮ કરોડ)ની સપાટીએ અને ચાંદીનાં આભૂષણોની નિકાસ આગલા નાણાકીય વર્ષના ૧૬૧.૮૬૩ કરોડ ડૉલર (રૂ. ૧૩,૪૨૪.૪ કરોડ) સામે ૪૦.૫૮ ટકા ઘટીને ૯૬.૧૭૯ કરોડ ડૉલર (રૂ. ૮૧૧૫.૩૨ કરોડ)ની સપાટીએ રહી હતી. જોકે, ગત નાણાકીય વર્ષમાં પ્લેટિનમનાં આભૂષણોની નિકાસ આગલા નાણાકીય વર્ષના ૧૬.૩૪૮ કરોડ ડૉલર (રૂ. ૧૩૫૪.૪૧ કરોડ) સામે ૧૧.૭૯ ટકાની વૃદ્ધિ સામે ૧૮.૨૭૫ કરોડ ડૉલર (રૂ. ૧૫૪૭.૩ કરોડ)ની સપાટીએ રહી હતી, જ્યારે રંગીન રત્નોની નિકાસ આગલા નાણાકીય વર્ષના ૪૭.૮૭૧ કરોડ ડૉલર (રૂ. ૩૯૬૧.૯૮ કરોડ) સામે ૮.૦૧ ટકા ઘટીને ૪૪.૦૩૮ કરોડ ડૉલર (રૂ. ૩૭૨૯.૯૩ કરોડ)ની સપાટીએ રહી હોવાનું કાઉન્સિલે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

## વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ધાતુમાં જળવાતી પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતા તેમ જ ટ્રેડ વૉરને પગલે પુરવઠા ચેઈન ખોરવાઈ જવાની ભીતિ હેઠળ આજે વિશ્વ બજારમાં ધાતુ સહિતની કૉમૉડિટીઝના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર લીડ ઈન્ગોટ્સ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે જોવા મળેલા અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકના સુધારા તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલાં વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. ચારથી રૂ. ૩૪નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે જે ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૪ ઘટીને રૂ. ૨૭૨૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૭૩૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૮૩૯ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને અનુક્રમે રૂ. ૮૨૪ અને રૂ. ૮૧૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં ઘટતી બજારે સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી રહેતાં ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હતો તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૮૦૮, નિકલના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૩૪૭, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૮૨ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૨૩૬ અને રૂ. ૨૫૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૮૫ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૫૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

## ખપપૂરતા કામકાજે ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૩૦માં ટકેલા ધોરણે થયા હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીમાં નિરુત્સાહ તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૨થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ ઘટીને રૂ. ૪૦૧૨થી ૪૦૮૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૪૦૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



## ડૉલરની નબળાઈ સાથે રૂપિયામાં ૧૪ પૈસાની આગેકૂચ




(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારા ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત ત્રીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું અને સત્રના અંતે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે વધુ ૧૪ પૈસાના સુધારા સાથે ૮૫.૬૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો જોવા મળ્યો હોવાથી પણ રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૮૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૬૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૨ અને ઉપરમાં ૮૫.૫૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના સુધારા સાથે ખૂલતી જ ૮૫.૬૬ની સપાટીએ બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૫૭ ટકા ઘટીને ૯૯.૩૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮૮ ટકા ઘટીને એપ્રિલ, ૨૦૨૧ પછીની સૌથી નીચી બેરલદીઠ ૬૫.૨૪ ડૉલર આસપાસની સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૦૯.૪૦ પૉઈન્ટનો અને ૧૦૮.૬૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૦૬૫.૭૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## નિરસ માગે આયાતી તેલમાં નરમાઈ



મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૦૧ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૩ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. જોકે, તાજેતરમાં અમેરિકી રેસિપ્રોકલ ટૅરિફને ધ્યાનમાં લેતા વૈશ્વિક આર્થિક સ્તરે અનિશ્ચિતતાના માહોલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર ખપપૂરતા રહેતાં હાજરમાં આયાતી તેલમાં આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. દરમિયાન ગઈકાલે મોડી સાંજે સરકારે આયાતી તેલની ટૅરિફ વેલ્યુમાં ફેરફાર કર્યા હતા, જેમાં આરબીડી પામોલિનની ટૅરિફ જે ટનદીઠ ૧૧૭૭ ડૉલર હતી તે ઘટાડીને ૧૧૭૬ ડૉલર અને ક્રૂડ પામતેલ પરની ટૅરિફ જે ટનદીઠ ૧૧૫૮ ડૉલર હતી તે ઘટાડીને ૧૧૫૩ ડૉલર નિર્ધારિત કરી હતી, જ્યારે ક્રૂડ ડિગમ સોયાબીન તેલ પરની ટૅરિફ જે ટનદીઠ ૧૦૬૪ ડૉલર હતી તે વધારીને ૧૦૯૮ ડૉલર કરી હોવાના અહેવાલ હતા. તેમ જ તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૧૫ એપ્રિલ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા માર્ચ મહિનાના સમાન સમયગાળાના ૪,૨૦,૬૭૭ ટન સામે ૧૬.૯૫ ટકા વધીને ૪,૯૧,૯૮૪ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં અદાણીના સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦ અને રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૫થી ૧૩૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ. ૧૩૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૩૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવ ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### કચ્છમાં દબાણકારો વિરુદ્ધ ડિમોલિશનનો શંખનાદ:

# પ્રથમ દિવસે જ અબડાસા, મુંદરા અને ભચાઉમાં હજારો એકર સરકારી જમીનને દબાણમુક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ૧૫મી એપ્રિલથી સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશના પ્રથમ દિવસે જ અબડાસાનાં મોથાળા અને ધુફીના ધોરીમાર્ગ પર સરકારી જમીન પર નવ પાકાં બાંધકામ, મુંદરા તાલુકાના ધ્રબ ગામના સીમાડામાં ત્રણ હોટેલ-રેસ્ટોરન્ટ સહિત જુદાં-જુદાં સાત વ્યવસાયી સ્થાનનાં સ્વરૂપમાં ખડકી દેવામાં આવેલાં દબાણો, જ્યારે ભચાઉ શહેરમાં એક ગુનેગારના પાકાં બાંધકામ પર બુલડોઝર ફેરવી દેવામાં આવતાં દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે. અબડાસાના મામલતદાર અશ્વિન વ્યાસના જણાવ્યા પ્રમાણે મોથાળા અને ધુફી ગામમાં જાહેર માર્ગ પર સરકારી જમીન પર બનાવી દેવામાં આવેલાં બાંધકામ તોડી પાડવામાં આવ્યાં છે. મોથાળામાં ધોરીમાર્ગ પર કુલ ૧૪ દબાણ પૈકી આઠ દુકાન-હોટલ તોડી પાડીને બે હજાર ચોરસ મીટર સરકારી જમીનને સમથળ કરી દેવાઈ હતી.


(તસવીર- ઉત્સવ વૈદ્ય)

એવી જ રીતે સીમાવર્તી ગામ એવા ધુફીમાં પણ એક શખ્સ દ્વારા કરવામાં આવેલાં પાકાં અવૈધ બાંધકામને તોડી પાડવામાં આવ્યું હતું.

બીજી તરફ, મુંદરા તાલુકાનાં ધ્રબ ગામની સીમમાં ત્રણ હોટેલ-રેસ્ટોરન્ટ સહિત જુદાં-જુદાં સાત વ્યવસાયી સ્થાનનાં સ્વરૂપમાં થયેલી પેશકદમી દૂર કરી, અંદાજે ૯૫.૭૦ લાખ રૂપિયાનાં મૂલ્યની ૧૪૫૦ ચોરસ મીટર સરકાર હસ્તકની જમીનને ખુલ્લી કરાઈ હતી.

ધ્રબની સીમમાં સર્વે નંબર ૧૬૯ ખાતેની સરકારી પડતર ભૂમિ ઉપર ગેરકાયદે દબાણ કરીને ઊભા કરાયેલાં વિવિધ સાત વ્યવસાયી સ્થાનને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હોવાનું પ્રાંત અધિકારી બી.એચ.ઝાલાએ જણાવ્યું હતું. ■

# ભાવનગરમાં નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને બાળવિવાહ મુક્ત ભારત અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં ડો.બાબાસાહેબ આંબેડકર હોલમાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગનાં કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને ''બાળ વિવાહ મુક્ત ભારત'' અન્વયે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્યપ્રધાન નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, બાળલગ્ન એ ખૂબ જ ગંભીર સમસ્યા છે. દીકરીઓને ભણવાની ઉંમરે લગ્ન થાય છે ત્યારે તેના શિક્ષણની સાથે તેનો વિકાસ પણ રૂંધાય છે. બાળવિવાહ એક એવો પડકાર છે, જેની સામે આપણે સહુએ સાથે મળીને કામ કરવાનું છે. આ પીડાદાયક કુપ્રથા આપણી દીકરીઓના સપનાઓને રોળે છે અને તેમને આગળ વધતા તો રોકે છે, તેની સાથે દેશના વિકાસમાં પણ અવરોધરૂપ છે. બાળલગ્ન અટકે તે માટે આપણે સહુએ સાથે મળીને ગામે ગામ બાળલગ્ન અંગે લોકોને જાગૃત કરીએ, ક્યાંય પણ બાળલગ્ન અંગેની જાણકારી મળે તો ચાઈલ્ડ હેલ્પલાઇન નંબર ૧૦૯૮ પર જાણ કરવા, એકપણ બાળ લગ્ન ન થાય તે માટે દરેક વ્યક્તિને સંકલ્પબદ્ધ બનવા તેમણે અનુરોધ કર્યો હતો. ■

# આદિપુર બસ સ્ટેશન પાસે એસ.ટી.ની વોલ્વો બસે બે દ્વિચક્રી વાહનોને અડફેટે લેતાં એક વિદ્યાર્થિનીનું મોત, બેની હાલત નાજુક

ભુજ: સતત વાહનોની અવરજવરથી ગાજતા રહેનારા આદિપુર-ગાંધીધામ ધોરીમાર્ગ પર બુધવારે બપોરે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં આદિપુર બસ સ્ટેશન નજીક પુરપાટ દોડતી રાજ્ય પરિવહનની વોલ્વો બસે એક મોટરસાઇકલ અને રસ્તો ઓળંગતા એક્ટિવા સ્કૂટરને અડફેટમાં લેતાં એક્સ્ટર્નલ અભ્યાસ કરતી ૨૫ વર્ષીય વિદ્યાર્થિનીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે અન્ય બે લોકોને ગંભીર પ્રકારની ઈજા પહોંચી હતી. આ જીવલેણ અકસ્માતની ઘટના બપોરના ૩: ૩૦ કલાકની આસપાસ બની હતી. વિદ્યાર્થિની એક્ટિવા પર તેના સ્વજન સાથે જઈ રહી હતી. તે દરમિયાન પાછળથી મિસાઈલની જેમ ધસી આવેલી વોલ્વો બસે તેમને અડફેટે લીધા હતા. આદિપુર પોલીસ મથકના તપાસનીશ ગઢવીએ જણાવ્યું હતું કે, ઘટનાની પ્રાથમિક તપાસ ચાલી રહી છે. મૃતક વિદ્યાર્થિનીનું નામ હજુ સત્તાવાર રીતે જાણવા મળ્યું નથી. તેણીના મૃતદેહને આદિપુરની રામબાગ સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. ■

# અંજારના વરસામેડીમાં અજ્ઞાત વાહનની હડફેટે યુવાને અકાળે જીવ ખોયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અંજાર શહેરના પરા સમાન વરસામેડી ગામ નજીક પગપાળા જઈ રહેલા પંકજ દેબેશ્વર મોહન ખનીકર નામના ૨૩ વર્ષીય યુવકનું અજ્ઞાત વાહન તળે મોત થયું હતું, ગાંધીધામ શહેરના જવાહર નગરમાં ત્રીજા માળેથી નીચે પટકાતાં ધનેશ બર્મન અમૃતલાલ બર્મન (ઉ.વ. ૫૫)એ જીવ ખોયો હતો. જ્યારે ગાંધીધામની નૂરી મસ્જિદ નજીકથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો, તેમજ અબડાસા તાલુકાનાં વિંઝાણમાં શરીફાબાઇ જુસબ કુંભાર નામની ૪૦ વર્ષીય મહિલાએ એસિડ પી જઈને આપઘાત કરી લીધો હતો. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, વરસામેડીમાં કમલ ટિમ્બરમાં કામ કરી ત્યાં જ શ્રમિક વસાહતમાં રહેનાર પંકજ પગપાળા ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે કોઈ અજાણ્યા વાહનની ઠોકર લાગતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. યુવકને તાત્કાલિક સારવાર અર્થે લઈ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ■

# યાત્રીયોની સુવિધા માટે લાંબા અંતરની તમામ ટ્રેનોમાં બંને તરફ જનરલ કોચ લગાવવામાં આવશે

ભાવનગર: યાત્રીયોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે બોર્ડે તમામ લાંબા અંતરની ટ્રેનોમાં બંને તરફ જનરલ કોચ લગાવવાનો નિર્ણય લીધો હતો. પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનમાં પણ તેની શરૂઆત કરવામાં આવી છે. ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપી હતી કે રેલવે બોર્ડની સૂચના મુજબ ભાવનગર ટર્મિનસથી ચાલતી ટ્રેન નંબર ૧૨૯૭૨ ભાવનગર-બાંદ્રા દૈનિક સુપરફાસ્ટમાં ૧૬ એપ્રિલ, ૨૦૨૫થી શરૂ કરવામાં આવી છે. તબક્કાવાર રીતે ભાવનગરના લાંબા અંતરની તમામ ટ્રેનોમાં બંને તરફ જનરલ કોચ લગાવવામાં આવશે. જે ટ્રેનોમાં ચાર જનરલ કોચ છે, તેમાં બે કોચ આગળ અને બે પાછળના ભાગમાં લગાવવામાં આવશે. ■

# ભાવનગરમાં ગોળીબાર હનુમાનજી મંદિર ખાતે પૂ.મદનમોહનદાસજી બાપાની મૂર્તિ અનાવરણ મહોત્સવ યોજાશે

ભાવનગર: શહેરના પ્રસિદ્ધ શ્રી ગોળીબાર હનુમાનજી મંદિરના સદગુરુ ભગવાન શ્રી મદનમોહનદાસજી બાપાની મૂર્તિ અનાવરણ મહોત્સવનું આયોજન આગામી ૨૨ થી ૨૫ એપ્રિલ દરમ્યાન કરવામાં આવ્યું છે. શ્રી ગોળીબાર હનુમાનજી મંદિર ખાતે બનાવાયેલા ગુરુ મંદિર માં પૂજ્ય બાપાની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. આ પ્રસંગે ચાર દિવસીય મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ૨૨ મી તારીખે સત્યનારાયણ ભગવાનની કથા અને ૨૩ તારીખે ગોળીબાર ગૌશાળાની પ્રદક્ષિણા તેમજ પ્રભાતફેરી યોજવામાં આવશે તેમજ સવારે ૯ વાગે રામદરબાર યોજાશે સાંજે ભકતજનો દ્વારા ગુરુ વંદનાના નામે ભક્તિસભર ધાર્મિક કાર્યક્રમો યોજાશે તારીખ ૨૪મી ના રોજ સવારે ગીતાજીના ૧૮ અધ્યાયના પાઠ યોજાશે અને સાંજે સુંદરકાંડના પાઠ સહિત ધાર્મિક કાર્યકમો યોજાશે. તારીખ ૨૫ મી એ સવારે ૯.૩૦ કલાકે પરમ પૂજ્ય સદગુરુ ભગવાન શ્રી મદનમોહનદાસજી બાપાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. ■

# ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે સામાન્યથી વધુ સારા ચોમાસાનું પૂર્વાનુમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. આ સાથે હવામાન વિભાગે આ વખતનું ચોમાસું સારું રહેશે તે અંગેની પણ આગાહી કરી હતી. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર, એ. કે. દાસે જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ સાત દિવસ શુષ્ક રહેશે. હાલ પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ તરફના પવન ફૂંકાઈ રહ્યા છે. આ સાથે જ ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું છે. જેના કારણે ગુજરાતમાં બે દિવસ એટલે ૪૮ કલાક તાપમાન વધવાની આગાહી છે. જે બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઘટવાની આગાહી આપવામાં આવી છે. ૪૮ કલાક બાદ ગરમીમાંથી આંશિક રાહત મળશે.

એ. કે. દાસ વધુ માહિતી આપતા જણાવ્યું છે કે, બે દિવસ ૧૬ અને ૧૭મી એપ્રિલ હિટવેવની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગાહી છે. ૧૬ અને ૧૭ તારીખે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં અને સૌરાષ્ટ્રના કચ્છ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં ગરમીનું મોજું પ્રવર્તે તેવી શક્યતા છે. આ ત્રણ દિવસ યલો વોર્નિંગ સાથે હિટવેવ વોર્નિંગ પણ આપવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના દરિયાકિનારાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની આગાહી છે. આ ઉપરાંતના કોઈપણ વિસ્તારોમાં કોઈ ચેતવણી આપવામાં આવી નથી.

આ વખતના ચોમાસા અંગે તેમણે પૂર્વાનુમાન આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચોમાસાનો સારો વરસાદ થવાનું પૂર્વાનુમાન છે. ગુજરાતમાં સામાન્ય અથવા સામાન્યથી વધુ વરસાદ થવાનું પૂર્વાનુમાન છે. ગત વર્ષે ચોમાસાનો વરસાદ સામાન્ય કરતાં ૪૮ ટકા વધુ થયો હતો. આ વખતે પણ ગુજરાતમાં સારો વરસાદ થવાનું અનુમાન છે. ■

# વર્ટી એરપોર્ટ માટે સરકારે હાઈ લેવલ કમિટીની રચના કરી: એર ટેકસી માટે માર્ગ મોકળો બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારત સરકારના નાગરિક ઉડ્ડયન નિયામક દફતર (ડીજીસીએ) દ્વારા ગયા વર્ષે સપ્ટેમ્બરમાં દેશના તમામ રાજ્યોને વીપોર્ટ વિકસાવવા માટે એડવાઈઝરી જાહેર કરાઈ હતી. તેના પગલે ગુજરાત સરકારે પણ જોરદાર પગલું ભરી રાજ્યમાં વર્ટીપોર્ટ અને એર ટેક્સી સેવા શરૂ કરવા માટે હાઈ લેવલ કમિટીની રચના કરી છે. આ કમિટી વિવિધ મહાનગરોમાં યોગ્ય જગ્યાઓની પસંદગી કરીને એક વિસ્તૃત રિપોર્ટ રાજ્ય સરકારને સોંપશે.

વર્ટીપોર્ટ એટલે કે વર્ટીકલ ટેક-ઓફ એન્ડ લેન્ડિંગ (વીટોલ) માટે તૈયાર ખાસ પ્રકારના પ્લેટફોર્મ હોય છે, જ્યાંથી નાના હેલિકોપ્ટરો, ડ્રોન અથવા ઈવીટોલ એરક્રાફ્ટ ઉડી શકે અને ઊતરી શકે છે. આવી સેવાઓ દ્વારા લોકો ટૂંકા અંતરના પ્રવાસ માટે એર ટેક્સી તરીકે વિમાન સેવા લઈ શકે છે, જે ખાસ કરીને શહેરોમાં ટ્રાફિકને પાર કરવાની અનોખી તક પૂરી પાડી શકે છે.

આ પહેલ ગુજરાત માટે માત્ર ટેક્નોલોજી નહીં, પણ આરોગ્ય, સુરક્ષા અને શહેરી પરિવહન માટે પણ ક્રાંતિકારી બની શકે છે. ખાસ કરીને મેડિકલ ઈમરજન્સી, ઓર્ગન ટ્રાન્સપોર્ટ, લાઈફસેવિંગ દવાઓની હેરફેર અને આપત્તિના સમયે ઝડપથી રાહત પહોંચાડવા માટે એર ટેક્સી અને ડ્રોન સર્વિસ અત્યંત ઉપયોગી બની શકે છે.

રાજ્ય સરકારે આ યોજનાને આગળ ધપાવવા માટે રૂપરેખા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નીતિ અને ટેક્નોલોજી સિદ્ધાંતો પર આધારિત અભ્યાસ શરૂ કર્યો છે. વિશ્વભરના દેશો જેમ કે દુબઈ, યુએસ અને ચીનમાં ઈવીટોલ અને એર ટેક્સી સેવાઓ શરૂ થઈ છે, તેમ ગુજરાત પણ આવું પહેલું રાજ્ય બની શકે છે. હાઈ લેવલ કમિટીના તેનો રિપોર્ટ રાજ્ય સરકારને સોંપાશે. જો બધું યોગ્ય રીતે ચાલે તો ગુજરાત ૨૦૨૫ના અંત સુધીમાં પોતાના પહેલા વર્ટીપોર્ટથી એર ટેક્સી સેવા શરૂ કરી શકે છે. ■

# ગુજરાતમાં આરટીઈની ૯૩ હજાર બેઠકો સામે ૨,૩૭,૩૧૭ ફોર્મ ભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની ખાનગી સ્કૂલોમાં પહેલાં ધોરણમાં આરટીઈ (રાઇટ ટુ એજ્યુકેશન) હેઠળ વિનામૂલ્યે પ્રવેશ માટેની સરકારની ઓનલાઇન કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત આવક મર્યાદા વધાર્યા બાદ ફોર્મ ભરવાની વધારેલી મુદત મંગળવારે પૂરી થઈ હતી અને આ વર્ષે ૨.૩૭ લાખથી વધુ ફોર્મ ભરાયા છે. આવક મર્યાદા વધવાને કારણે ૪૫ હજાર ફોર્મ વધારે ભરાયા છે.

સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા આરટીઈ હેઠળ પ્રવેશ માટે દર વર્ષે માર્ચ-એપ્રિલમાં ઓનલાઇન કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જેમાં રાજ્યની ૧૦ હજારથી વધુ ખાનગી સ્કૂલોમાં પહેલાં ધોરણમાં ૨૫ ટકા બેઠકો પર ગરીબ, અનાથ, દિવ્યાંગ તેમજ અનામત કેટેગરી સહિતના વિવિધ ૧૩ કેટેગરીના બાળકોને મેરિટ-માપદંડોને આધારે વિનામૂલ્યે પ્રવેશ અપાય છે. આ વર્ષે ૯૩ હજાર જેટલી બેઠકો છે, જેની સામે આ વર્ષે કુલ ૨,૩૭,૩૧૭ ફોર્મ ભરાયા છે.

આરટીઈમાં વાલીની આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે ૧.૮૦ લાખ અને ગ્રામ્ય માટે ૧.૫૦ લાખ હતી, જે મુજબ આ વર્ષે ફોર્મ ભરવાનું શરૂ પણ થઈ ગયું હતું. પરંતુ, સરકારે ફોર્મ ભરવાની નિયત મુદત પૂરી થયા બાદ આવક મર્યાદા વધારીને શહેરી-ગ્રામ્ય તમામ માટે ૬ લાખ રૂપિયા કરવાની જાહેરાત કરી હતી, જેને પગલે આરટીઈમાં ફોર્મ ભરવાની મુદત વધારીને ૧૫ માર્ચ કરવામાં આવી હતી. મંગળવારે આ મુદત પૂરી થઈ ગઈ હતી. આવક મર્યાદા વધાર્યા બાદ ૪૪,૯૯૪ ફોર્મ ભરાયા છે. આમ, આવક મર્યાદા વધતાં વાલીઓને ફાયદો થયો છે. પરંતુ, હજારો બાળકો બેઠકો ઓછી હોવાના કારણે પ્રવેશથી વંચિત રહેશે. ■

# હવેથી હાઉસિંગ સોસાયટીઓને જીએસટી લાગુ પડશે, ઓડિટર, કન્સલ્ટન્ટની ફીનો બોજ પણ વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય બજેટમાં જે લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સમાં માસિક ૭૫૦૦ રૂપિયાથી વધુ મેન્ટેનન્સ હોય તેમના પર ૧૮ ટકા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) લાદવાની જોગવાઈ કરાઈ હતી. આ જોગવાઈનો અમલ શરૂ કરાતાં અમદાવાદમાં હજારો લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સ જીએસટીની ચપેટમાં આવી ગયા છે. ગુજરાતમાં લગભગ એક લાખથી વધારે લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સ અને બંગલાઓની બનેલી હાઉસિંગ સોસાટીઓને ૧૮ ટકા જીએસટી લાગુ પડશે.

જીએસટી અધિકારીઓ દ્વારા અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં તમામ લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સનો સર્વે શરૂ કરાયો છે. તેની સાથે સાથે ક્યાં ક્યાં એપાર્ટમેન્ટ્સમાં માસિક ૭૫૦૦ રૂપિયાથી વધારે મેન્ટેનન્સ લેવાય છે તેની વિગતો એકઠી કરવા માંડી છે. તેના આધારે જે હાઉસિંગ સોસાટીઓએ જીએસટી નંબર નથી લીધા તેમને નોટિસ આપીને જીએસટી નંબર મેળવી લેવા તાકીદ કરાશે.

એક અંદાજ પ્રમાણે અમદાવાદમાં ૩,૦૦૦થી વધારે લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સના રહીશોએ દર મહિને ૭૫૦૦ રૂપિયાના ૧૮ ટકા એટલે કે ઓછામાં ઓછો રૂપિયા ૧૩૫૦ જીએસટી ભરવો પડશે. આ જોગવાઈ તમામ રેસિડેન્શિયલ વેલફેર એસોસિયેશન્સ (આરડબલ્યૂએ)ને પણ લાગુ પડશે તેથી બંગલાઓની હાઉસિંગ સોસાયટીમાં રહેતા રહીશોએ પણ ૧૮ ટકા લેખે જીએસટી ચૂકવવો પડશે.

જીએસટીના પરિપત્ર પ્રમાણે, કોઈ હાઉસિંગ સોસાયટી એટલે કે રેસિડેન્શિયલ વેલફેર એસોસિયેશન (આરડબલ્યૂએ)નું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૨૦ લાખથી વધુ હોય અને કોઈ વ્યક્તિગત ફ્લેટ માલિક દર મહિને રૂ. ૭,૫૦૦થી વધુ રકમ મેન્ટેનન્સ તરીકે ચૂકવતો હોય તો ૧૮ ટકા જીએસટી ફક્ત રૂપિયા ૭,૫૦૦થી વધુની રકમ પર જ નહીં, પરંતુ સંપૂર્ણ મેન્ટેનન્સની રકમ પર લાગુ થશે. મતલબ કે, મેન્ટેનન્સ ૯૦૦૦ રૂપિયા આવતું હોય તો જીએસટી પૂરેપૂરી ૯૦૦૦ રૂપિયાની રકમ પર લાગુ પડશે, જે લોકો હાઉસિંગ સોસાયટી અથવા રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સમાં બે કે તેથી વધુ રહેણાક કે એપાર્ટમેન્ટ ધરાવતા હોય તેમણે પોતાની માલિકીના દરેક રહેણાક એપાર્ટમેન્ટ માટે દર મહિને જીએસટી ભરવાનો રહેશે.

રેસિડેન્શિયલ વેલફેર એસોસિયેશન્સ (આરડબલ્યૂએ)નું વાર્ષિક ટર્નઓવર ૨૦ લાખ રૂપિયાથી વધારે હોય અને મહિને મેન્ટેનન્સ ૭૫૦૦ રૂપિયાથી વધારે હોય એ તમામ સોસાયટીઓને ૧૮ ટકા જીએસટીનો નિયમ લાગુ પડશે. મહિને ૭૫૦૦ રૂપિયા મેન્ટેનન્સ હોય તેથી વાર્ષિક ૯૦ હજાર રૂપિયા મેન્ટેનન્સ થયું. આ સંજોગોમાં ૨૩ એપાર્ટમેન્ટ કે બંગલા હોય તો પણ ટર્નઓવર ૨૦ લાખ રૂપિયાથી વધારે થઈ જાય તેથી મોટા ભાગનાં લક્ઝુરીયસ એપાર્ટમેન્ટ્સ જીએસટીની ચપેટમાં આવી જશે. ૨૦ લાખના ટર્નઓવર પર ૧૮ ટકા લેખે ૩.૬૦ લાખ રૂપિયા જીએસટી ભરવાનો થશે. આ ઉપરાંત જીએસટી કન્સલ્ટન્ટને રાખવાની ફી, ઓડિટરનો ખર્ચ વગેરે પણ ગણતરીમાં લો તો એપાર્ટમેન્ટનો ખર્ચ પાંચ લાખ રૂપિયાની આસપાસ પહોંચી જશે.

કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટતા કરાઈ છે કે, રેસિડેન્શિયલ વેલફેર એસોસિયેશન્સ (આરડબલ્યૂએ) પરનો જીએસટી નવો નથી પણ છેક ૨૦૧૯થી અમલમાં છે. ૨૦૧૮માં જીએસટીનો અમલ શરૂ કરાયો ત્યારે જ આ જોગવાઈ હતી, પણ ૨૦૧૯માં મેન્ટેનન્સની મર્યાદા ૫૦૦૦ રૂપિયાથી વધારીને ૭૫૦૦ રૂપિયા કરવામાં આવી હતી. જો કે આ નિયમને મદ્રાસ હાઈ કોર્ટમાં પડકારાયો હતો અને હાઈ કોર્ટે ૨૦૨૩માં ચુકાદો આપ્યો હતો કે, તમામ રકમ પર જીએસટી ના લઈ શકાય. ■

# ગાંધીના ગુજરાતમાં દારૂબંધી કાયદો માત્ર કાગળ પર જ: આપ નેતા ગોપાલ ઈટાલિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરમાં કાયદો વ્યવસ્થાની કથળેલી સ્થિતિ બાબતે સુરત આમ આદમી પાર્ટીએ પો. કમિશનરને આવેદન પત્ર પાઠવ્યું હતું. આ સંદર્ભે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, ભારે દુ:ખની વાત છે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૪ મી જન્મ જયંતીના દિવસે જ સુરતમાં કાપોદ્રા વિસ્તારમાં બનેલી ઘટનાએ આખા શહેરમાં ચકચાર મચાવી દીધી છે, ત્યારે સવાલ એ થાય છે કે આ આખી ઘટના બનવા પાછળ જવાબદાર કોણ છે? દારૂના નશામાં ધૂર્ત અસામાજિક તત્ત્વો આવી ઘટનાને અંજામ આપે છે, એનો અર્થ એવો થયો કે મહાત્મા ગાંધીના ગુજરાતમાં કહેવાતી દારૂબંધી માત્ર કાયદા - કાગળ સુધી જ સીમિત છે, સુરત શહેરના કયા વિસ્તારોમાં દારૂ નથી મળતો?

ગોપાલ ઈટાલીયાએ વધુમાં જણાવ્યું હતું કે, દારૂની સાથે સાથે સુરત શહેરમાં ડ્રગ્સે પણ માઝા મૂકી છે ત્યારે આમ આદમી પાર્ટી સુરત શહેરના સજ્જન નાગરિકો વતી પોલીસ કમિશનરને ખાસ વિનંતી કરે છે કે આવી જઘન્ય ઘટનાઓ રોકવા માટે સ્પેશ્યલ આયોજન કરવામાં આવે, એવું આયોજન કે જે જમીનીસ્તર પર સાચા અર્થમાં લાગુ થાય, સુરત શહેરમાં દારૂ અને ડ્રગ્સના કારોબારને સંપૂર્ણ નષ્ટ કરવામાં આવે. આ ઘટનામાં જે આરોપી પકડાયો છે એના ઉપર કાયદાકીય રાહે સખ્ત પગલાંઓ લેવામાં આવે. પરિવારના લોકોની માગ છે કે હત્યારાને ફાંસીની સજા આપવામાં આવે. જે માટે કાયદાકીય રાહે સંપૂર્ણ કડકાઈ સાથે ક્યાંય પણ ઢીલ કે શેહશરમ રાખ્યા વગર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. જ્યાં હત્યાની જઘન્ય ઘટના બની છે ત્યાં તે જ વિસ્તારમાં દારૂના અડ્ડાઓ ચાલે છે એવી માહિતી મળી છે, આ દારૂના અડ્ડાઓ કોની મહેરબાનીથી ચાલે છે ? અને આ સિવાય પણ કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂના અડ્ડાઓ ક્યાં ક્યાં ચાલે છે એની તપાસ કરવામાં આવે અને આની પાછળ જેમની મહેરબાની હોય એમના ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ આમ આદમી પાર્ટી કરે છે. ■

# અમદાવાદ-ઉદયપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ થશે: આઠ એસી ચેર કાર કોચ હશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતીય રેલવે વિભાગ દ્વારા અમદાવાદથી ઉદયપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો, ગુજરાત અને રાજસ્થાન વચ્ચે આ ટ્રેન શરૂ થવાથી હજારો લોકોને ફાયદો થશે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ થતાની સાથે બંને રાજ્યો વચ્ચે મુસાફરી અને કનેક્ટિવિટી બંનેને પહેલા કરતા વધુ સારી બનશે. નોંધનીય છે કે, આ હવે સમય સાથે સાથે મુસાફરોને આરામદાયક અને આધુનિક મુસાફરીનો અનુભવ પણ થવાનો છે.

આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં સંપૂર્ણપણે આધુનિક ટેકનોલોજીથી સજ્જ આઠ એસી ચેર કાર કોચ હશે. આ સાથે આ કોચમાં સારી બેઠક વ્યવસ્થા, સ્વચ્છ વાતાવરણ અને હાઇ સ્પીડ જેવી સુવિધાઓ હશે જે મુસાફરોને આધુનિક મુસાફરીનો અનુભવ કરાવશે. રેલવેની આ પહેલના કારણે લોકોનો સમય બચશે અને સુવિધા બંને મળી રહેશે. આ નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અમદાવાદથી વાયા હિંમતનગર થઈને ઉદયપુર જશે. આ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ ચાલશે, પરંતુ મંગળવારે તેની સુવિધા બંધ રહેશે.

વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન રાજસ્થાનના ઉદયપુરથી સવારે ૬:૧૦ વાગે ઉપડશે જે એ જ દિવસે સવારે ૧૦:૨૫ વાગે અમદાવાદ આવી જશે. મળતી જાણકારી પ્રમાણે આ ટ્રેન હિંમતનગરમાં બે મિનિટ માટે ઊભી રહેશે.

ટ્રેન અમદાવાદના અસારવા રેલ્વે સ્ટેશનથી સાંજે ૫:૪૫ વાગ્યે ઉપડશે અને રાત્રે ૧૦:૦૦ વાગ્યે ઉદયપુર પહોંચશે. રાજસ્થાનથી આવતા મુસાફરોને એરપોર્ટ સાથે વધુ સારી કનેક્ટિવિટી મળે અને મેવાડ ક્ષેત્રના મોટી સંખ્યામાં લોકોને આ ટ્રેનનો લાભ મળી રહે તે માટે ઉદયપુરથી આવતી ટ્રેન માટે છેલ્લું સ્ટોપ અસારવા સ્ટેશન રાખવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદથી ઉદયપુર રોડથી જવામાં પાંચ કલાકનો સમય લાગે છે, પરંતુ વંદે ભારતના કારણે લોકો ઉદયપુરથી માત્ર ચાર કલાકમાં અમદાવાદ આવી જશે. ■